२०५ वर्ष

दैनिक
# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 192 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ સુદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 August 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૧૪ ઑગસ્ટ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u






मंगलसूत्र बनवाई शुल्क
७.९९%*
से शुरू

मंगलसूत्र महोत्सव

PNG
JEWELLERS

*शर्तें लागू। ऑफ़र 13 अगस्त से 13 सितम्बर 2026 तक उपलब्ध है।

विले पार्ले (पू) । ठाणे (प) । कल्याण (प) । बोरिवली (प) । पनवेल (प) । डोंबिवली (पू) । वाशी । अलीबाग । घोड़बंदर रोड (ठाणे) । भांडुप (प) । गोरेगांव (प) ।
विरार (प) । दादर (प) । उरण

टोल फ्री नं: १८०० २३३ ५००५ ( सुबह ११ – शाम ७) www.pngjewellers.com I info@pngadgil.com

INDIA I USA

# શ્રાવણ માસનો ઉત્સાહભેર પ્રારંભઃ સોમનાથથી સુરત સુધી શિવાલયોમાં ભક્તોનું ઘોડાપૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતી વિક્રમ સંવત ૨૦૮૨ના પવિત્ર શ્રાવણ માસનો ૧૩મી ઓગસ્ટથી રાજ્યભરમાં ભક્તિભાવપૂર્વક પ્રારંભ થયો હતો. શિવભક્તો માટે આરાધનાના પર્વ સમાન આ મહિનો ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી ચાલશે. શ્રાવણ માસની શરૂઆત થતાં જ સમગ્ર ગુજરાત શિવમય બની ગયું હતું અને મંદિરોમાં 'હર હર મહાદેવ' તથા 'ઓમ નમઃ શિવાય'ના નાદ ગુંજી ઉઠ્યા છે. આ પવિત્ર માસ દરમિયાન શ્રદ્ધાળુઓ ઉપવાસ રાખીને શિવલિંગ પર દૂધ અને બિલિપત્રનો અભિષેક કરી રહ્યા છે. આ વર્ષે શ્રાવણમાં નાગ પંચમી, રાંધણ છઠ, શીતળા સાતમ, જન્માષ્ટમી, રક્ષાબંધન અને સ્વાતંત્ર્ય દિવસ જેવા અનેક મહત્ત્વના તહેવારોની હારમાળા પણ ભક્તિના આ માહોલમાં રંગ ઉમેરશે.

સૌરાષ્ટ્રમાં શિવભક્તિનો અનેરો મહિમા જોવા મળ્યો હતો. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ દાદાની પ્રાતઃ મહાપૂજા કરવામાં આવી હતી. શ્રાવણના પ્રથમ દિવસની દાદાની મહાઆરતીનો લાભ લેવા હજારોની સંખ્યામાં શિવ ભક્તો ઊમટી પડ્યા હતા. સોમનાથ મંદિરમાં શ્રાવણ માસ નિમિતે મંદિર પરિસરમાં ૫૧ વેદી સાથે મહામૃત્યુંજય જાપની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા સ્થિત બાર જ્યોતિર્લિંગોમાંના એક એવા પવિત્ર નાગેશ્વર જ્યોતિર્લિંગ ધામમાં દેશભરમાંથી ભાવિકો ઊમટી પડ્યા હતા. વહેલી સવારથી જ અહીં 'બમ બમ ભોલે'નો જયઘોષ સાંભળવા મળ્યા હતા.

'છોટી કાશી' તરીકે પ્રખ્યાત જામનગરના શિવાલયોમાં પણ ભક્તોનું ઘોડાપૂર જોવા મળ્યું હતું. બીજી તરફ, રાજકોટના ઐતિહાસિક રામનાથ મહાદેવ મંદિરે પ્રથમ દિવસે જ મહાપૂજા, વિશેષ અભિષેક, લઘુરુદ્રી અને ભજન સંધ્યા સહિતના ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તો ઉત્સાહભેર ભાગ લઈ દાદાના દર્શન કર્યા હતા.

દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં પણ શ્રાવણનો પ્રારંભ ભારે ઉત્સાહથી થયો હતો. સુરતના અઠવા લાઇન્સ વિસ્તારમાં આવેલા સુપ્રસિદ્ધ 'ઇચ્છાનાથ મહાદેવ' મંદિરે શિવભક્તોની લાંબી કતારો લાગી હતી.

વિશેષ વાત એ છે કે આખા ગુજરાતમાં આ એકમાત્ર એવું ધાર્મિક સ્થળ છે જેનો સંપૂર્ણ વહીવટ કોઈ ટ્રસ્ટ નહીં પરંતુ સુરત પોલીસ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત, ભરૂચના જંબુસર પાસે કંબોઇમાં આવેલા સ્તંભેશ્વર તીર્થમાં પણ અનેરી આસ્થા જોવા મળી રહી હતી. આ એ જ અનોખું મંદિર છે જ્યાં દરિયામાં આવતી ભરતી વખતે શિવલિંગ જળમગ્ન થઈ જાય છે અને ખુદ સમુદ્ર દેવતા દિવસમાં છ વખત મહાદેવનો જળાભિષેક કરે છે. વડોદરા શહેર અને કરનાળીના કુબેર ભંડારીમાં પણ શિવભક્તોનું મહેરામણ ઊમટ્યું હતું.

ઉત્તર ગુજરાત અને ખેડા પંથકમાં પણ વહેલી પરોઢથી જ દેવાલયોમાં દર્શનાર્થીઓની ભીડ જામી હતી. ખેડાના રઢુ ગામે આવેલા પૌરાણિક કામનાથ મહાદેવ મંદિરમાં ભક્તો દર્શન માટે કતારબદ્ધ ઊભા જોવા મળ્યા હતા. સાબરકાંઠામાં હિંમતનગર ખાતે હાથમતી નદીના કિનારે બિરાજમાન ઝરણેશ્વર અને સ્વયંભૂ ભોલેશ્વર મહાદેવના મંદિરે પણ લોકોની અપાર શ્રદ્ધા જોવા મળી હતી. શિવપૂજા માટે અતિ પવિત્ર મનાતા એવા શ્રાવણના ચાર સોમવાર આ વર્ષે ૧૭ ઑગસ્ટ, ૨૪ ઑગસ્ટ, ૩૧ ઑગસ્ટ અને ૭ સપ્ટેમ્બરના રોજ આવી રહ્યા છે, જેને પગલે આગામી દિવસોમાં સમગ્ર રાજ્યમાં ભક્તિનો આ માહોલ વધુ ઘેરો બનશે.

# નફાના હેતુ વિના ઘરમાં જ રમાતા પત્તા જુગાર નહીંઃ ગુજરાત હાઈ કોર્ટનો ચુકાદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શ્રાવણ માસમાં ઘરમાં બેસીને પત્તા રમતા લોકો માટે ગુજરાત હાઈ કોર્ટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને રાહતરૂપ ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જો નફો કમાવવાના કોઈ ઉદ્દેશ્ય વિના, માત્ર મનોરંજન ખાતર ઘરમાં પત્તાની રમત રમાતી હોય, તો તે 'ગુજરાત પ્રિવેન્શન ઑફ ગેમ્બલિંગ એક્ટ, ૧૮૮૭' હેઠળ ગુનો બનતો નથી. આ અવલોકન સાથે હાઈ કોર્ટે અમદાવાદના આનંદનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી જુગાર અંગેની એફ.આઈ.આર. અને તેને સંબંધિત તમામ ફોજદારી કાર્યવાહીઓને રદ કરવાનો હુકમ કર્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જ્યાં સુધી સ્થળનો માલિક રમત રમાડવા માટે કોઈ ચાર્જ વસૂલતો ન હોય કે તેમાંથી કોઈ આર્થિક લાભ ન મેળવતો હોય, ત્યાં સુધી કોઈના પણ ખાનગી ઘરને કાયદાની ભાષામાં જુગારધામ કહી શકાય નહીં. આ ચુકાદાના આધાર રૂપ બનેલા વર્ષ ૨૦૨૧ના એક કેસની વિગતો જોઈએ તો, અમદાવાદના એક મકાનમાં જુગાર રમાતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન પાંચ વ્યક્તિ ડાઇનિંગ ટેબલ પર પત્તા અને અલગ-અલગ રંગના કોઈન્સ સાથે મળી આવતા પોલીસે જુગાર ધારા હેઠળ ગુનો નોંધ્યો હતો. જોકે, અરજદારોના વકીલે કોર્ટમાં દલીલ કરી હતી કે પોલીસ પાસે એવો કોઈ જ પુરાવો નહોતો જે સાબિત કરી શકે કે આ ઘરમાં વ્યવસાયિક ધોરણે જુગાર રમાડવામાં આવતો હતો. હાઈ કોર્ટે પણ નોંધ્યું કે એફ.આઈ.આર.માં ક્યાંય 'જુગારખાના' શબ્દનો ઉલ્લેખ નહોતો અને માત્ર ખિસ્સામાંથી પૈસા કે પત્તા-કોઈન્સ મળવાથી કોઈ સામાન્ય ઘર જુગારનો અડ્ડો બની જતું નથી. જો જુગારધામ જ સાબિત ન થાય, તો જુગાર રમવાનો ગુનો પણ ટકી શકે નહીં.

અગાઉ વર્ષ ૨૦૧૮માં પણ અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં બનેલી આવી જ એક ઘટનામાં હાઈ કોર્ટે પોલીસની કાર્યવાહી પર સવાલો ઉઠાવ્યા હતા. જસ્ટિસ પી. એમ. રાવલની કોર્ટે અવલોકન કર્યું હતું કે માત્ર બાતમી મળ્યાની ૨૩ મિનિટમાં જ ઉતાવળે સર્ચ વોરન્ટ મેળવી લેવું એ દર્શાવે છે કે સક્ષમ અધિકારીએ પૂરતી તપાસ કે મગજનો ઉપયોગ કર્યા વિના જ વોરન્ટ ઈશ્યૂ કરી દીધું હતું. આ કેસમાં પણ પાંચ લોકો પત્તા રમતા ઝડપાયા હતા, પરંતુ નફાના તત્ત્વનો અભાવ હોવાથી કોર્ટે તેને ગુનો માનવાનો ઇનકાર કર્યો હતો. ટૂંકમાં, હાઈ કોર્ટના આ ચુકાદાઓ સ્પષ્ટ કરે છે કે કોઈપણ આર્થિક ફાયદા કે વ્યવસાયિક હેતુ વગર પોતાના ખાનગી ઘરમાં માત્ર મનોરંજન માટે રમાતી પત્તાની રમતને પોલીસ જુગાર ગણીને કાર્યવાહી કરી શકે નહીં.

# રેગિંગનો રેસિડન્ટ ડૉક્ટરની આત્મહત્યા સાથે સીધો સંબંધ નથીઃ સુરત જીએમસીનો રિપોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રેસિડેન્ટ ડોક્ટર ડૉ. હર્ષલ પંડ્યાના મૃત્યુ બાદ વિવાદમાં આવી ગયેલી સુરતની ગુજરાત મેડિકલ કૉલેજ (જીએમસી)નો અહેવાલ બહાર આવ્યો હતો. તેમના અહેવાલ અનુસાર કૉલેજમાં પહેલા વર્ષના રેસિડેન્ટ ડોક્ટરર્સ સાથે રેગિંગ થતું હોવાની વાત સાબિત થઈ છે, પરંતુ ડૉ. પંડ્યાની આત્મહત્યા અને રેગિંગ વચ્ચે સીધો સંબંધ જણાતો નથી.

જીએમસી ડીન દ્વારા એન્ટિ-રેગિંગ કમિટી રિપોર્ટ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીને સોંપવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

તપાસમાં એ પણ જાણવા મળ્યું હતું કે માઇક્રોબાયોલોજી વિભાગના તમામ પ્રથમ વર્ષના નવ રેસિડેન્ટ ડોક્ટરો રેગિંગનો ભોગ બન્યા હતા. જોકે, રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડો. પંડ્યાના અકુદરતી મૃત્યુને સીધી રીતે રેગિંગ માટે જવાબદાર ઠેરવી શકાય નહીં, કારણ કે તેમના આ પગલા પાછળ અનેક કારણો હોઈ શકે છે. આ સાથે સંસ્થાને રેગિંગ મામલે કોઈ સત્તાવાર ફરિયાદ કે માહિતી ન આપવામાં આવી હોવાનું પણ અહેવાલ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ રિપોર્ટમાં બીજા વર્ષના કેટલાક રેસિડેન્ટ ડોક્ટરો દ્વારા પ્રથમ વર્ષના ડોક્ટર્સ સાથે અપમાનજનક વ્યવહાર થયો હતો અને તેમના પર કામનો બોજ પણ વધુ નાખવામાં આવતો હોવાનું જાણવા મળ્યું હતું. કમિટીએ તમામ સંબંધિતોના નિવેદનો સહિતની તપાસનો અહેવાલ સોંપ્યો છે. હવે વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીની એન્ટિ-રેગિંગ કમિટી પોતાની તપાસ શરૂ કરશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

# ગાંધીનગરમાં તસ્કરો ત્રાટક્યાઃ અમૂલ પ્લાન્ટમાંથી લાખો રૂપિયાના કોપર કેબલ ગાયબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ થોડા દિવસ પહેલા વડોદરાના નર્મદા ભવનમાં થયેલી વાયરોની ચોરી બાદ હવે રાજ્યના પાટનગર ગાંધીનગરના સેક્ટર ૨૫માં કાર્યરત અમૂલ ફેડ પેકેજિંગ ફિલ્મ પ્લાન્ટમાંથી લાખો રૂપિયાની કિંમતના કોપર વાયરની ચોરી થવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી હતી. સુરક્ષિત મનાતા આ પ્લાન્ટના કમ્પાઉન્ડમાં મૂકેલા ત્રણ ડ્રમમાંથી અજાણ્યા તસ્કરોએ રૂપિયા ૭.૧૬ લાખની કિંમતના વિવિધ સાઇઝના કોપર કેબલ વાયરોની ઉઠાંતરી કરી હોવાની પોલીસ ફરિયાદ ચોપડે નોંધાઈ છે. આ મામલે ગાંધીનગરના સેક્ટર ૨૧ પોલીસ મથકમાં અજાણ્યા શખસ સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

અમૂલ ફેડ પેકેજિંગ ફિલ્મ પ્લાન્ટમાં આસિસ્ટન્ટ જનરલ મેનેજર તરીકે છેલ્લા આઠ વર્ષથી ફરજ બજાવતા અજિતકુમાર રાણાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૨૪માં આયાત કરાયેલા કોપર કેબલ વાયરો પ્લાન્ટના કમ્પાઉન્ડમાં અલગ અલગ ત્રણ ડ્રમમાં મૂકવામાં આવ્યા હતા. આ વાયરોને મુખ્ય ડેરી ભાટ ખાતે મોકલવાના હોવાથી, ૭ ઑગસ્ટના રોજ તેઓ કોન્ટ્રાક્ટરને સાથે રાખીને આ વાયરોના ડ્રમ કેવી રીતે મોકલવા તે જોવા ગયા હતા. જોકે, ત્યાં પહોંચતા જ ત્રણેય ડ્રમ ખાલી હાલતમાં જોવા મળ્યા હતા. ચોરાયેલા મુદ્દામાલમાં મુખ્યત્વે ૪૬ મીટરનો કોપર કેબલ કે જેની કિંમત રૂ.૩,૮૨,૮૧૨ અને ૬૮ મીટરનો કોપર કેબલ જેની કિંમત રૂ. ૩૦૩૧૪૪ અને ૨૫ મીટરનો કોપર કેબલ જેની કિંમત રૂ. ૩૦૮૨૫ મળીને કુલ રૂપિયા ૭૧૬૭૮૧ને કિંમતી કોપર વાયરોનો સમાવેશ થાય છે. આ ઘટના બાદ તાત્કાલિક ધોરણે કંપનીના માણસો અને કોન્ટ્રાક્ટરોની આંતરિક પૂછપરછ કરવામાં આવી હતી, પરંતુ વાયરો અંગે કોઈ નક્કર માહિતી મળી શકી ન હતી. ત્યારબાદ ઉપરી કચેરીને આ બાબતની જાણ કરવામાં આવી હતી અને ચોરી થઈ હોવાનું નિશ્ચિત થતાં ૧૧ ઑગસ્ટના રોજ સાંજે પોલીસમાં સત્તાવાર ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. સેક્ટર ૨૧ પોલીસે અજિતકુમાર રાણાની ફરિયાદને આધારે અજાણ્યા ચોર ઇસમો સામે બી.એન.એસ.ની કલમ ૩૦૫ (એ) મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. થોડા દિવસ પહેલા, વડોદરાના નર્મદા ભવન કચેરીના રૂમ નંબર ૬૨૦ના મુખ્ય દરવાજાની નીચેના ભાગનું પ્લાય તોડીને તસ્કરોએ અંદર પ્રવેશ કર્યો હતો. તેઓ રૂમમાંથી ક્રોમ્પ્ટન કંપનીના ૧૦ સિલિંગ ફેન જેની કિંમત રૂ. ૧૦,૦૦૦ અને એન્કર કંપનીની ૧૨ એલઇડી લાઈટો જેની કિંમત રૂ. ૬૦૦૦ મળીને કુલ રૂ. ૧૬,૦૦૦ની મતાની ચોરી કરી ગયા હતા.

# કચ્છી સુરખાબ ધારણા કરતાં વધુ 'સ્થાનિક'

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છની વૈશ્વિક ઓળખ સમાન સુરખાબ (ફ્લેમિંગો) પક્ષી વિશે અત્યાર સુધી એવું માનવામાં આવતું હતું કે તેઓ મોટા પાયે દેશ-વિદેશમાં લાંબા અંતરનું સ્થળાંતર કરે છે. પરંતુ તાજેતરમાં સામે આવેલા એક વૈજ્ઞાનિક અભ્યાસે આ ધારણાને બદલી નાખી છે. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના સંશોધકો દ્વારા ચાર વર્ષ સુધી કરવામાં આવેલા બૃહદ જીપીએસ-ટ્રેકિંગ અભ્યાસ અનુસાર, સુરખાબ ધારણા કરતાં વધુ સ્થાનિક છે અને તેઓ તેમનું મોટાભાગનું જીવન કચ્છ ક્ષેત્રની અંદર જ વિતાવે છે.

'એવિયન રિસર્ચ' નામના વૈજ્ઞાનિક જર્નલમાં પ્રકાશિત અભ્યાસ વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના 'એન્ડેન્જર્ડ સ્પીસીસ મેનેજમેન્ટ' વિભાગના સંશોધકો હરિન્દ્ર બારૈયા, ગૌરવ સિરોલા, અંજુ બારોઠ અને આર. સુરેશ કુમાર દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. સંશોધકોએ મે ૨૦૧૯થી ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન જીપીએસ-જીએસએમ ટ્રાન્સમીટર વડે ચાર મોટા (ગ્રેટર) અને ચાર નાના (લેસર) મળી કુલ આઠ પુખ્ત સુરખાબની ગતિવિધિઓ પર સતત નજર રાખી હતી. આ સમયગાળા દરમિયાન ૬.૭ લાખથી વધુ લોકેશન રેકોર્ડ એકત્રિત કરવામાં આવ્યા હતા, જેના આધારે એશિયાના સૌથી મહત્ત્વપૂર્ણ સુરખાબ વસવાટ એવા કચ્છ ક્ષેત્રનો વિગતવાર નકશો તૈયાર કરાયો છે. અભ્યાસના આશ્ચર્યજનક પરિણામો દર્શાવે છે કે ટેગ કરાયેલા તમામ પક્ષીઓ મુખ્યત્વે કચ્છ વિસ્તારમાં જ રહ્યા હતા. આ પક્ષીઓ વરસાદ, પાણીનું સ્તર અને ખોરાકની ઉપલબ્ધતા મુજબ સ્થાનિક વેટલેન્ડ્સ વચ્ચે આવનજાવન કરે છે. તેઓ પ્રજનન ઋતુ દરમિયાન મોસમ આધારિત પાણીથી ભરાયેલા રણ વિસ્તારમાં રહે છે, જ્યારે વર્ષના બાકીના સમયમાં આંતરિક, દરિયાકાંઠાના અને ખારા વેટલેન્ડ્સમાં વસવાટ કરે છે.

# ડીસામાં સાકાર થશે એશિયાની પ્રથમ ડેઝર્ટ નાઈટ સફારી

## સૂર્યાસ્ત પછી નિશાચર પ્રાણીઓ નિહાળવાનો લહાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે એશિયાની પ્રથમ ડેઝર્ટ થીમ આધારિત ડ્રાઇવ-થ્રુ નાઈટ સફારી અને ડેઝર્ટ ઝૂલોજિકલ પાર્ક બનાવવાનો માર્ગ મોકળો બન્યો છે. સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી દ્વારા ગુજરાત વન વિભાગના આ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટને સત્તાવાર મંજૂરી આપી દેવામાં આવી છે. વન અને પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયાના જણાવ્યા અનુસાર, ડીસામાં ૧૦૩ હેક્ટર સરકારી જમીન પર આશરે રૂ.૫૪૨.૧૪ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ સાકાર કરવામાં આવશે. આ ઝૂલોજિકલ પાર્કમાં 'ડે ઝૂ' ની સાથે પાંચ ખાસ નાઈટ સફારી એન્ક્લોઝર બનાવવામાં આવશે, જેનાથી મુલાકાતીઓ સૂર્યાસ્ત પછી પણ નિશાચર પ્રાણીઓને નિહાળવાનો રોમાંચ માણી શકશે.

આ ડેઝર્ટ પાર્કમાં આશરે ૮૩ જેટલી પ્રજાતિઓના ૨૭૦૦ થી વધુ દેશી અને વિદેશી પ્રાણી-પક્ષીઓ રાખવામાં આવશે. ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડનના જણાવ્યા મુજબ, અહીં એશિયાટિક સિંહ, દીપડો, ચિંકારા, કાળિયાર, ઘુડખર અને રણ શિયાળ જેવા ભારતીય વન્યજીવો જોવા મળશે. આ ઉપરાંત, આફ્રિકન સિંહ, ચિત્તા, ઝીબ્રા, જિરાફ, શાહમૃગ, સિમ્પાન્ઝી તેમજ ઓસ્ટ્રેલિયન કાંગારૂ અને ઈમુ જેવા વિદેશી પ્રાણીઓ પણ આ પાર્કનું આકર્ષણ બનશે. મુલાકાતીઓ માટે રેપ્ટાઈલ સફારી, રેઈનફોરેસ્ટ બાયોમ, એક્વેરિયમ, બટરફલાય પાર્ક અને એવિયરી પણ વિકસાવવામાં આવશે, જે રણના શુષ્ક વાતાવરણ વચ્ચે એક અનોખો અનુભવ પૂરો પાડશે. વન અને પર્યાવરણ રાજ્ય પ્રધાન પ્રવીણ માળીએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ માત્ર પ્રવાસન પૂરતો સીમિત નહીં રહે, પરંતુ તે વન્યજીવ સંરક્ષણ, રેસ્ક્યૂ અને રિહેબિલિટેશન તેમજ પર્યાવરણીય શિક્ષણ માટેનું મહત્ત્વનું કેન્દ્ર પણ બની રહેશે. મુલાકાતીઓની સુવિધા માટે અહીં ઇન્ટરપ્રિટેશન સેન્ટર, ફૂડ કોર્ટ, ગોલ્ફ કોર્ટ અને સોવેનિયર શોપ જેવી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ડીસામાં કુદરતી રેતીના ઢૂવા, બનાસ નદી નજીક હોઇ અને ઉત્તમ રોડ-રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ હોવાથી વન વિભાગ દ્વારા આ ભવ્ય પ્રોજેક્ટ માટે આ સ્થળની વિશેષ પસંદગી કરવામાં આવી હોવાનો દાવો સૂત્રોએ કર્યો હતો.

# બે દિવસમાં મનપાને ૨૨૧ મચ્છર પેદા કરતી સાઈટ્સ મળી, પેલેડિયમ મૉલને દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૨૩ જુલાઈને બાદ કરતા ભારે વરસાદ વરસ્યો નથી, પરંતુ મોટેભાગે વરસાદી માહોલ રહે છે અને ક્યારેક એકાદ ઝાંપટું આવી જાય છે. સતત તડકાનો અભાવ અને ગંદકીને કારણે શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ વધી જવાની પૂરી સંભાવના છે ત્યારે મહાનગરપાલિકાની ટીમે સઘન ચેકિંગ શરૂ કર્યું છે.

આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે છેલ્લા બે દિવસમાં ચાર પૂર્વ ઝોનમાં મચ્છરોના ૧૪૮ બ્રિડિંગ સ્પોટ (મચ્છરોના પોરા)મળી આવ્યા છે, જ્યારે ત્રણ પશ્ચિમ ઝોનમાં મચ્છરોના ૭૩ બ્રિડિંગ સ્પોટ મળી આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે પૂર્વ અમદાવાદમાં બ્રિડિંગ સ્પોટ્સની સંખ્યા વધુ હોવાથી મલેરિયા અને ડેન્ગ્યૂના કેસોમાં વધારો થઈ રહ્યો છે, આરોગ્ય કેન્દ્રો અને ખાનગી ક્લિનિક્સમાં પણ તાવના દર્દીઓની સંખ્યા વધુ નોંધાઈ રહી છે.

દરમિયાન થલતેજમાં પેલેડિયમ મોલના છત પર એર કન્ડીશનીંગ યુનિટ પાસે ભરાયેલા પાણીમાં મચ્છરના લાર્વા પ્રજનન કરતા જોવા મળ્યા બાદ મનપાના આરોગ્ય વિભાગે તેના સંચાલકોને ₹૭૫,૦૦૦ નો દંડ ફટકાર્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ચોમાસા દરમિયાન વરસાદી પાણી ભરાઈ જવું એ સામાન્ય છે. પરંતુ કમર્શિયલ કોમ્પ્લેક્સ, મલ્ટીપ્લેક્સ, ફેક્ટરીઓ, શાળાઓ, કોલેજો અને બાંધકામ સ્થળો પણ બ્રિડિંગ સ્પોટ બની શકે છે. ખાસ કરીને એસી આસપાસની જગ્યામાં યોગ્ય સ્વચ્છતાના અભાવે મચ્છરો પેદા થાય છે. ચોમાસા દરમિયાન મચ્છરોની પ્રવૃત્તિમાં વધારો થવાને કારણે, સાતેય ઝોનના અધિકારીઓ અને મેલેરિયા વિભાગને નિરીક્ષણ કરવા અને જ્યાં નિયમોનો ભંગ દેખાય ત્યાં કડક કાર્યવાહી કરવાની સૂચના મનપાએ અધિકારીઓને આપી છે.

# અમદાવાદમાં રોગચાળાનો ભરડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં પડેલા ભારે વરસાદ બાદ શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હોવાનું નોંધાયું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) ના આરોગ્ય વિભાગ દ્વારા તાજેતરમાં જ રોગચાળા અંગેના જાહેર કરેલા આંકડાઓ અનુસાર, માત્ર ૧ થી ૯ ઓગસ્ટ સુધીના નવ દિવસના ટૂંકા ગાળામાં જ શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે આ સમયગાળામાં ઝાડા-ઊલટીના ૧૧૩, ટાઈફોઈડના ૪૬ અને કમળાના ૧૭ કેસ નોંધાયા હતા. મચ્છરજન્ય રોગોની વાત કરીએ તો, સાદા મલેરિયાના ૧૩ કેસ, ફાલ્સીપેરમ મલેરિયાનો ૧, ડેન્ગ્યૂના ૧૯ અને ચિકનગુનિયાનો ૧ કેસ નોંધાયો હતો. રોગચાળાને કાબૂમાં લેવાના ભાગરૂપે એએમસી દ્વારા આ નવ દિવસમાં ૧૬ હજાર કરતાં વધુ પાણીના સેમ્પલ રેસિડ્યુઅલ ક્લોરિન ટેસ્ટ માટે લેવામાં આવ્યા હતા, જેમાંથી ૬ સેમ્પલમાં ક્લોરિનનું પ્રમાણ શૂન્ય જણાયું હતું. જ્યારે બેક્ટેરિયોલોજીકલ એનાલિસિસ માટે લેવાયેલા આશરે અઢી હજાર જેટલા સેમ્પલમાંથી ૧૦ સેમ્પલ પીવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતા.

બીજી તરફ, વર્ષની શરૂઆતથી લઈને અત્યાર સુધીના આંકડાઓ પર નજર કરીએ તો, ઓગસ્ટ સુધીના સમયગાળામાં શહેરમાં મોટી સંખ્યામાં લોકો રોગચાળાનો ભોગ બન્યા હતા.

# ગુજરાતમાં આત્મહત્યાના ચાર બનાવમાં પાંચનાં મોત

## રિવરફ્રન્ટમાં કૂદતા પહેલા સગીરાએ વીડિયો બનાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લગભગ એક દિવસ એવો નથી જતો જ્યારે કોઈ આત્મહત્યાનો કિસ્સો ન બન્યો હોય. વધતી માનસિક તાણ અને નિરાશા કિશોરોથી માંડી વૃદ્ધોને પોતાના ભરડામાં લઈ રહી છે. ગુરુવારે ફરી અમદાવાદ અને સુરત તેમ જ કચ્છમાં આત્મહત્યાના કેસ નોંધાયા હતા.

સુરતમાં એક સગીરા સહિત પ્રેમીયુગલે ઝાડ પર ગળફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મળતી વિગતો અનુસાર દાહોદનો વતની ૨૪ વર્ષીય યુવક અને ૧૬ વર્ષીય સગીરા સુરત ખાતે સાથે મજૂરીકામ કરતા હતા અને તેમના વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. બન્ને બે દિવસ પહેલા ઘરેથી ગુમ હતા અને પરિવારજનો તેમની શોધખોળ કરી રહ્યા હતા. દરમિયાન ગુરુવારે સવારે ઘરથી ૫૦૦ મીટર દૂર બિલિપત્રના ઝાડ પર બંન્નેના લટકતા મૃતદેહ મળ્યા હતા. બન્ને પરિવારના જણાવ્યા અનુસાર તેમને આ સંબંધો અંગે કોઈ માહિતી ન હતી.

તો બીજી બાજુ અમદાવાદનું રિવરફ્રન્ટ ફરી એક સગીરાનાં મોતનું સાક્ષી બન્યું હતું. મૂળ અમદાવાદની અને આણંદમાં પતિ સાથે રહેતી ૧૭ વર્ષીય સગીરાએ રિવરફ્રન્ટ પરથી સાબરમતી નદીમાં કૂદી ગઈ હતી. સગીરાએ વીડિયો બનાવી પોતાની આપવીતી પણ કહી હતી. તેનાં પિતાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર ફરદીન શેખ નામાના એક યુવક સાથે તેને પ્રેમસંબંધ હતો, તેથી પરિવારે બન્નેના લગ્ન કરાવ્યા હતા અને બન્ને આણંદમાં રહેતા હતા. બન્ને વચ્ચે અણબનાવ થતા ફરદીને સગીરાને ઘરેથી કાઢી મૂકી હતી અને તે પિતાના ઘરે નિકોલમાં આવી રહેતી હતી. તેનાં વીડિયો પ્રમાણે તેણે પતિને માનવવાની ઘણી કોશિશ કરી, પરંતુ તેણે ફરી ન અપનાવતા તે હતાશ થઈ ગઈ હતી. તેણે વીડિયોમાં કહ્યું હતું કે તે મારી આત્માને તો મારી જ નાખી છે, હવે હું મારું શરીર મારી રહી છું. પિતાની ફરિયાદના આધારે પોલીસે પતિ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. કચ્છમાં પણ શિક્ષક અને યુવકની આત્મહત્યાના બનાવો નોંધાયા હતા. તમામ કેસમાં પોલીસ આગળની તપાસ હાથ ધરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# અમદાવાદ મેટ્રોમાં 'માવા' ખાનારાઓનો આતંકઃ કુલ ગુનાઓમાંથી ૭૪ ટકા કિસ્સા માત્ર તમાકુ-માવાને લગતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મેટ્રો માટે ટિકિટ વિના મુસાફરી કરવા કરતાં પણ મોટી સમસ્યા 'માવા' અને તમાકુનું સેવન કરનારાઓ બની ગયા છે. મળતી માહિતી અનુસાર ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના છેલ્લા ચાર વર્ષના આંકડા મુજબ, મેટ્રો નેટવર્કમાં નોંધાયેલા કુલ ગુનાઓમાંથી લગભગ ૭૪ ટકા ગુનાઓ નશો અને ઉપદ્રવ શ્રેણી હેઠળ આવે છે. દારૂબંધીવાળા ગુજરાતમાં, આ નિયમ મુખ્યત્વે એવા મુસાફરોને લાગુ પડે છે જેઓ મેટ્રોમાં તમાકુ કે માવો લઈને આવે છે અથવા તેનું સેવન કરે છે. મે ૨૦૨૨થી જુલાઈ ૨૦૨૬ સુધીના સમયગાળામાં નોંધાયેલા કુલ ૪૯૭૨ ગુનાઓમાંથી ૩૬૬૯ ગુનાઓ માત્ર મેટ્રો રેલવે એક્ટની કલમ ૫૯ (૧) હેઠળ નોંધાયા હતા.

વર્ષ દર વર્ષે આ પ્રકારના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો હતો. આંકડાકીય માહિતી મુજબ, વર્ષ ૨૦૨૨ માં ૮૯ કેસ નોંધાયા હતા, જે ૨૦૨૩ માં વધીને ૪૧૦, ૨૦૨૪ માં ૮૭૬ અને ૨૦૨૫ માં વિક્રમી૧૬૪૬ સુધી પહોંચી ગયા હતા. વર્ષ ૨૦૨૬ ના પ્રથમ સાત મહિનામાં જ અન્ય ૬૪૮ કેસ નોંધાઈ ચૂક્યા છે. માવા ખાનારાઓની સમસ્યા એટલી હદે વકરી છે કે મેટ્રો સેવાઓ શરૂ થયાના થોડા સમયમાં જ, લોકોની થૂંકવાની આદતને કારણે લાલ થઈ ગયેલી સ્ટેશનોની દીવાલો પર નવેસરથી રંગરોગાન કરાવવું પડ્યું હતું. બીજા ક્રમે સૌથી વધુ ૪૬૭ ગુના ટિકિટ કે પાસ વગર મુસાફરી કરવાના નોંધાયા હતા. મેટ્રો અધિકારીઓના જણાવ્યા અનુસાર, નશો શ્રેણીમાં નોંધાયેલા દરેક કેસમાં મુસાફર નશાની હાલતમાં હોય તેવું જરૂરી નથી. માવો કે તમાકુ લઈને પ્રવેશવા પર પ્રતિબંધ હોવાથી તેને આ શ્રેણીમાં ગણવામાં આવે છે, જ્યારે ખરેખર દારૂ પીધેલી હાલતમાં પકડાતા શખ્સોને સીધા પોલીસને સોંપવામાં આવે છે. કલમ ૫૯ (૧) હેઠળ સાથી મુસાફરોને અગવડતા ઊભી કરવી, મોટેથી સંગીત વગાડવું, ઈયરફોન વિના વીડિયો જોવા, બૂમાબૂમ કરવી, અપશબ્દો બોલવા, થૂંકવું કે જમીન પર બેસવા જેવા કૃત્યોનો સમાવેશ થાય છે. નવા સુધારેલા નિયમો મુજબ આવા કૃત્યો માટે મહત્તમ ૨૫૦૦ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે, પરંતુ મેટ્રો દ્વારા હાલમાં ગુજરાતમાં આ ગુનાઓ માટે ૨૦૦ રૂપિયાનો દંડ વસૂલવાની વ્યવસ્થા જ અમલમાં રખાઈ છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

# વરસાદ ડોળ કરે છે, પણ વરસતો નથી, રાજ્યમાં મેઘાની માત્ર હાજરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મોટા-ભાગના શહેરોમાં વાદળછાયું વાતાવરણ રહે છે અને વરસાદ આવવાની આશા જાગે છે, પરંતુ દિવસ વરસાદ વિના જ આથમી જાય છે. અમદાવાદમાં પણ ગુરુવારે સવારે આકાશ કાળું ડિબાંગ લાગતું હતું અને ગોરંભાયું હતું, પરંતુ લખાય છે ત્યાં સુધી એક મોટું ઝાંપટું પણ વરસ્યું નથી. રાત્રિના સમયે અમદાવાદ, સાણંદ, વિરમગામમાં વરસાદી ઝાંપટા પડ્યા હતા, જો કે સવારથી અમદાવાદ શહેરમાં વરસાદનો એક છાંટો નહોતો પડ્યો. ગુજરાતમાં શ્રાવણ માસના આરંભે રાજ્યના નામની મેઘહાજરી નોંધાઈ હતી. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૯ જિલ્લાના ૧૬૨ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો, જેમાં રાજ્યનો સરેરાશ વરસાદ ૦૮.૦૩ મીમી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં મેઘમહેર વધુ જોવા મળી હતી. સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં સૌથી વધુ ૩.૨૭ ઇંચ વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત બનાસકાંઠાના વડગામમાં ૩.૧૧ ઇંચ, સાબરકાંઠાના વડાલીમાં ૨.૮૭ ઇંચ, મહેસાણાના સતલાસણામાં ૨.૫૨ ઇંચ અને બનાસકાંઠાના દાંતામાં ૨.૦૯ ઇંચ વરસાદ નોંધાયો હતો. ૧૩ ઑગસ્ટના રોજ સવારના ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીના આંકડાઓ પર નજર કરીએ તો દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ નોંધપાત્ર વરસાદ પડ્યો હતો. દરમિયાન નવસારીના ખેરગામમાં સૌથી વધુ ૨.૮ ઇંચ વરસાદ નોંધાયો હતો.

૨૦૫ વર્ષ

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 192 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ સુદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 August 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૧૪ ઑગસ્ટ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




the ultimate OLD GOLD UPGRADE
TODAY'S GOLD RATE
₹ 14,067/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

### સંસદના ચોમાસુ સત્રનાં કામકાજનાં લેખાંજોખાં

# લોકસભામાં ફક્ત ૧૯ ટકા કામકાજ

**નિર્ધારિત સમયના આટલા ટકા જ કામગીરી થતા પ્રજાના કરોડો રૂપિયાનો ધુમાડોઃ મંજૂર ૧૨માંથી બે જ ખરડા પર ચર્ચા થઈઃ નીટ પેપર લીક-વિદ્યાર્થીઓનો વિરોધ-રામમંદિર ચંદાચોરી જેવા મુદ્દાઓ પર હોબાળા સાથે સંસદનું ચોમાસુ સત્ર પૂરું**

નવી દિલ્હીઃ સંસદનું ચોમાસુ સત્ર બુધવાર, ૧૩ ઑગસ્ટના રોજ હોબાળા અને રાજકીય ટકરાવ વચ્ચે સમાપ્ત થયું હતું. લોકસભામાં 'વંદે માતરમ્' પછી સ્પીકર ઓમ બિરલાએ ગૃહને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દીધું હતું. હોબાળાને કારણે રાજ્યસભા પણ બેમુદત સ્થગિત કરવામાં આવી હતી. આમ લોકસભામાં પચીસ દિવસના ચોમાસું સત્રમાં નિર્ધારિત સમયના માત્ર ૧૯ ટકા જ્યારે રાજ્યસભામાં ૩૯ ટકા કામકાજ થતા પ્રજાના કરોડો રૂપિયાનું આંધણ થયું હતું.

આ સત્રમાં વિપક્ષના દળોએ વિદ્યાર્થી પ્રદર્શનકારીઓ પર પોલીસની કાર્યવાહી અને રામ મંદિરને મળેલા દાનની કથિત ચોરીને લઈને સતત વિરોધ કર્યો હતો અને અનેક મહત્વના બિલ કોઈ પણ ચર્ચા વિના પાસ કરવામાં આવ્યા હતા. વિપક્ષના વિરોધ વચ્ચે નીચલા ગૃહમાં તેના નિર્ધારિત સમયની ૧૯ ટકા જ કામગીરી થઈ હતી.

સંસદની કાર્યવાહી શરૂ થતા જ રાષ્ટ્રગાન 'વંદે માતરમ'ના તમામ છ પદ વગાડવામાં આવ્યા, જેના પછી સ્પીકર ઓમ બિરલાએ ગૃહને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દીધું હતું. બિરલાએ સત્ર દરમિયાન લોકસભાની કામગીરી પર પ્રકાશ પાડતા સામાન્ય વિદાય ભાષણ વાંચ્યું ન હતું. સંસદની કાર્યવાહી થોડા સમય કરવામાં આવી ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સહિત અનેક નેતાઓ હાજર રહ્યા હતા.

આ સત્ર દરમિયાન બિરલાએ વારંવાર વિપક્ષી સભ્યોને ચર્ચામાં ભાગ લેવા માટે કહ્યું હતું પરંતુ વિપક્ષે તેમનો વિરોધ ચાલુ

(જુઓ પાનું ૨) ▶▶

## લોકસભામાં પહેલીવાર 'વંદે માતરમ્' આખું ગવાયું

નવી દિલ્હીઃ સંસદના ચોમાસુ સત્રના અંતિમ દિવસે ગુરુવારે લોકસભાની કાર્યવાહી પ્રથમવાર 'વંદે માતરમ્'ના ગાનથી શરૂ થઈ હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને સમગ્ર ગૃહ આ ઐતિહાસિક ક્ષણનાં સાક્ષી બન્યા હતા.

રાષ્ટ્રગાનની છ કડી ગવાયા બાદ લોકસભા અને રાજ્યસભાની કામગીરી અનિશ્ચિત કાળ માટે સ્થાગિત કરવામાં આવી હતી અને આ સાથે જ સંસદનું ચોમાસુંસત્ર પૂરું થયું હતું.

સંસદના સમગ્ર ચોમાસુંસત્ર દરમિયાન વિપક્ષ દ્વારા લોકસભાની કામગીરીમાં સતત ઊભા કરવામાં આવેલા અવરોધ અને ઉગ્ર વાદવિવાદને પગલે લોકસભાની કાર્યવાહી અનિશ્ચિત મુદત

(જુઓ પાનું ૨) ▶▶

## કોણ છે હુમલાખોર?

મહારાષ્ટ્રના નાંદેડમાં ગુરુવારે એક ગુરુદ્વારામાં શિરોમણી અકાલી દળના વડા અને પંજાબના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન સુખબીરસિંહ બાદલ પર કિરપાણથી હુમલો કરવામાં આવ્યો હતો, પોલીસે આરોપી ૬૨ વર્ષીય જસપાલ સિંહને ઘટનાસ્થળેથી કસ્ટડીમાં લીધો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર, સિંહ મૂળ પુણેનો વકીલ છે અને ત્યાંની એક કોર્ટમાં પ્રેક્ટિસ કરતો હતો. તે લગભગ બે વર્ષથી નાંદેડ નજીક મુગતમાં માતા

(જુઓ પાનું ૨) ▶▶

# નાંદેડના ગુરુદ્વારામાં સુખબીરસિંહ બાદલ પર કિરપાણથી હુમલો



પંજાબના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન સુખબીરસિંહ બાદલ પર નાંદેડના ગુરુદ્વારામાં ગઈ કાલે હુમલો કરાયો હતો. (એજન્સી)

### અકાલી દળના વડા અને પંજાબના ભૂતપૂર્વ સીએમ નિહંગે કરેલા અટૅકમાંથી બચ્યાઃ તપાસનો ફડણવીસનો આદેશઃ મોદીએ પૂછ્યા ખબરઅંતર

નાંદેડઃ શિરોમણી અકાલી દળના વડા અને પંજાબના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન સુખબીરસિંહ બાદલ પર મહારાષ્ટ્રના નાંદેડસ્થિત ગુરુદ્વારામાં ગુરુવારે કિરપાણ વડે હુમલો કરવામાં આવ્યો હોવાનું પોલીસે કહ્યું હતું.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સુખબીરસિંહ બાદલની તબિયત અંગે જાણકારી મેળવી હતી.

મોદીએ બાદલની પત્ની અને લોકસભાનાં સાંસદ હરસિમરત કૌર સાથે ફોન

(જુઓ પાનું ૨) ▶▶

# ભારતીયોનો તલવારબાજીમાં તરખાટ





### કૉમનવેલ્થ ફેન્સિંગમાં ભારતીય સ્પર્ધકોએ જીતીને સપાટો બોલાવ્યો

લાગોસઃ નાઇજિરિયામાં ભારત તલવારબાજીની કૉમનવેલ્થ ચૅમ્પિયનશિપમાં પહેલી વખત ઓવરઑલ ચૅમ્પિયન બન્યું છે. ભારતીય સ્પર્ધકોએ ૧૩ ગોલ્ડ, આઠ સિલ્વર અને ૧૪ બ્રૉન્ઝ મેડલ સહિત કુલ ૩૫ ચંદ્રક જીતી લીધા છે. ચૅમ્પિયનપદ બદલ ભારતને સર્વોચ્ચ ઇનામના રૂપમાં વિલ્કિન્સન સ્વૉર્ડ ટ્રોફી આપવામાં આવી છે. ભારતે ૬૭ સ્પર્ધકને આ ચૅમ્પિયનશિપ માટે લાગૉસ મોકલ્યા હતા અને તેમણે ૨૦ દેશના અસંખ્ય સ્પર્ધકો વચ્ચે સર્વશ્રેષ્ઠ પર્ફોર્મ કરીને ખેલજગતને ચોંકાવી દીધું છે. હરિયાણાની બાવીસ વર્ષીય તનિક્શા ખત્રી કૉમનવેલ્થ ફેન્સિંગ ચૅમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય ફેન્સર બની હતી. ■

વિગતવાર અહેવાલ ૬

# બાંગ્લાદેશની બત્તી ગૂલ, રાતે આઠ વાગ્યા પછી મૉલ-દુકાન બંધ રખાય છે

### વીજ પુરવઠા માટે ઢાકાએ મદદ માગી છે ભારતની

નવી દિલ્હીઃ બાંગ્લાદેશ હાલમાં સૌથી ગંભીર ઊર્જા કટોકટીનો સામનો કરી રહ્યું છે. દેશના ઘણા ભાગોમાં વીજળી ગૂલ થઈ રહી છે. પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે સરકારે વીજળી બચાવવા માટે શૉપિંગ મૉલ, દુકાનો અને બજારોને રાત્રે ૮ વાગ્યા પછી બંધ કરવાનો આદેશ આપ્યો છે. વીજળીની વધતી જતી અછતની અસર વ્યવસાયો, ખેડૂતો અને ઉદ્યોગો પર પડી રહી છે. આ કટોકટીને પહોંચી વળવા માટે બાંગ્લાદેશે ભારત પાસે મદદ માંગી છે. બાંગ્લાદેશે ભારત પાસે વધારાના ડીઝલ પુરવઠાની માગ કરી છે. સ્થાનિક અહેવાલો

(જુઓ પાનું ૨) ▶▶

# ઍર ઈન્ડિયા હવે તમામ પાઈલટની ફરજિયાત ડૉપ ટેસ્ટ કરશે

નવી દિલ્હીઃ ઍર ઈન્ડિયા હાલના કાયદા હેઠળ પ્રતિબંધિત કેફી દ્રવ્યો અને દવાઓનું પાઈલટે સેવન કર્યું નથી એની ફરજિયાત ચકાસણી કરશે. હાલની નિયામક જરૂરિયાતને ટપી જાય એવું આ પરીક્ષણ હશે. આ પરીક્ષણ ગુરુવારથી શરૂ થયું હતું.

ચોથી ઑગસ્ટે ફુકેટ-દિલ્હી ફ્લાઈટના બનાવ પછી ઍર ઈન્ડિયામાં પાઈલટની શારીરિક સુસજ્જતાને કડક રીતે ચકાસવાનો ઍર ઈન્ડિયાએ નિર્ણય લીધો હતો. આ વિમાને તેની સફર દરમિયાન અચાનક ૩૦૦ ફૂટની ઊંચાઈ બદલાવી હતી.

ઍરબસ ૩૨૦ની ફુકેટથી દિલ્હીની એઆઈ૨૩૭૯ની ફ્લાઈટ પછી સ્થિર થઈ હતી અને આ વિમાને સલામતીપૂર્વક

(જુઓ પાનું ૨) ▶▶

## ઝારખંડ વિધાનસભાનો ઘેરાવઃ 300 જણ સામે એફઆઈઆર નોંધાયો

રાંચીઃ ઝારખંડમાં ભરતી પરીક્ષાઓમાં આચરવામાં આવેલી કથિત ગેરરીતિના વિરોધમાં ૧૦ ઑગસ્ટે વિધાનસભા સુધીની કૂચને મામલે પોલીસે ગુરુવારે ૩૦૦ અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હોવાનું વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

પ્રતિબંધિત આદેશોનું ઉલ્લંઘન, સરકારી સંપત્તિને નુકસાન અને પોલીસ કર્મચારીઓ

(જુઓ પાનું ૨) ▶▶

## માનીતા શિક્ષકની બદલી કેમ કરી?: ઝારખંડમાં જેન-અલ્ફાનો રોષ ભભૂક્યો

નવી દિલ્હીઃ ઝારખંડના ગઢવામાં માનીતા શિક્ષક મલય સિંહની બદલીને કારણે નારાજ વિદ્યાર્થીઓનો ગુસ્સો એટલો ભભૂકી ઉઠ્યો કે સમગ્ર વિસ્તાર યુદ્ધનું મેદાન બની ગયો હતો. વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓને સમજાવવા ગયેલા બ્લૉક પ્રમુખ પિંકુ પાન્ડેએ એક વિદ્યાર્થીને તમાચો મારી દીધો હતો જેને કારણે વિદ્યાર્થીઓ ઉગ્ર બની ગયા હતા. હિંસક બનેલી જેન-અલ્ફાથી બચવા પાન્ડે પોલીસ સ્ટેશનમાં ભરાઈ જતાં રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ પોલીસ થાણા પર પથ્થરમારો કર્યો હતો.

વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા પથ્થરમારામાં એક પોલીસનું માથું ફાટી ગયું હતું અને

(જુઓ પાનું ૨) ▶▶

## ઓલા, ઉબર રાઈડ પહેલા ટિપ વિશે પૂછી નહીં શકે

નવી દિલ્હીઃ ઉબર, ઓલા અને અન્ય રાઇડ-હેલિંગ એપ્લિકેશન્સ દ્વારા કેબ બુક કરાવતા મુસાફરોને હવે તેમની મુસાફરી શરૂ થાય તે પહેલાં ટિપ આપવાના કે નહીં અને હા તો કેટલીએ વિશે પૂછવામાંકહેવામાં આવશે નહીં.

માર્ગ પરિવહન અને હાઇવે મંત્રાલયે મુસાફરોને ઝડપી કેબ મેળવવા અથવા રાઇડ મેળવવાની શક્યતા સુધારવાની આશામાં વધારાની ચુકવણી કરવા

(જુઓ પાનું ૨) ▶▶

## યુરોપમાં ફરી હીટવેવઃ બ્રિટનમાં રેકૉર્ડબ્રેક ગરમી

લંડનઃ પશ્ચિમ યુરોપના મોટા ભાગોમાં ફરી એકવાર ભીષણ ગરમી પડવાનો ખતરો મંડરાઈ રહ્યો છે. બ્રિટનમાં પણ ગરમીની સીઝનમાં પાંચમી વખત 'લૂ' પડવાની આશંકા છે. માનવામાં આવી રહ્યું છે કે જે અત્યાર સુધીનો સૌથી ગરમ ઉનાળો રહેશે. હવામાન નિષ્ણાતોએ આગાહી કરી છે કે મધ્ય અને દક્ષિણપૂર્વ ઇંગ્લેન્ડમાં તાપમાનનો પારો ૩૮ સેલ્સિયસ સુધી પહોંચશે જે ઓગસ્ટના ૩૮.૫ ડિગ્રી સેલ્સિયસના રેકોર્ડની ખૂબ નજીક છે. આ અઠવાડિયાની શરૂઆતમાં હવામાન વિભાગે જણાવ્યું હતું કે ગયા વર્ષના સૌથી ગરમ વર્ષના રેકોર્ડને તોડવા માટે ઓગસ્ટના બાકીના દિવસો માટે માત્ર સરેરાશ

(જુઓ પાનું ૨) ▶▶

# નેતાજી વિશે ઘસાતું બોલનાર ભાજપી સાંસદનો અવૉર્ડ પાછો લેવાયો

કોલકાતાઃ પશ્ચિમ બંગાળની ભાજપ સરકારે પક્ષના રાજ્યસભાના સસંદસભ્ય નાગેન્દ્રનાથ રોય ઉર્ફે અનંત મહારાજને આપવામાં આવેલો રાજ્યનો સૌથી મોટો નાગરિક અવૉર્ડ 'બંગ ભૂષણ' પાછો ખેંચીને તેને રદ કર્યો હતો. અનંત મહારાજે નેતાજી સુભાષચંદ્ર બોઝ અંગે બદનક્ષીભરી ટીકા કરતા અવૉર્ડ પાછો ખેંચાયો હતો.


સરકારી હુકમમાં હકીકતો અને સંજોગો સમજાવતા લખવામાં આવ્યું હતું કે આ સમ્માન જાળવી રાખવાનું અવૉર્ડની ગરીમા, પ્રતિષ્ઠતા અને હેતુ સાથે બંધ બેસતું નથી અને માટે આ અવૉર્ડ તત્કાળ રદ કરવામાં આવે છે.

મુખ્ય પ્રધાન શુભેન્દુ અધિકારીએ પોલીસને બુધવારે આદેશ આપ્યો હતો કે સોશ્યલ મીડિયા પર નેતાજીને બદનામ કરનારી ટકોર કરનાર સામે ધરપકડ સહિતનાં કડક પગલાં લેવામાં આવે. તેમણે કહ્યું હતું કે કાયદો સંસદસભ્ય, વિધાનસભ્ય અને

(જુઓ પાનું ૨) ▶▶

न जायते म्रियते वा कदाचिन नायं भूत्वा भविता वा न भूयः।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे॥

"The soul is never born, nor does it ever die. Having once existed, it never ceases to be. It is unborn, eternal, everlasting, and ancient. The soul does not perish when the body dies."



A Legacy That Lives On

Janki Mehul Mehta

23rd February 2009 - Forever

One Year in Loving Remembrance

A beautiful soul is never forgotten. Your compassion, warmth, and gentle spirit continue to inspire every life touched through your memory. As we mark one year since your physical absence, we honor the love you left behind and the hope that continues to grow in your name.

Forever remembered. Forever cherished.

With Love and Prayers,
The Mehta Family

Janki Mehul Mehta Foundation

MDM GROUP rise above ordinary
Realty · Education · Healthcare · Automotive · Entertainment

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કૉંગ્રેસને દલિતોના અપમાનના નામે દેકારાની તક કોણે આપી?

**ઉત્તરાખંડના** નૈનિતાલ જિલ્લામાં આવેલા હલ્દવાનીના રામલીલા મેદાનમાં કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની જાહેરસભા પછી મેદાનનું 'શુદ્ધિકરણ' કરવા યોજાયેલા યજ્ઞ-હવનને કારણે બબાલ થઈ ગઈ છે. કૉંગ્રેસે આ ઘટનાનો રાજકીય ફાયદો લેવા માટે દલિત કાર્ડ ખેલી નાંખ્યું છે. કૉંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, ખડગે દલિત છે ને ભાજપ દલિત વિરોધી હોવાથી તેના ઈશારે આઠ ઓગસ્ટની જાહેરસભા પછી રામલીલા મેદાનનું શુદ્ધિકરણ કરાયું હતું. કૉંગ્રેસે ઉત્તરાખંડમાં ને બીજે પણ આ મુદ્દે દેખાવો તો કર્યા જ પણ સંસદમાં પણ આ મુદ્દો ઉઠાવ્યો. સંસદમાં ભાજપ વતી જે.પી. નડ્ડાએ ચોખવટ કરી કે, હવન-યજ્ઞનો કાર્યક્રમ એક ખાનગી સંગઠનનો કાર્યક્રમ હતો અને આ સંગઠન સાથે પાર્ટીને નાહવા-નિચોવવાનો પણ સંબંધ નથી. ભાજપના બીજા નેતા પણ મેદાનમાં આવ્યા છે ને કૉંગ્રેસ સમાજને વિભાજિત કરવાનું ગંદું રાજકારણ રમી રહી છે.

કૉંગ્રેસ આ મુદ્દે ગંદુ રાજકારણ રમી રહી છે ને દલિત કાર્ડ ખેલીને રાજકીય ફાયદો મેળવવા માટે ઉધામા કરી રહી છે એ વાત સાચી છે. કૉંગ્રેસે વરસોથી હિંદુ સમાજમાં ભાગલા કરવાનું રાજકારણ રમીને દુકાન ચલાવી તેથી કૉંગ્રેસ આવું કરે તેની નવાઈ જ નથી પણ કૉંગ્રેસને આ તક ભાજપની ઉત્તરાખંડ સરકારે જ આપી છે એ વાત પણ એટલી જ સાચી છે. આ ઘટના નવમી ઓગસ્ટની છે એ જોતાં ઉત્તરાખંડની ભાજપ સરકારે તાત્કાલિક પગલાં લીધાં હોત તો કૉંગ્રેસને તક જ ના મળી હોત. કૉંગ્રેસના દલિત કાર્ડની વાત છોડો પણ ખડગે રાજ્યસભામાં વિપક્ષના નેતા છે ને એ પોતે હિંદુ છે એ સંજોગોમાં તેમની સભા પછી શુધ્ધિકરણનું નાટક કરાય એ યોગ્ય નથી જ. આ હરકત વાસ્તવમાં હિંદુઓમાં વિભાજન કરનારી છે ને તેની સામે પગલાં ભરાવાં જોઈએ પણ કશું ના થયું. અત્યારે પણ ભાજપ આ હરકત કરનારા સામે તાત્કાલિક પગલાં ભરવામાં ખચકાટ અનુભવી રહી છે.

નડ્ડાએ સંસદમાં ગોળી ગળાવી કે, તપાસ કરીને કાર્યવાહી કરાશે. સવાલ એ છે કે, આ હરકત કરનારા સામે તપાસ શું કરવાની ? કામ કરતા 'શ્રી રામ સેના ધર્માર્થ સેવા ન્યાસ' નામના સંગઠને રામ અવસ્થીના નેતૃત્વમાં આ હવન કરેલો. હવનનો વીડિયો પણ ઉતારાયો છે તેથી બધું જગજાહેર છે. પોલીસ વીડિયોના આધારે કહેવાતું શુધ્ધિકરણ કરનારાને ઉઠાવીને જેલમાં નાખી શકે છે, તેમની સામે સમાજમાં નફરત ફેલાવવાનો કેસ પણ ઠોકી શકે છે. ઉત્તરાખંડમાં ભાજપની સરકાર છે એ જોતાં નડ્ડા કે કેન્દ્ર સરકાર તાત્કાલિક આટલી કાર્યવાહી કરવાનો આદેશ તો આપી જ શકે છે. નડ્ડા ઉત્તરાખંડ ભાજપને અવસ્થીને ભાજપ સાથે કંઈ લેવાદેવા છે કે નહીં તેની તપાસ કરવાનો આદેશ પણ આપી શકે. અવસ્થીને ભાજપ સાથે સંબંધ હોય તો તેની સામે આકરાં પગલાં પણ ભરવાં જોઈએ.

ભાજપ એવું કશું કરવા તૈયાર નથી, ઊલટાનું ભાજપના નેતા કાર્યક્રમનો બચાવ કરી રહ્યા છે અને અવસ્થી આણિ મંડળીની ભાષા બોલી રહ્યા છે. આ કારણે નડ્ડાની ભાજપને આ ઘટના સાથે કંઈ લેવાદેવા નથી એવી ચોખવટ સ્વીકારી લેવામાં વાંધો નથી પણ ભાજપ આ તત્ત્વોને છાવરી રહી છે એ ખટકે જ છે. અવસ્થી આણિ મંડળીનો આક્ષેપ છે કે, ખડગેની સભામાં ઈસ્લામને લગતા નારા લગાવાયા હતા ને હિંદુ ધર્મ તથા હિંદુ સમાજ સામે વાંધાજનક ટિપ્પણીઓ કરાઈ હતી. ઉત્તરાખંડના કેબિનેટ મંત્રી ખજાનદાસે તો એવો હુંકાર કર્યો છે કે, પવિત્ર રામલીલા મેદાનમાં કૉંગ્રેસની સભા દરમિયાન ધર્મ વિશેષના એટલે કે ઈસ્લામના નારા લગાવવામાં આવ્યા હતા અને આ હરકત સનાતન ધર્મમાં કોઈ પણ સંજોગોમાં સ્વીકાર્ય નથી.

ઈસ્લામિક નારા લાગ્યા હોય તો પણ આ મોટો મુદ્દો નથી કેમ કે આ દેશમાં ઈસ્લામિક નારા લગાવવા ગુનો નથી. દેશવિરોધી નારા લગાવાયા હોય તો ચોક્કસ અક્ષમ્ય હરકત કહેવાય ને તેની તપાસ થવી જોઈએ, પગલાં પણ ભરાવાં જોઈએ પણ માત્ર ઈસ્લામિક નારા લગાવવામાં કશું ખોટું નથી. ભાજપના મંત્રી તો ઈસ્લામિક નારાને સનાતન ધર્મ સાથે જોડીને રીતસરની નાગાઈ કરી રહ્યા છે. કોઈ રાજકીય પક્ષની સભામાં કોઈ બીજા ધર્મના નારા લાગે તેમાં સનાતન ધર્મનું અપમાન કઈ રીતે થઈ ગયું ? ને મૂળ તો સનાતન ધર્મ સાથે આખી વાતને શું લેવાદેવા?

સભામાં હિંદુવાદી સંગઠનો વિરુદ્ધ થયેલી ટિપ્પણીઓના આક્ષેપોની વાતમાં કેટલું તથ્ય છે તેની તપાસ ચોક્કસ થવી જોઈએ. હિંદુવાદી સંગઠનો સામે થયેલા આક્ષેપો કાયદાનો ભંગ કરતા હોય તો ખડગે હોય કે બીજું કોઈ હોય, તેની સામે કેસ પણ થવો જોઈએ પણ એ નક્કી કરવાનું કામ પોલીસનું છે, કોઈ ટૂણિયાટ સંગઠનનું નથી, પોતાને હિંદુવાદી કહેવડાવતું કોઈ સંગઠન પોતાની રીતે નક્કી કરી નાખે કે, આ આક્ષેપોના કારણે રામલીલા મેદાન દૂષિત થઈ ગયું ને શુદ્ધિકરણ માટે હવન કરી નાખે એ ના ચાલે. આ સંગઠનને ઈસ્લામિક નારા કે સભામાં થયેલી ટિપ્પણીઓ સામે વાંધો હતો તો તેમણે પોલીસ પાસે જવું જોઈતું હતું. રામલીલા મેદાન તેમના બાપનો બગીચો હોય એ રીતે હવન ના કરી દેવાય.

કૉંગ્રેસ આખા મુદ્દાને ખડગે દલિત હોવા સાથે જોડીને રાજકારણ રમી રહી છે તેમાં બેમત નથી પણ કૉંગ્રેસને આવું રાજકારણ રમવાની તક કોણ આપી રહ્યું છે ? હિંદુત્વને નામે ચરી ખાતાં ફાલતું સંગઠનો આ તક આપી રહ્યાં છે ને ભાજપ તેમની સામે આકરું વલણ લેવાના બદલે તેમનો બચાવ કરી રહ્યો છે. ઉત્તરાખંડની સરકાર અવસ્થી કે 'શ્રી રામ સેના ધર્માર્થ સેવા ન્યાસ'ના ચાર નમૂનોઓને ઉઠાવીને જેલમાં નાખી દે તો તરત કૉંગ્રેસના રાજકારણની હવા નીકળી જાય પણ ભાજપને એવું કરવામાં રસ નથી ને ફાલતુ લોકોને હિંદુત્વના ઠેકેદાર બનાવવામાં રસ છે તેની આ મોંકાણ છે.

ભાજપ પોતાને હિંદુવાદી પક્ષ ગણાવતો હોય તો તેણે હિંદુત્વના નામે ચાલતાં તૂત બંધ કરાવીને દાખલો બેસાડવો જોઈએ. ગમે તે લલ્લુ સનાતન ધર્મના નામે લઠ્ઠ પકડીને ઊભો થઈ જાય ને બંધારણીય હોદ્દા પર બેઠેલા ખડગે જેવા મહાનુભાવનુ અપમાન કરી નાખે એ ના ચાલે. બીજા કોઈ ધર્મના નારા લાગે તેના કારણે સનાતન ધર્મનું અપમાન થઈ ગયું એવો બકવાસ કરનારાને પણ સીધા કરવા જરૂરી છે. જે લોકો આવી વાતો કરે છે તેમના પોતાના સ્વાર્થ છે. પોતાના સ્વાર્થને ખાતર સનાતન ધર્મના નામે ચરી ખાનારાને સીધા કરીને પણ ભાજપે દાખલો બેસાડવો જોઈએ. દલિતો હિંદુ જ છે ને તેમના મનમાં પોતાના અપમાનની સહેજ પણ લાગણી ના જન્મે એ માટે આ જરૂરી છે. ખાલી, અમે નથી કર્યું એવું કહીને હાથ ખંખેરી નાખો એ ના ચાલે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

**દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, શુક્રવાર, તા. ૧૪-૮-૨૦૨૬, જીવંતિકા પૂજન, ચંદ્રદર્શન, નક્ષત્ર અને વાર મુજબ મહાલક્ષ્મી માતાનું પૂજન શ્રેષ્ઠ**

- ભારતીય દિનાંક ૨૩, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ સુદ -૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ સુદ -૨
- પારસી શહેનશાહી રોજ ગાથા-૫ વહિશ્તોઈશ્ત સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૩૦મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨જો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૨ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૧, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતી : બપોરે ક. ૧૪-૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૧૯ (તા. ૧૫)
- ઓટઃ સવારે ક. ૦૬-૪૨, રાત્રે ક. ૧૯-૨૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, શ્રાવણ શુક્લ - દ્વિતિયા. જીવંતિકા પૂજન, ચંદ્રદર્શન, ઉત્તર શૃંગોન્નતિ, મું. ૩૦, સામ્યાર્ઘ, પારસી ગાથા-૫ વહીશ્તોઈશ્ત, નવા વર્ષની સાંજ (પારસી) સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- શ્રાવણ મહિમાઃ આજ રોજ માતા લક્ષ્મી અને જીવંતિકા દેવીનું પૂજન કરવું, ખીર, ગુલાબી લાલ પુષ્પ અને ઘીનો દીવો કરવો. શ્રાવણ માસ એટલે પર્વ, ઉત્સવો, તહેવારોથી ભરપૂર, ઉમંગ અને ઉત્સાહયુક્ત માસ. સર્વત્ર શિવપૂજા, રુદ્રાભિષેક, બ્રાહ્મણો દ્વારા મંદિરોમાં, ઘરોમાં શ્રદ્ધાપૂર્વક જોવામાં આવે છે. ૐ નમઃ શિવાય મૃત્યુંજય મંત્ર, ત્ર્યંબક મંત્રના જાપ, અનુષ્ઠાનનો મહિમા આ માસમાં છે. નાસિક, ત્ર્યંબકેશ્વર, ભીમાશંકર આદિ બાર જ્યોર્તિલિંગની યાત્રાનો મહિમા આ માસમાં છે.
- મુહૂર્ત વિશેષઃ આજ રોજ મહાલક્ષ્મી માતાની છબી અથવા પ્રતિમાનું સ્થાપના કરી પૂજન કરવું, શ્રાવણના પ્રત્યેક શુક્રવારે મહાલક્ષ્મી માતાનું પૂજન થઈ શકે છે. ભગદેવતાનું પૂજન કરવું. પલાશનું વૃક્ષ વાવવું, ૐ ભગાય નમઃના મંત્ર જાપ કરવા. નક્ષત્ર અને વાર મુજબ શુક્ર ગ્રહદેવતાના પૂજનનો મહિમા છે. પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, નૌકા બાંધવી, માલ વેંચવો, ખેતીવાડીના કામકાજ, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ, ઘર-ખેતર જમીન મકાન, સ્થાવર મિલકતની લેવડદેવડ, ભગવાન વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

# આ પહેલીવાર બન્યું કે વિપક્ષ ચર્ચાથી ભાગી રહ્યો હતોઃ સરકાર

નવી દિલ્હીઃ ચોમાસુ સત્ર દરમિયાન ગૃહની કાર્યવાહીમાં 'અયોગ્ય રીતે ખલેલ પહોંચાડવા' બદલ સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ ગુરુવારે કોંગ્રેસ પર દોષારોપણ કર્યું હતું અને કહ્યું કે દેશમાં પહેલીવાર એવું બન્યું છે કે જ્યારે સરકાર ચર્ચા ઇચ્છતી હતી ત્યારે વિપક્ષ ચર્ચાથી ભાગી રહી હતી.

સંસદના બંને ગૃહને અનિશ્ચિત સમય માટે મુલતવી રાખ્યા બાદ પત્રકાર પરિષદને સંબોધતા, રિજિજુએ કહ્યું કે મુખ્ય ખરડાઓ પર વિસ્તૃત ચર્ચા થઈ શકી નહીં તે જોઈને સરકાર ખુશ નથી.

લોકસભામાં ઉત્પાદકતા માત્ર ૧૯ ટકા હતી અને રાજ્યસભામાં ૩૯ ટકા, એવું તેમણે કહ્યું.

પ્રથમ વખત, જ્યારે સરકાર ચર્ચા ઇચ્છતી હતી ત્યારે અમે વિપક્ષને સંસદમાં ચર્ચાથી ભાગતા જોયો છે. કાર્યવાહીને અન્યાયી રીતે ખલેલ પહોંચાડવા માટે કોંગ્રેસ સંપૂર્ણપણે જવાબદાર છે. આ લોકશાહી માટે સારું નથી, ખાસ કરીને સંસદીય લોકશાહી માટે, એવું તેમણે કહ્યું હતું, અને આશા વ્યક્ત કરી કે આગામી સંસદીય સત્રમાં વિપક્ષના વલણમાં કેટલાક ફેરફારો થશે.

રિજિજુએ કહ્યું કે ચોમાસુ સત્ર દરમિયાન ૧૨ ખરડાઓ પસાર થયા હતા, પરંતુ દુઃખની વાત એ છે કે બંને ગૃહમાં ફક્ત એક જ બિલ પર ચર્ચા થઈ. તેઓ જાહેર પરીક્ષા (અન્યાયી ઉપાયો નિવારણ) સુધારા બિલ, ૨૦૨૬નો ઉલ્લેખ કરી રહ્યા હતા, જેને બંને ગૃહએ ધ્વનિ મતથી પસાર કર્યો હતો.

તેઓએ ગૃહને પ્રશ્નકાળ શરૂ કરવાની મંજૂરી આપી ન હતી. મેં ખાસ કરીને કોંગ્રેસમાં બીજી એક વાત જોઈ કે તેના સાંસદો હવે એવું વિચારે છે કે તેમનું કામ ફક્ત સૂત્રોચ્ચાર કરવાનું અને પ્લેકાર્ડ અને બેનરો લહેરાવીને હંગામો મચાવવાનું છે, તેવું તેમણે કહ્યું હતું.

તમે રસ્તાઓ પર ગમે ત્યાં સૂત્રોચ્ચાર કરી શકો છો. ચૂંટાયા પછી સભ્યો ગૃહમાં આવે છે. તેઓ અહીં ચર્ચા માટે આવે છે. છતાં, એવું વાતાવરણ બનાવવામાં આવ્યું છે જ્યાં કોંગ્રેસના સાંસદો માને છે કે તેમનું પ્રાથમિક કાર્ય સૂત્રોચ્ચાર કરવાનું છે, એવો તેમણે આરોપ લગાવ્યો હતો.

# જર્મનીમાં હરિયાણાના યુવાનની ચાકુના ઘા મારીને હત્યા

બર્લિનઃ જર્મનીના ફ્રેન્કફર્ટમાં હરિયાણાના કુરુક્ષેત્રના એક પચીસ વર્ષીય યુવાનની મંગળવારે ત્રણ શખસોની એક ટોળકીએ કથિત રીતે ચાકુના ઘા મારીને હત્યા નીપજાવી હતી. આ જાણકારી તેના પરિવારે ગુરુવારે આપી હતી. જો કે હત્યાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. મૃતકની ઓળખ મહાદેવ મોહલ્લાના રહેવાસી વિશુ શર્મા તરીકે થઇ છે. તેણે સોમવારે છેલ્લી વખત તેના પરિવાર સાથે વાત કરી હતી. જ્વેલરીની દુકાનમાં કામ કરતાં વિશુના પિતા નીરજ શર્માએ જણાવ્યું કે મંગળવારે અમારે તેની સાથે કોઇ વાત થઇ ન હતી અને બુધવારે સવારે તેના રૂમમેટ ગૌરવ પાસેથી અમને તેના મૃત્યુ વિશે જાણવા મળ્યું હતું. તેમણે જણાવ્યું કે વિશુના શરીર પર ઇજાના નિશાન હતા. થોડા સમય પછી ગૌરવે તેનો ફોન બંધ કરી દીધો હતો. પછી અમે જર્મનીમાં રહેતા અમારા એક સંબંધીને તેની ઓળખ કરવા માટે હોસ્પિટલ મોકલ્યા હતા. તેમણે કહ્યું કે મને કહેવામાં આવ્યું હતું કે મંગળવારે ત્રણ લોકોની ટોળકીએ વિશુને તેના રૂમની બહાર બોલાવ્યો અને ચાકુના ઘા મારીને તેની હત્યા કરી દીધી હતી. ત્યારબાદ ગૌરવ મારા પુત્રને હોસ્પિટલ લઇ ગયો હતો.

# અમેરિકામાં ભારતીય ટીનેજરે માતા-નાના ભાઇની હત્યા કરી

ન્યૂ યોર્કઃ અમેરિકાના મેસેચ્યુસેટ્સ રાજ્યમાં ભારતીય મૂળના ૧૭ વર્ષીય કિશોર પર તેમના જ ઘરમાં તેની માતા અને નાના ભાઇની હત્યા કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

એક્ટનના રહેવાસી અર્જુન અરવિંદ પર તેના ૧૪ વર્ષીય ભાઇ સિદ્ધાર્થ અરવિંદ અને ૪૫ વર્ષીય માતા સુધા વેંકટેશનના મૃત્યુ કેસમાં હત્યાના બે આરોપ, પરિવાર અથવા ઘરના સભ્ય પર હુમલો અને મારપીટના બે આરોપ, હુમલો અને મારપીટના બે અન્ય આરોપ, પરવાનગી વિના વાહનનો ઉપયોગ કરવો તથા મોટર વાહન ચોરી કરવાના બે આરોપ દાખલ કરવામાં આવ્યા છે.

અર્જુન પર મંગળવારે તેમના ઘરમાં તેની માતા અને ભાઇ પર જીવલેણ હુમલો કરવાનો અને પછી ત્યાંથી ભાગી જવાનો આરોપ છે. સિદ્ધાર્થ અને સુધા ગંભીર રીતે ઘાયલ હાલતમાં મળી આવ્યા હતા. જો કે હત્યામાં ક્યા પ્રકારના હથિયારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે હજુ સુધી જાણી શકાયું નથી.

મિડલસેક્સ ડિસ્ટ્રિક્ટ એટર્ની મેરિયન રયાન અને એક્ટન પોલીસ વડા ડગ્લાસ સ્ટર્નિઓલોએ જણાવ્યું કે સિદ્ધાર્થ અને સુધા બોસ્ટનથી લગભગ ૪૮ કિલોમીટર દૂર એક્ટનમાં માર્થા લેન સ્થિત તેમના ઘરમાંથી મંગળવારે મૃત હાલતમાં મળી આવ્યા હતા. અધિકારીઓએ બુધવારે જણાવ્યું કે એક્ટન પોલીસને ૧૧ ઓગસ્ટના રોજ સાંજે ૬-૩૭ વાગ્યે અર્જુનના પિતાનો ફોન આવ્યો હતો. તેમણે પોલીસને જણાવ્યું કે તેઓ તેમના પરિવારના સભ્યોનો સંપર્ક કરી શકતા નથી. માર્થા લેન સ્થિત ઘરમાં પહોંચતા પોલીસને બંને મૃત મળી આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર સિદ્ધાર્થનો મૃતદેહ પહેલા માળેથી અને સુધાનો મૃતદેહ બેઝમેન્ટમાંથી મળી આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે અર્જુન ઘરે ન હતો અને તેની માતાની કાર લઇને ભાગી ગયો હતો. તપાસકર્તાઓએ બુધવારે સવારે મેસેચ્યુસેટ્સના વેલેન્ડમાં એક પાર્કિંગ લોટમાંથી અર્જુનને પકડી લીધો હતો.

## પહેલા પાનાનું ચાલુ

### લોકસભામાં

રાખ્યો હતો, જેના કારણે વારંવાર સ્થગિત કરવાની ફરજ પડી હતી. ગુરુવારે પણ વિપક્ષે સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ૨૦ જૂલાઈના રોજ સત્ર શરૂ થયું હતું અને અગાઉ નીટ પેપર લીક મુદ્દા અને અયોધ્યામાં રામ મંદિરમાં દાનની ચોરીના આરોપો પર વિપક્ષ દ્વારા વિરોધ જોવા મળ્યો હતો.

બાદમાં વિપક્ષે ૨૦ જુલાઈના રોજ જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓ વિરુદ્ધ પોલીસની કાર્યવાહી અંગે શાહ પાસેથી જવાબ માગ્યો હતો. વિદ્યાર્થીઓ નીટ પેપર લીકનો વિરોધ કરી રહ્યા હતા અને શિક્ષણ પ્રણાલીમાં જવાબદારી માંગી રહ્યા હતા. શાહે બુધવારે કહ્યું હતું કે તેઓ ચર્ચા માટે તૈયાર છે અને વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા દરેક પ્રશ્નનો જવાબ આપશે અને વિદ્યાર્થીઓના મુદ્દા પર ચર્ચા શરૂ કરવા માટે વિપક્ષ સાથે પરામર્શમાં સમય ફાળવવા સ્પીકરને વિનંતી કરી હતી.

વિપક્ષના વિરોધને કારણે ગૃહ કોઈપણ દિવસે પ્રશ્નકાળ પૂર્ણ કરી શક્યું ન હતું, પરંતુ રાજ્યસભા દ્વારા અગાઉ મંજૂર કરાયેલા બે બિલ સહિત ૧૨ બિલ પસાર થયા હતા. ૧૨ બિલમાંથી ફક્ત બે પર ચર્ચા થઈ શકી હતી, જ્યારે બાકીના ચર્ચા વિના પસાર થયા હતા.

પેપર લીક વિરોધી કાયદામાં સુધારો કરવાના બિલ પર ૧૦ કલાક સુધી વિસ્તૃત ચર્ચા થઈ હતી. 'વંદે માતરમ'ના અપમાનને સજાપાત્ર ગુનો બનાવવા માટેના બિલની વિચારણા દરમિયાન વિરોધ વચ્ચે માત્ર બે સભ્યોએ પ્રતિકાત્મક ચર્ચામાં ભાગ લીધો હતો. વિદેશી યોગદાન (નિયમન) સુધારા બિલ, જે તેની કેટલીક જોગવાઈઓને લઈને સરકાર અને વિપક્ષ વચ્ચે મતભેદ હતા. તેને બુધવારે સંસદની સંયુક્ત સમિતિને વિગતવાર ચર્ચા માટે મોકલવામાં આવ્યું હતું.

આ બિલ બજેટ સત્રમાં રજૂ કરવામાં આવ્યું હતું પરંતુ ઘણા ધાર્મિક સંગઠનોએ તેનો વિરોધ કર્યો હોવાથી તેને વિચારણા અને પસાર કરવા માટે રજૂ કરવામાં આવ્યું ન હતું, જેમાં કેરળના ધાર્મિક સંગઠનોનો પણ સમાવેશ થાય છે જ્યાં એપ્રિલમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની હતી.

### લોકસભામાં પહેલીવાર

માટે સ્થગિત કરી દેવામાં આવી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ 'વંદે માતરમ્'ને કાનૂની રક્ષણ આપતા કાયદાને મંજૂરી આપ્યાના થોડા દિવસ બાદ આ ઘટના બની હતી.

આ કાયદા અંતર્ગત રાષ્ટ્રગાન દરમિયાન ઈરાદાપૂર્વક અવરોધ ઊભો કરવો અથવા તેને અટકાવવું દંડનીય ગુનો બનાવવામાં આવ્યો છે.

'વંદે માતરમ્'ને રાષ્ટ્રગીત જેવી જ કાનૂની સુરક્ષા આપવામાં આવી છે. (એજન્સી)

### કોણ છે હુમલાખોર?

સાહિબ દેવાનજી ગુરુદ્વારા સાથે સંકળાયેલો છે.

આ હુમલો બપોરે ૧.૪૫ વાગ્યે થયો હતો જ્યારે બાદલ પ્રાર્થના કર્યા પછી ગુરુદ્વારાના પગથિયાં ઊતરી રહ્યા હતા. જસપાલ સિંહે કથિત રીતે તેમની પાસે જઈને કિરપાણથી હુમલો કર્યો હતો. સ્થળ પર હાજર પોલીસ કર્મચારીઓએ તાત્કાલિક દરમિયાનગીરી કરીને તેને પકડી લીધો હતો.

પોલીસ હવે જસપાલ સિંહની પૂછપરછ કરી રહી છે અને હુમલા પાછળના હેતુની તપાસ કરી રહી છે.

### યુરોપમાં ફરી હીટવેવ

તાપમાનની જરૂર છે.

છેલ્લા કેટલાક સપ્તાહ ખૂબ મુશ્કેલીભર્યા રહ્યા છે. દુકાનો અને ઓફિસોની બહાર એસી ખૂબ ઓછી જગ્યાએ જોવા મળે છે. રોયલ કોલેજ ઓફ નર્સિંગના (આરસીએન) જણાવ્યા અનુસાર, હોસ્પિટલોમાં કામ કરવું મુશ્કેલ થઈ રહ્યું છે, જ્યાં નર્સ ગરમી અને થાકને કારણે બેભાન થઈ જવાની ઘટનાઓ બની રહી છે. આરસીએનના ચીફ એક્ઝિક્યૂટિવ અને જનરલ સેક્રેટરી પ્રોફેસર નિકોલા રેન્જરે કહ્યું હતું કે જ્યારે નર્સિંગ સ્ટાફને ગરમીના કારણે ચક્કર આવી રહ્યા છે, બીમારીની ફરિયાદ કરી રહ્યા છે. તેઓને જ હોસ્પિટલોમાં દાખલ થવું પડી રહ્યું છે. દેશના મોટા ભાગમાં દુષ્કાળ પડ્યો છે. જેના કારણે ઘરો, કૃષિ અને પર્યાવરણ માટે પાણીના સંસાધનો પર દબાણ વધી રહ્યું છે. ઇંગ્લેન્ડના દક્ષિણ ભાગોમાં પાણીની સપ્લાય કરતી કંપની 'સધર્ન વોટરે' દુષ્કાળનો સામનો કરવા માટે એક વિશેષ આદેશની માંગ કરી છે. જો આ મંજૂર થાય છે તો વેપારીઓ પર બિન-આવશ્યક પાણીના ઉપયોગ પર પ્રતિબંધ મૂકાશે, જેમાં કાર સાફ કરવા અને સ્વિમિંગ પુલ ભરવાનો સમાવેશ થાય છે. કંપનીએ કહ્યું કે વરસાદ ઓછો પડવાના કારણે હેમ્પશાયર અને આઇલ ઓફ વાઈટમાં પાણીની અછતનો ખતરો મંડરાઈ રહ્યો છે. પર્યાવરણ સચિવ એન્જેલા ઇગલ આ અરજી પર નિર્ણય લેશે.

### નાંદેડના ગુરુદ્વારામાં

પર વાત કરી હતી અને બાદલના આરોગ્ય અંગે જાણકારી મેળવી હતી.

પક્ષના વડા સુખબીરસિંહ બાદલની તબિયત સારી છે, એમ શિરોમણી અકાલી દળે ગુરુવારે કહ્યું હતું.

હુમલામાં બાદલ ઘાયલ થયા હોવાનું જણાવતાં નાંદેડના એસપી નિલભ રોહને સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે નિહંગ (માર્શિયલ ઑર્ડર ઑફ શીખ)ના સભ્ય દ્વારા કિરપાણથી બાદલ પર હુમલો કરવામાં આવ્યો હતો.

હુમલાખોરને કસ્ટડીમાં લેવામાં આવ્યો હોવાનું આઈપીએસ અધિકારીએ કહ્યું હતું.

બાદલને તાત્કાલિક સારવારાર્થે નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને જમણા હાથમાં બેથી ત્રણ ટાંકા લેવામાં આવ્યા હતા. બાદલની તબિયત સામે કોઈ જોખમ ન હોવાનું તેમણે કહ્યું હતું.

બાદલનું રક્ષણ કરવાના પ્રયાસ દરમિયાન સ્પેશ્યલ પ્રોટેક્શન યુનિટના પોલીસ અધિકારી સંતોષ કેન્દ્રે પણ ઘાયલ થયા હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

### ઍર ઈન્ડિયા

દિલ્હીમાં ઉતરાણ કર્યું હતું. આ વિમાનમાં ત્રણ બાળક સહિત ૧૩૭ ઉતારુ અને આઠ કર્મચારી હતા. વીસ ઉતારુ અને કેબિન ક્રૂના ચાર મેમ્બરને બનાવમાં ઈજા થઈ હતી, એમ છેલ્લામાં છેલ્લા આંકડામાં જણાવવામાં આવ્યું હતું.

ફુકેટ-દિલ્હી ફ્લાઈટના બનાવની સઘન તપાસના ભાગરૂપે બંને પાઇલટને ફ્લાઈટ પછી કેફી દ્રવ્યોની ટેસ્ટ કરાવી હતી.

પાઇલટ-ઇન કમાન્ડની શરૂઆતની કેફી દ્રવ્યોની ટેસ્ટ હકારાત્મક આવી હતી. ત્યાર બાદ માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળામાં બીજી ટેસ્ટ કરવામાં આવી હતી આ બન્ને ટેસ્ટ ગાંજા માટે પૉઝિટિવ આવી હતી, એવી માહિતી નાગરિક ઉડ્ડયન મંત્રાલયે આપી હતી.

### માનીતા શિક્ષકની

પ્રમુખે જીવ બચાવીને ત્યાંથી ભાગી જવું પડ્યું હતું.

જોકે હાલ ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે વિદ્યાર્થીઓએ શિક્ષકની ટ્રાન્સફર રોકવાની માગણી પર અડગ વલણ અપનાવ્યું છે.

છેલ્લાં ત્રણ દિવસથી શિસ્તબદ્ધ અને શાંતિપૂર્ણ રીતે ચાલી રહેલું વિદ્યાર્થીઓનું આંદોલન ગુરુવારે અતિ હિંસક બની ગયું હતું. રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ રસ્તા રોકો આંદોલન કર્યું હતું અને કાંડી પોલીસ થાણા પર પથ્થરમારો કર્યો હતો તેમ જ બ્લૉક પ્રમુખની કારની તોડફોડ કરી હતી.

આ હિંસક પ્રદર્શનમાં એક પોલીસનું માથું ફાટી જતાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. કાંડી પોલીસ સ્ટેશનના અધિકાર ક્ષેત્ર હેઠળના પ્લસ ટૂ ઉચ્ચ વિદ્યાલયની આ ઘટના છે.

### નેતાજી વિશે

સરકારી અધિકારીઓને સમાન રીતે લાગુ પડાશે. આ આદેશના એક દિવસ બાદ ગુરુવારે અવૉર્ડ પાછો ખેંચવાનો હુકમ સરકારે બહાર પાડ્યો હતો.

અનંત મહારાજે નેતાજીને 'યુદ્ધના ગુનેગાર' વર્ણવ્યા હતા અને ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં આઝાદ હિન્દ ફોજમાં તેમની ભૂમિકા અને નેતૃત્વને પડકાર્યું હતું. આના થોડા દિવસો બાદ અધિકારીએ પોલીસને કડક આદેશ આપ્યો હતો. રોય રાજ્યના ઉત્તર ભાગના કૂચ બીહારના છે અને તેઓ રાજવંશી સમાજના નેતા છે. રોયે દાવો કર્યો હતો કે નેતાજી પાસે આઝાદ હિંદ ફોજ ઊભી કરવાની કે એને સંગઠિત કરવાની ક્ષમતા નહોતી. આ લશ્કર હકીકતમાં જર્મનીએ આપેલા અંગ્રેજ-ભારતીય સૈનિકોનું એકમ હતું અને બોઝે આઈએનએનો દુરુપયોગ કર્યો હતો.

નેતાજી સામેની બદનક્ષીભરી ટિપ્પણીને પગલે સરકારે એવૉર્ડ રદ કર્યો હતો. રાજ્ય સરકારે આ વિવાદના સંદર્ભમાં સોશ્યલ મીડિયની ૧૦૮ પોસ્ટ હટાવી હતી. બુધવારથી આખા રાજ્યમાં છ એફઆઈઆર નોંધાયા હતા અને આ સંદર્ભમાં ઉત્તર દિનાજપુરના ઈસ્લામપુર વિસ્તારમાં એક ઈસમની ધરપકડ કરાઈ હતી. રોયને આ સમ્માન ૨૧ ફેબ્રુઆરીએ કોલકતામાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન સમારોહમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ આપ્યું હતું. રોયને સમાજના સામાજિક અને આર્થિક ઉત્થાન માટે આ અવૉર્ડ અપાયો હતો. (એજન્સી)

### ઝારખંડ વિધાનસભાનો

પર હુમલો કરવા બદલ ૩૦૦ અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

૧૦ ઑગસ્ટે વિધાનસભા સુધીની શાંતિપૂર્ણ કૂચમાં અવરોધ ઊભો કરવા બદલ અજાણ્યા ૩૦૦ જેટલા તોફાની તત્ત્વો વિરુદ્ધ વિધાનસભા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હોવાનું રાંચીના એસપી પારસ રાણાએ સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું. વીડિયો ફૂટેજની મદદથી આ તોફાની તત્ત્વોની ઓળખ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું એસડીપીઓ (હાતિયા)નીરજકુમારે કહ્યું હતું. વિધાનસભા તરફની કૂચ દરમિયાન ૧૪ પોલીસ ઘાયલ થય હોવાનું તેમણે કહ્યું હતું. નોકરીના ઉમેદવારો રાજ્યમાં ભરતી પરીક્ષાઓમાં આચરવામાં આવેલી કથિત ગેરરીતિનો છેલ્લાં લગભગ ૨૦ કરતાં પણ વધુ દિવસથી વિરોધ કરી રહ્યા છે. (એજન્સી)

### બાંગ્લાદેશની બત્તી ગૂલ

અનુસાર, રાજધાની ઢાકાના બહારના ગ્રામીણ વિસ્તારોમાં સૌથી વધુ વીજળી ગૂલ થઈ રહી છે. અહીં ૮-૧૦ કલાક સુધી વીજળી કાપ મુકાઈ રહ્યો છે. ભારે ગરમીના કારણે મુશ્કેલીઓમાં વધારો થયો છે. બાંગ્લાદેશમાં વીજળીની માંગ ૧૮,૦૦૦ મેગાવોટની આસપાસ રહી છે, પરંતુ પુરવઠો ૧૩,૦૦૦ મેગાવોટ સુધી મળી રહ્યો છે.

સ્થાનિક રિપોર્ટ અનુસાર, દિવસોથી ચાલી રહેલા અતિશય વીજળી કાપથી પરેશાન રહેવાસીઓએ કેટલાક વિસ્તારોમાં પાવર પ્લાન્ટ પર હુમલો કર્યો છે. તેના કારણે બાંગ્લાદેશ પલ્લી બિદ્યુત એસોસિએશનને ગ્રીડ, સબસ્ટેશન અને વીજળી કચેરીઓ માટે પોલીસ સુરક્ષા માંગવાની ફરજ પડી છે. છેલ્લા કેટલાક દિવસોમાં સ્થાનિક પોલીસ સ્ટેશનોને વીજળી સહકારી મંડળીઓ તરફથી પત્રો મળ્યા છે જેમાં વીજ સ્થાપનો પર પોલીસ તૈનાત કરવા અને નિયમિત રાત્રિ પેટ્રોલિંગની માંગ કરવામાં આવી છે. સૈદપુર, નીલફમારી અને કુશ્તિયામાં તોડફોડ અને આગચંપીના અહેવાલો આવ્યા છે. કેટલાક વિસ્તારોમાં બાકી વીજળી બિલ વસૂલવા જતા સમયે વીજ વિભાગના અધિકારીઓ પર હુમલો કરવામાં આવ્યો છે. બીજું કારણ દરિયામાં ખરાબ હવામાનને કારણે ઓછામાં ઓછા બે એલએનજી જહાજો ટર્મિનલ પર લાવી શકાયા નથી. વધુમાં આયાતી વીજળીમાંથી વીજ પુરવઠો પણ ઘટી ગયો છે, જેના પરિણામે બ્લેકઆઉટમાં વધારો થયો છે.

### ઓલા, ઉબર રાઈડ

માટે પ્રોત્સાહિત ન કરી શકાય એમ કહીને મોટર વાહન એગ્રીગેટર્સને તાત્કાલિક અસરથી તેમની એપ્લિકેશન્સમાંથી પ્રી-રાઇડ ટિપિંગ પ્રોમ્પ્ટ દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે. બુકિંગ પ્રક્રિયા દરમિયાન રાઇડ-હેલિંગ પ્લેટફોર્મ પર 'એડવાન્સ ટિપ', 'એડ-ઓન પસંદ કરો' અને 'ઝડપી રાઇડ પુષ્ટિની તમારી તકો સુધારો' જેવા સંદેશાઓ પ્રદર્શિત કરવાના અહેવાલોને પગલે સરકારે આ કાર્યવાહી કરી છે. આ સૂચનાઓથી ચિંતાઓ વધી હતી કારણ કે તે મુસાફરો પર એવી છાપ પાડી શકે છે કે ટિપ ચૂકવવાથી ડ્રાઇવર તેમનું બુકિંગ સ્વીકારે છે અથવા રાઇડ કેટલી ઝડપથી કન્ફર્મ થાય છે તેના પર અસર પડી શકે છે. સરકારે તમામ મોટર વાહન એગ્રીગેટર્સને તેમની મોબાઇલ એપ્લિકેશનો અને ડિજિટલ પ્લેટફોર્મની તાત્કાલિક સમીક્ષા કરવા અને મોટર વાહન એગ્રીગેટર માર્ગદર્શિકા, ૨૦૨૫નું પાલન ન કરતી સુવિધાઓ દૂર કરવા જણાવ્યું છે.







# મદનપુરામાં બહુમાળી ઈમારતમાં આગ: કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાયખલાના મદનપુરા વિસ્તારમાં ગ્રાઉન્ડ પ્લસ બાવીસ માળની બહુમાળી ઇમારતમાં ગુરુવારે બપોરના આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

વિલેપાર્લેમાં આવેલી બહુમાળીય ઈમારતમાં મંગળવારે મોડી રાતે લાગેલી આગમાં દોઢ વર્ષના બાળક અને મહિલાનું મૃત્યુ થયું હોવાની ઘટના તાજી છે ત્યાં ગુરુવારે બપોરે લગભગ ૧૨.૨૦ વાગ્યાની આસપાસ ભાયખલામાં મૌલાના આઝાદ રોડ પર ગ્રાઉન્ડ પ્લસ બાવીસ માળની એલિવન ટાવરના બી વિંગમાં આગ લાગી હતી. ફાયર બ્રિગેડના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

ફાયર અધિકારીઓના જણાવ્યા અનુસાર મદનપુરા વિસ્તારમાં નાગોરી નર્સિંગ હોમની સામે સ્થિત એલિવન ટાવરના બી વિંગના પહેલા માળે મીટર કેબિનમાં બપોરે ૧૨.૨૪ વાગ્યે આગ લાગી હોવાની જાણ થઈ હતી. લગભગ એક કલાકની જહેમત બાદ ૧.૨૫ વાગ્યાની આસપાસ આગ પર નિયંત્રણ મેળવવામાં આવ્યું હતું. આગમાં કોઈ ઈજાના અહેવાલ નથી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■

# મુંબઈ મેટ્રો ક્રેન તૂટી પડતાં જુહુ સર્કલ પર ટ્રાફિક જૅમ

## વાહનચાલકોને અડધો કલાકને બદલે ટ્રાફિકમાં બે કલાકથી વધુ સમય લાગ્યો


(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ ઉપનગરના અંધેરીમાં જુહુ સર્કલ પાસે ગુરુવારે સવારના મુંબઈ મેટ્રો લાઇન ટૂ-બીના બાંધકામ માટે તહેનાત કરાયેલી વિશાળ ક્રેન તૂટી પડતાં જુહુ સર્કલ પર કલાકો સુધી ટ્રાફિક જૅમ થયો હતો. પીક અવર્સમાં થયેલી આ દુર્ઘટના પગલે ઓફિસે જનારા અનેક લોકો કલાકો સુધી ટ્રાફિકમાં અટવાઈ ગયા હતા.

સવારના ઓફિસે જનારા સમયમાં પહેલાથી અંધેરી પશ્ચિમમાં ટ્રાફિક જૅમની સમસ્યા રહેલી છે, તેમાં પાછું સવારના સમયે ભારે વરસાદ દરમ્યાન વહેલી સવારના તૂટી પડેલી ક્રેન પગલે લાંબો ટ્રાફિક જૅમ થયો હતો, જેમાં વાહનોની લાંબી લાઈન લાગી હતી. સોશ્યલ મીડિયા પર તેના વીડિયો પણ ફરી વળ્યા હતા.

અંધેરી પશ્ચિમ, જુહુમાં સામાન્ય રીતે મુસાફરી પૂર્ણ કરવામાં ૨૦ થી ૩૦ મિનિટ લાગતી હોય છે ત્યારે વાહનચાલકોને રસ્તા પર લગભગ બે કલાક લાગ્યા હોવાની ફરિયાદ થઈ હતી. મેટ્રો ટૂ-બી પ્રોજેક્ટ માટે બુધવારે રાતના ગર્ડર બેસાડ્યા બાદ સવારના સમયે આ ક્રેનમાં ભંગાણ પડ્યું હતું. ક્રેનને કારણે એક તરફનો રસ્તો બંધ થઈ ગયો હતો.■




# બીકેસીથી વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે સુધી ડાયરેક્ટ કનેક્ટિવિટી

# એસસીએલઆરનો અંતિમ તબક્કો ખુલ્લો, ૩૫ મિનિટ બચશે

મુંબઈ: મુંબઈના પૂર્વ અને પશ્ચિમ ઉપનગરોને જોડતા મહત્ત્વાકાંક્ષી સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડનો અંતિમ તબક્કો હવે વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ વિસ્તરણના બીજા તબક્કા હેઠળ બનેલો ૧.૪૦ કિલોમીટર લાંબો ભારત નગર રોડ (યુનિવર્સિટી વિસ્તાર)-વાકોલા જંકશન એલિવેટેડ કોરિડોર ખુલતાં ૧૦.૩૦ કિલોમીટરનું સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડનું નેટવર્ક હવે પૂર્ણ થયું છે.

મુંબઈ મહાનગર પ્રદેશ વિકાસ સત્તામંડળ (એમએમઆરડીએ)ના આંકડા મુજબ આ અંતિમ અને મહત્વપૂર્ણ તબક્કાથી ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે વચ્ચે વધુ સુગમ જોડાણ ઉપલબ્ધ થયું છે. ખાસ કરીને બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે વચ્ચેની બંને દિશાની કનેક્ટિવિટી વધુ સરળ બનશે.

નવા એલિવેટેડ કોરિડોરના કારણે બીકેસી તરફથી આવતો ટ્રાફિક સીધો સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડના કેબલ-સ્ટેઈડ બ્રિજ સાથે જોડાઈ શકશે. બીજી તરફ, પશ્ચિમ એક્સપ્રેસ હાઈવે તરફથી આવતા વાહનો હાલના વાકોલા ફ્લાયઓવર મારફતે નવા એલિવેટેડ કોરિડોર પર પહોંચી શકશે.

આ વ્યવસ્થાથી વાહનચાલકોને કલિના, વાકોલા અને કાલાનગર જેવા ટ્રાફિક ભરેલા વિસ્તારોમાંથી પસાર થયા વિના સીધી હાઇવેની કનેક્ટિવિટીનો વિકલ્પ મળશે. પરિણામે બીકેસી અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે વચ્ચેના અનેક રૂટ પર મુસાફરીનો સમય ૩૫ મિનિટ સુધી ઘટવાની શક્યતા છે.

સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ શરૂ થયા બાદ તેના વિવિધ વિસ્તરણ તબક્કાઓ હેઠળ ઈસ્ટર્ન અને વેસ્ટર્ન મુંબઈ વચ્ચેની કનેક્ટિવિટી સતત મજબૂત કરવામાં આવી હતી. હવે આ કામ પૂર્ણ થતાં ૧૦.૩૦ કિલોમીટરનું આખું નેટવર્ક કાર્યરત બન્યું છે.

નવા કોરિડોરથી બીકેસી ઉપરાંત મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, વિવિધ વ્યાવસાયિક કેન્દ્રો તેમજ આસપાસના રહેણાંક વિસ્તારો સુધીની કનેક્ટિવિટી વધુ ઝડપી અને સુગમ બનવાની અપેક્ષા છે. ■

# દાદર અને સાંતાક્રુઝમાં ફૂટપાથ ઉપરથી ૧૫ દુકાનોનો સફાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈની ફૂટપાથને અતિક્રમણ મુક્ત કરવા માટે 'પૅડેસ્ટ્રિયન ફર્સ્ટ' પૉલિસી અમલમાં મૂકવામાં આવી છે, જે અંતર્ગત મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મુંબઈના જુદા જુદા વિસ્તારમાં આવેલી ફૂટપાથ પર ઊભા થઈ ગયેલા બાંધકામ હટાવી રહી છે, જેમાં ગુરુવારે દાદર અને સાંતાક્રુઝમાં ફૂટપાથ પરથી દુકાનો હટાવવામાં આવી હતી. હાઈ કોર્ટના નિર્દેશ અનુસાર પાલિકા કમિશનર અશ્વિની ભીડેના માર્ગદર્શનમાં મુંબઈમાં ફૂટપાથ પર બેસતા ગેરકાયદે ફેરિયા તથા અતિક્રમણને તાત્કાલિક હટાવીને તેને રાહદારીઓને ચાલવા માટે ખુલ્લી મૂકવામાં આવી રહી છે.

પાલિકાના આ અભિયાન હેઠળ રોજ મુંબઈના જુદા જુદા વિસ્તારમાં કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં ગુરુવારે 'એફ-દક્ષિણ' વૉર્ડ દ્વારા દાદર પૂર્વ પરિસરમાં કાર્યવાહી કરવામાં આવી હતી. દાદર પૂર્વમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર રોડ પર ફૂટપાથ પર અવરોધ નિર્માણ કરનારી ચાર અનધિકૃત દુકાનો, ૧૨ તાત્પૂરતા તાડપત્રીના શેડ, છ અનધિકૃત કટ્ટા અને ૧૫ ફેરિયાઓને હટાવવામાં આવ્યા હતા. 'એચ-પૂર્વ' વૉર્ડ દ્વારા સાંતાક્રુઝ પૂર્વ પરિસરમાં ટીપીએસ- ૩ પરિસરમાં રોડ નંબર છ, સાત અને ૧૧માં રહેલી છ ગેરકાયદે દુકાનો તેમ જ નાનાસાહેબ ધર્માધિકારી રોડને લાગીને આવેલી ફૂટપાથ પરથી પાંચ ગેરકાયદે દુકાનો હટાવવામાં આવી હતી. ■

# કાંદિવલીમાં ભેળસેળિયું દૂધ ગ્રાહકોને વેચનારો પકડાયો

મુંબઈ: કાંદિવલીમાં દૂધમાં ભેળસેળ કરીને ગ્રાહકોને વેચનારા ૪૮ વર્ષના શખસને સમતાનગર પોલીસે ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ ઇરન્ના લિંગય્યા ગોપનાબોઇન તરીકે થઇ હોઇ તેના ઘરમાંથી ૭૪ લિટર ભેળસેળિયું દૂધ જપ્ત કરવામાં આવ્યું હતું.

કાંદિવલી પૂર્વમાં લક્ષ્મીનગર ખાતેની રામઉજાગર ચાલમાં રહેતો ઇરન્ના ગોપનાબોઇ નામનો શખસ તેના ઘરમાં બ્રાન્ડેડ કંપનીની દૂધની થેલીમાંથી અમુક દૂધ કાઢી લીધા બાદ તેમાં પાણી ભેળવીને તે ગ્રાહકોને વેચી રહ્યો હોવાની માહિતી સમતાનગર પોલીસને મળી હતી.

આથી પોલીસની ટીમે બુધવારે વહેલી સવારે આરોપીના ઘરમાં રેઇડ પાડી હતી ત્યારે તે દૂધમાં પાણી ભેળવતો મળી આવ્યો હતો.■

# ભાજપના પદાધિકારી પર હુમલો: મનસેના અંબરનાથ એકમના પ્રમુખની ધરપકડ

થાણે: અંબરનાથમાં ભાજપના પદાધિકારી પર તેની જ ઑફિસમાં ઘૂસીને કથિત હુમલો કરવા પ્રકરણે પોલીસે શહેર એકમના પ્રમુખ અને તેના સાથીની ધરપકડ કરી હતી.

શિવાજી નગર પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની રાતે બની હતી. જૂની અદાવતમાંથી આ હુમલો કરાયો હોવાનું પ્રથમદર્શી જણાયું હતું. આ મામલે ગુનો નોંધી મનસેના શૈલેષ શિર્કે અને તેના સાથીની ધરપકડ કરવામાં આવી હતી. ઉલ્હાસનગર કોર્ટે તેમને ત્રણ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

ભાજપનો સ્થાનિક પદાધિકારી લક્ષ્મીનારાયણ ચૌહાણ મિત્રો અને પરિવારના સભ્યો સાથે વડવલી વિસ્તારમાં આવેલી તેની ઑફિસમાં બેઠો હતો ત્યારે શિર્કે મનસેના કાર્યકરો સાથે ત્યાં આવ્યો હતો. બળજબરીથી ઑફિસમાં ઘૂસેલા કાર્યકરો ચૌહાણને બહાર ખેંચી લાવ્યા હતા. ઑફિસનું શટર બંધ કરી દેવામાં આવતાં અનેક મહિલાઓ અંદર પુરાઈ ગઈ હતી. બાદમાં રસ્તા પર ચૌહાણની મારપીટ કરવામાં આવી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ઘટના બાદ ફરિયાદ નોંધાવવા ભાજપના નેતાઓ અને કાર્યકરો શિવાજી નગર પોલીસ સ્ટેશને ભેગા થયા હતા. તે જ સમયે મનસેના સમર્થકો પણ આવી પહોંચતાં તંગદિલીભર્યું વાતાવરણ નિર્માણ થયું હતું. પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડમાં જ બન્ને પક્ષના કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. હંગામો વધી જતાં ભાજપના કાર્યકરોએ શિર્કેને ફટકાર્યો હતો અને તેના વાહનની તોડફોડ કરી હતી.

પોલીસ અધિકારીઓએ મધ્યસ્થી કરીને બાખડી પડેલા કાર્યકરોને સમજાવ્યા હતા અને પરિસ્થિતિ પર નિયંત્રણ મેળવ્યું હતું. ફરિયાદને આધારે શિર્કે અને તેના સાથી વિરુદ્ધ ખંડણી, લૂંટ, ઑફિસમાં જબરદસ્તી ઘૂસીને હંગામો કરવા સહિત એસસીએસટી ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. સામે પક્ષે શિર્કેની મારપીટ અને વાહનની તોડફોડમાં સંડોવાયેલા ભાજપના કાર્યકરો વિરુદ્ધ મનસેના સમર્થકોએ ફરિયાદ નોંધાવી હતી. ■




# નાણાકીય વિવાદમાં શસ્ત્રના ઘા ઝીંકી યુવકની હત્યા: વધુ એકની ધરપકડ


નાંદેડ: નાંદેડ જિલ્લામાં નાણાકીય વિવાદમાં શસ્ત્રના ઘા ઝીંકીને યુવકની હત્યાના કેસમાં પોલીસે મંગળવારે ગોવર્ધન ઘાટ વિસ્તારમાંથી વધુ એક આરોપીની ધરપકડ કરી હતી, જેને પગલે આ કેસમાં પકડાયેલા આરોપીઓની સંખ્યા હવે છ પર પહોંચી છે.

જિલ્લાના ધનગાવ વિસ્તારમાં આવેલા પેટ્રોલ પંપ ખાતે ૮ ઑગસ્ટે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા યુવકની ઓળખ ઇન્દરજીત સિંહ બાવરી તરીકે થઇ હતી.

ઇન્દરજીત અને તેનો સાથીદાર લોન આપતી એક એજન્સીમાં કામ કરતા હતા અને તેમણે લોનનો હપ્તો ન ભરવા બદલ એક આરોપીની મોટરસાઇકલ જપ્ત કરી હતી, જેને કારણે આરોપી સાથે તેમની દુશ્મનાવટ હતી. આરોપી અને તેના સાથીદારોએ મોટરસાઇકલ પર ઇન્દરજીતનો પેટ્રોલ પંપ સુધી પીછો કર્યો હતો અને બાદમાં તેના પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો.

હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ઇન્દરજીતને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તેને ડોક્ટરોએ તપાસીને મૃત જાહેર કર્યો હતો. પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને મહિલા સહિત પાંચ જણની ધરપકડ કરી હતી. (પીટીઆઇ)■



## છેલ્લા પાનાનું ચાલુ

### ઘાટકોપર મૃત્યુઆંક

હતો, જેમાં ગુરુવારે વધુ એક મૃતદેહ મળી આવ્યો હતો. તો હૉસ્પિટલમાં હજી પણ જખમીઓ પર સારવાર ચાલી રહી છે ત્યારે ગુરુવારે પણ સતત વરસાદ વચ્ચે બચાવ કામગીરી ચાલુ રાખવામાં આવી હતી, એ દરમ્યાન કાટમાળ હેઠળથી સદ્દામનો મૃતદેહ મળી આવ્યો હતો.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ મૃતક સદ્દામ ખાન વિકેત યાદવનો મિત્ર હતો, જેનું પણ આ ઘટનામાં મૃત્યુ થયું હતું. દુર્ઘટના સમયે બંને વિકેત યાદવના જન્મદિવસની ઉજવણી કરી રહ્યા હતા ત્યારે તેઓ સાથે હતા. ગુરુવારે શોધખોળ દરમિયાન ખાનનો મૃતદેહ મળી આવ્યો હતો, જ્યારે બચાવ ટીમો કાટમાળમાંથી બહાર કાઢવાનું ચાલુ રાખ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે તેનો મૃતદેહ મોટા પથ્થરોમાં ફસાઈ ગયો હતો, જેના કારણે તેને બહાર કાઢવામાં અડચણ આવી હતી. લાંબા સમય સુધી ચાલેલા ઓપરેશન બાદ આખરે તે મળ્યો હતો અને તેને રાજાવાડી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘાટકોપરમાં ચોમાસાની ફરજ માટે પૂર્વ-તૈયાર કરાયેલી નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)ની ટીમોને ભેખડ ધસી પડવાની દુર્ઘટના બાદ તરત બચાવ કામગીરી માટે મોકલવામાં આવી હતી. એનડીઆરએફના અધિકારીના જણાવ્યા મુજબ સ્થાનિક લોકો સદ્દામ ખાન ગુમ હોવાનું સતત કહી રહ્યા હતા તેથી ગુરુવારે સવારે શોધ કામગીરી વધુ તીવ્ર બનાવી દીધી હતી. જોકે એક વિશાળ પથ્થરને કારણે કામગીરી ધીમી પડી ગઈ હતી. પથ્થરને હટાવવા દરમ્યાન તેના નીચેથી ખાનનો મૃતદેહ આખરે મળી આવ્યો હતો. સતત વરસાદને કારણે વિશાળ પથ્થર તોડવો પડકારજનક રહ્યું હતું. જગ્યા સાંકડી હોવાથી ક્રેશ સાઈટની અંદર મશીનરી જવી મુશ્કેલ હતી. તેથી પથ્થરને મેન્યુઅલી તોડવો પડ્યો હતો. એટલું જ નહીં પણ આ મોટો પથ્થર પણ ખૂબ જ અસ્થિર હતો અને તેથી ગમે ત્યારે તે પડી જવાનો ડર પણ હતો અને તેને કારણે એનડીઆરએફની ટીમના સભ્યો માટે પણ જોખમ ઊભું થયું હતું. ડોગ જેસી સાથેની ટીમે લગભગ ૩૦ કલાક સુધી પાલિકા અને મુંબઈ ફાયર બ્રિગેડ સાથે સંયુક્ત રીતે કાટમાળ હેઠળથી શોધવાનું અને કાટમાળ દૂર કરવાની કામગીરી ચાલી હતી. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ ગુરુવારે બપોરે ૧.૨૫ વાગ્યે જ શોધ કામગીરી બંધ કરવામાં આવી હતી. દુર્ઘટના સ્થળની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી અને કાટમાળ નીચે વધુ કોઈ પીડિત ફસાયેલા નથી તેની બચાવ ટીમોને ખાતરી થયા પછી જ કામગીરી બંધ કરવામાં આવી હતી.

### એફડીએએ કોઈ

હોવાનો દાવો કરીને લાઈસન્સ પ્રાપ્ત કરી આપવાને બહાને નાણાંની માગણી કરી અધિકારીઓ અને કર્મચારીઓના નામનો દુરુપયોગ કરતા હોવાની માહિતી એફડીએને મળી હતી, જેને પગલે આ સ્પષ્ટતા કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે ફૂડ ઍન્ડ ડ્રગ લાઈસન્સ માટે અરજી કરવાની પૂર્ણ પ્રક્રિયા ઑનલાઈન છે. આ રીતે કોઈ નાણાં પડાવે તો તેની ફરિયાદ તાત્કાલિક એફડીએ કમિશનરની ઑફિસમાં કરવાની અપીલ નાગરિકોને કરવામાં આવી છે. (પીટીઆઈ)

### ગિરીશ મહાજનના

કામ માટે હાઉસકીપિંગ ઑર્ડર મેળવી આપવામાં મદદ કરવાને બહાને એક વ્યક્તિ સાથે ૨.૧૭ કરોડ રૂપિયાની ઠગાઇ આચરી હોવાનો આરોપ છે.

બંને આરોપી અને તેમના સાથીદારોએ ભારત સરકારની મુદ્રા અને નાશિક ત્ર્યંબકેશ્વર કુંભમેળા પ્રશાસનનો સમાવેશ ધરાવતા કુંભમેળાનાં કામોની યાદી સાથેનો ફૅક ઑર્ડર બતાવીને ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. ગિરીશ મહાજને જણાવ્યું હતું કે તનય દૂરનો સંબંધી છે અને તેની વિરુદ્ધ ફોજદારી ગુના નોંધાયેલા છે. 'તે વંઠેલ વ્યક્તિ છે અને અગાઉ પણ તેની વિરુદ્ધ ફોજદારી ગુના નોંધાયેલા છે. મેં નાશિકના પોલીસ કમિશનર સંદીપ કર્ણિક સાથે આ અંગે વાત કરી છે. આ ગુનામાં ત્રણથી ચાર નામ સામે આવ્યાં છે. આ ગુનામાં છથી સાત જણ સંડોવાયેલા હોવાનું લાગે છે અને તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે.' એમ મહાજને કહ્યું હતું. નાશિના ડીસીપી કિરણકુમાર ચવાણે જણાવ્યું હતું કે કુંભમેળાના વર્ક ઑર્ડરને નામે ટોળકી દ્વારા છેતરપિંડી કરવામાં આવી રહી છે એ બાબતે ખુદ ગિરીશ મહાજને જ કર્ણિકને સર્તક કર્યા હતા. તપાસમાં એવું સામે આવ્યું છે કે આરોપીઓએ બોગસ દસ્તાવેજો બતાવ્યા હતા અને અત્યાર સુધી આગળ આવેલા ફરિયાદીઓને ૫૯૧ કરોડ રૂપિયાના વર્ક ઑર્ડર ફાળવ્યા હતા. આ સામે તેમણે ફરિયાદીઓ પાસેથી ૩૦૫ કરોડ રૂપિયા લઇને છેતરપિંડી આચરી છે. ૧૧ ઑગસ્ટે નાશિક રોડ પોલીસ સ્ટેશનમાં ત્રણ કેસ દાખલ કરવામાં આવ્યા છે અને અત્યાર સુધી બે જણની ધરપકડ કરાઇ છે, એમ ચવાણે કહ્યું હતું. ગિરીશ મહાજને જણાવ્યું હતું કે કુંભમેળાની ટેન્ડર પ્રક્રિયા ઓનલાઇન હાથ ધરાઇ છે. જોકે આ કૌભાંડ ઓફલાઇન પદ્ધતિથી કરીને અમુક લોકોને છેતરવામાં આવ્યા છે. પ્રધાને સ્પષ્ટતા કરી છે કે વર્ક ઑર્ડર અધિકારીઓને નામે જારી કરાતા નથી અને તેમાં અધિકૃત ક્યુઆર કોડ પણ હોતો નથી. આવી ૧૨ છેતરપિંડીની ઘટના સામે આવી છે, જેમાં નાશિક પોલીસ દ્વારા ત્રણ કેદ દાખલ કરવામાં આવ્યા છે. (પીટીઆઇ)

## ક્લાસિફાઈડ


### ૯. લગ્ન સંબંધી

■ હિન્દુ મુસ્લીમ સર્વ જ્ઞાતિ એડવોકેટ, એર હોસ્ટેસ, નર્સિસ, મોડેલ, ખોજા, મેમણ, વોરા, વિધવા, વિધુર, અલ્ટ્રામોર્ડન ભાઈ બહેનો સુખી લગ્ન પ્રોસેસ / LR 9377992110, 9867510027, 7383215115 TCA. (દહેજ નહીં). (બી-૧૭૯૮૧)

### ૧૨. યાત્રા સહેલગાહ

**માલશેજ - ભંડારધારા**

કોંકણ - ગોવા - ઈગતપુરી - લોનાવાલા - સાપુતારા - સિલ્વાસા પેકેજ. વ્હીકલર્સ ડિસ્કાઉન્ટમાં. RAGI: 9324213190. (૧૨૭૮-ઈ)

### ૧૭. જગ્યા આપવી છે

**હીરા પન્ના**

હાજીઅલી - 3 BHK ભાડેથી આપવાનો છે, સી / સીટી / કોસ્ટલ રોડ વ્યુ, પાર્કિંગ, કોન્ટેક્ટ 9820372950 / 9619775855 રૂપાણી એસ્ટેટ એજન્ટ્સ. (બી-૧૭૯૪૭)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ. પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી) (૧૩૦૦-જી)

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૨૦૪-સી)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


### મુંબઈમાં રિમઝિમ

ઓટોમેટિક વેધર સ્ટેશનના ડેટા મુજબ પૂર્વ ઉપનગરમાં સવારે આઠ વાગ્યાથી સાંજના છ વાગ્યાની વચ્ચે સૌથી વધુ સરેરાશ ૧૬.૫૦ મિલીમીટર વરસાદ નોંધાયો હતો. તો પશ્ચિમ ઉપનગરમાં ૧૩.૭૫ મિ.મી. અને મુંબઈ શહેરમાં ૧૧.૭૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો. સતત વરસાદથી મુંબઈને પાણી પહોંચાડતા સાત તળાવોને પણ ફાયદો થયો છે. છેલ્લા બે દિવસ દરમ્યાન તૂટક તૂટક વરસાદે સંયુક્ત પાણીનો સ્ટોક ૧૩.૦૬ લાખ મિલ્યન લિટર એટલે કે લગભગ ૯૦ ટકા સુધી પહોંચાડી દીધો છે. આ ગયા વર્ષે આ જ તારીખે નોંધાયેલા ૧૨.૯૧ લાખ મિલ્યન લિટર (૮૯.૨૧ ટકા) કરતા નજીવો વધારે છે. વર્તમાન પાણીના જથ્થા સાથે મુંબઈમાં અંદાજિત ૩૧૯ દિવસ સુધી ચાલે એટલો પાણીનો સ્ટોક થઈ ગયો છે. જળાશયોના સ્તરમાં સુધારો થયો હોવા છતાં શહેરને ૧૫ મેથી લાદવામાં આવેલા ૧૦ ટકા પાણી કાપ હજી સુધી પાછો ખેંચવામાં આવ્યો નથી.

### મુંબઈમાં કનેક્ટિવિટી

કર્યું હતું. નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર અને અન્ય લોકો પણ હાજર રહ્યા હતા. ફડણવીસે સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ ફેઝ-૨ ના અંતિમ બીકેસી - વાકોલા હિસ્સો અને મેટ્રો લાઇન ૨બી પર ચેમ્બુર મેટ્રો સ્ટેશનનું ઉદ્‌ઘાટન કરી ફડણવીસે થાણે-બોરીવલી ટ્વીન-ટનલ રોડ પ્રોજેક્ટ માટે બીજી ટનલ બોરિંગ મશીન 'અર્જુન'નું પણ લોન્ચિંગ કર્યું હતું. મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) વિસ્તારમાં ભીડ ઓછી કરવા માટે ૨૦૧૭-૧૮માં છ કનેક્ટિવિટી લિંક્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આઠ લિંક્સ બનાવવામાં આવી જેમાં છેલ્લી લિંકનું ગુરુવારે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

### ગોરેગામમાં ૬૦ રૂપિયાના

મારપીટ અને લાકડું ફટકારી અઝીઝ મોહમ્મદ અતિક ખાન (૨૯)ની હત્યા કરી હતી.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ડ્રાઈવર અને સિમેન્ટ-રેતી સપ્લાયનું કામ કરનારો અઝીઝ તેના સાથી કર્મચારી રાજેશ ઉર્ફે ટકલા સાથે રાતે જમવા માટે સલમાન હોટેલમાં ગયો હતો. તે સમયે હોટેલના માલિક દાનિશ ખાન સાથે બન્ને આરોપી રકઝક કરતા હતા. આરોપીઓનું જમવાનું બિલ ૨૬૦ રૂપિયા થયું હતું, પણ તે ૨૦૦ રૂપિયા જ આપવા તૈયાર હતા. બાકીના ૬૦ રૂપિયા માટે આરોપી અને હોટેલ માલિક વચ્ચે વિવાદ ચાલતો હતો.

### આદેશ ખોટો

પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે જાહેરાત કરી હતી કે,સરકાર બિન-મરાઠી ટેક્સી અને ઓટો-રિક્ષા ચાલકો માટે મરાઠી શીખવાની ૧૫ ઓગસ્ટની સમયમર્યાદા લંબાવશે નહીં તેના એક દિવસ બાદ સપા નેતાએ આ ટિપ્પણી કરી હતી. મીડિયા સાથે વાત કરતા આઝમીએ આક્ષેપ કર્યો કે સરકારનો નિર્ણય રાજકીય રીતે પ્રેરિત હતો. મુંબઈના ધારાસભ્યએ ક્રમશઃ અભિગમ અપનાવવાનું સૂચન કર્યું જેથી વાહનચાલકો એકથી ત્રણ વર્ષના ગાળામાં મરાઠી ભાષા શીખી શકે. આઝમીએ યાદ અપાવ્યું કે કોલકાતાએ સ્થાનિકો અને ત્યાં ઓટો-રિક્ષા ચલાવતા યુપી તથા બિહારના સ્થળાંતરિતો વચ્ચેના સંઘર્ષને કારણે પોતાનું સ્થાન ગુમાવ્યા બાદ મુંબઈ દેશની આર્થિક રાજધાની બન્યું હતું.

કોવિડ-૧૯ સંકટને યાદ કરતાં આઝમીએ ધ્યાન દોર્યું કે જ્યારે સ્થળાંતર કરનારા કામદારો મુંબઈ છોડીને ગયા ત્યારે શહેરને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કોઈ વ્યક્તિ અહીં થોડા દિવસો માટે રોજીરોટી કમાવવા આવે છે; તેને આ રીતે હેરાન કરવા યોગ્ય નથી.

### પંજાબના ભૂતપૂર્વ ડેપ્યુટી

સુખબીર સિંહ બાદલ પર થયેલા કાયરતાપૂર્ણ હુમલાની સખત નિંદા કરવામાં આવે છે. હું બાદલના ઝડપથી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું. નાંદેડમાં બાદલ જેવા નેતા પર હુમલો એ એવી ઘટના છે જેનાથી મહારાષ્ટ્રનું માથું શરમથી ઝૂકી જાય છે અને સરકારની પ્રતિષ્ઠા દાવ પર લાગે છે. હુમલાખોર અને ઘટના પાછળના લોકોના અસલી ચહેરા પ્રકાશમાં આવવા જોઈએ અને તેમને કડક સજા થવી જોઈએ.'

મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં ભૂતપૂર્વ વિરોધ પક્ષના નેતા દાનવેએ પણ સંપૂર્ણ તપાસની માગ કરી હતી.

નાંદેડના એસપી નીલાભ રોહને પીટીઆઈને જણાવ્યું હતું કે ગુરુદ્વારામાં એક નિહંગ (શીખોના લશ્કરી હુકમના સભ્ય)એ બાદલ પર કિરપાણ વડે હુમલો કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે બાદલના જમણા હાથમાં બે થી ત્રણ ટાંકા આવ્યા છે. (પીટીઆઈ)

### આંતરરાજ્ય ડ્રગ

દવાઓને અન્યત્ર વાળવા માટે ઉપયોગમાં લેવાતા નકલી ઈન્વોઈસ અને અન્ય વાંધાજનક દસ્તાવેજો પણ એનસીબીએ જપ્ત કર્યા હતા. તપાસમાં જણાયું હતું કે એન. શેખ ભિવંડી વિસ્તારમાંથી ડ્રગ્સનું નેટવર્ક ચલાવતો હતો અને અગાઉ એનડીપીએસના કેસમાં તેની ધરપકડ કરાઈ હતી, જ્યારે વડોદરાનો વિતરક પોલીસે નોંધેલા એનડીપીએસ ઍક્ટ હેઠળના કેસમાં ફરાર હતો. ટ્રામાડોલ અને સિરપ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના વેચવામાં આવતી નથી.

### રાજ્યના ૧.૮૦ કરોડ

ડુપ્લિકેટ મતદારોનો સમાવેશ થાય છે. બાકીના ચાર ટકા ફોર્મનું ડિજિટાઇઝેશન હજુ પણ ચાલુ છે એમ ચોક્કલિંગમે જણાવ્યું હતું. તેમણે નાગરિકોને વસ્તી ગણતરી ફોર્મ ભરવા માટે બાકીના ચાર દિવસમાં ફોર્મ ભરવાની પણ અપીલ કરી હતી. કુલ ૯.૭૮ કરોડ મતદારોમાંથી, લગભગ ૧.૮૦ કરોડ મતદારોના નામ ગણનામાં ન લઈ શકાય એવા છે. પરિણામે ૨૪ ઑગસ્ટે પ્રકાશિત થનારી ડ્રાફ્ટ મતદાર યાદીમાં તેમના નામનો સમાવેશ કરવામાં આવશે નહીં.

ચોક્કલિંગમે સ્પષ્ટતા કરી હતી કે ૧૮ ટકા મતદારોનું બાકાત રહેવું પણ મહત્વપૂર્ણ છે. જો આપણે રાષ્ટ્રીય સરેરાશ પર નજર કરીએ તો, ઘણા રાજ્યોમાં કુલ મતદારોમાંથી લગભગ ૧૩ થી ૧૮ ટકાના નામ બાકાત રાખવામાં આવ્યા છે. રાજકીય પક્ષોએ પણ આ પ્રક્રિયામાં સક્રિય ભાગ લીધો છે અને સરકારી બૂથ લેવલ ઓફિસર્સ મદદ કરવા માટે બૂથ લેવલ એજન્ટ્સ ની નિમણૂક કરવામાં આવી છે.

નામ ડ્રાફ્ટ યાદીમાં ન હોય તો મતદારોની સહી સાથે અરજી નંબર છ ભરીને 'એસઆઇઆર' હેઠળ નવી મતદાર યાદી તૈયાર કરવામાં આવશે, એમ ચોક્કલિંગમે જણાવ્યું હતું. ૧૮ વર્ષ પૂર્ણ કરનારા પાત્ર નાગરિકો પણ અરજી નંબર છ દ્વારા નોંધણી કરાવી શકે છે.

### રિક્ષા-ટેક્સી ડ્રાઈવરો

લંબાવવામાં આવે. વિપક્ષી શિવસેના (યુબીટી)ના પ્રવક્તા સંજય રાઉતે ડ્રાઇવરોએ સ્થાનિક ભાષા શીખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો જ્યારે કૉંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે કહ્યું હતું કે સ્થાનિક ભાષા શીખવી મહત્ત્વપૂર્ણ છે, પણ એ માટે દબાણ કરવું યોગ્ય નથી. રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા ડ્રાફ્ટ નોટિફિકેશન અનુસારમહારાષ્ટ્ર મોટર વાહન નિયમ, ૧૯૮૯ માં પ્રસ્તાવિત સુધારા હેઠળ ઇલેક્ટ્રોનિક મીટરથી સજ્જ મોટર કેબના ડ્રાઇવરને મરાઠી ભાષાનું સામાન્ય વાતચીત પૂરતું જ્ઞાન હોવું જરૂરી છે. એની એક નકલ બુધવારે સરનાઈકના કાર્યાલય દ્વારા મીડિયા સાથે શેર કરવામાં આવી હતી. સરનાઈકે જણાવ્યું હતું કે 'મુસાફરો સાથેની વાતચીત દરમિયાન તેઓ શું કહેવા માગે છે તે સમજવા અને સલામત તેમજ અનુકૂળ મુસાફરી થાય એ માટે સ્થાનિક ભાષા આવડવી જરૂરી છે. (પીટીઆઈ)

### મુંબઈમાં છેલ્લાં

ઇમારતોની સાથે જ ડુંગરાળ વિસ્તારમાં ભેખડ ધસી પડવાની શક્યતા હોય તેવા વિસ્તારમાં રહેવાસીઓને જગ્યા ખાલી કરીને સુરક્ષિત સ્થળે જવાની સૂચના આપવામાં આવે છે પણ તેનું પાલન નાગરિકો દ્વારા કરવામાં આવતું નથી અને ચોમાસામાં ભેખડ ધસી પડવાનું જોખમ કાયમ રહેતું હોય છે. મુંબઈમાં ૩૬માંથી ૨૫ મતદાર સંઘમાં લગભગ ૨૫૭ ઠેકાણે ડુંગરાળ વિસ્તારમાં વસતીઓને જોખમી તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે, તેમાંથી ૨૨,૪૮૩ ઝૂંપડાઓમાંથી ૯,૬૫૭ ઝૂંપડાઓના રહેવાસીઓને અન્યત્ર સ્થળાંતર કરવાની ભલામણ મ્હાડાના મુંબઈ ઝૂંપડપટ્ટી સુધાર મંડળે રાજ્ય સરકારને કરી હતી. બાકીના ઝૂપડાંઓને સુરક્ષા માટે ટેકરીને સીમાને લાગીને સુરક્ષા ભીંત ઊભી કરવાની સૂચના કરવામાં આવી હતી. જોકે આ સૂચનાનો અમલ હજી કરવામાં આવ્યો નથી.

## જૈન મરણ

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

પાળીયાદ નિવાસી હાલ થાણા કિશોરભાઇ ચુનીલાલ બારભાયાના ધર્મપત્ની તરૂલતાબેન (ઉં. વ. ૭૩) તા. ૧૧-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ગૌતમ ગઢ નિવાસી સ્વ. કમળાબેન ચીમનલાલ વોરાના દીકરી. તે રીના કૌશીકકુમાર તથા મનનના માતુશ્રી. તે હર્ષીતના નાની. તથા સ્વ. દિપકભાઇ, સ્વ. રમેશભાઇ તથા દિનેશભાઇ તથા જાગૃતિબેન કિરીટભાઇ ગાંઠાણીના બેન. પન્નાબેન, જ્યોત્સનાબેનના નણંદ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૬૦૧, સેરોનવીલા, ચરાઇ, થાણા.

**માંગરોળ જૈન**

પ્રફુલચંદ્ર ભગવાનદાસ શાહ હાલ કાંદિવલી (ઉં. વ. ૮૨) ગુરુવાર તા. ૧૩-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન ભગવાનદાસ શાહના પુત્ર. સ્નેહલતાબેન શાહના પતિ. સ્વ. કાંતાબેન અમૃતલાલ શાહના જમાઇ. સ્વ. ચંદ્રકાન્તભાઇ, સ્વ. જયંતીભાઇના નાનાભાઇ. મધુસુદનભાઇ, સ્વ. દિલીપભાઇના મોટાભાઇ. ચેતન અને સચિનના પિતાશ્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

તણસા નિવાસી હાલ ઘાટકોપર, મણિલાલ ગોપાલજી કનાડિયાના ધર્મપત્ની હીરાબેન (ઉં.વ. ૮૭) તા. ૧૨/૮/૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે જયેશ, રાજેશ, કલ્પના, જાગૃતિ, ડોલરના માતુશ્રી. નીલા, પ્રીતિ, હરેશકુમાર, જયેશકુમાર, સૌરભકુમારના સાસુ. રમણીકભાઇના નાનાભાઈના પત્ની. વિનયચંદ, તારાબેન, ચંદ્રાબેન તથા ઇન્દુબેનના ભાભી. પિયરપક્ષે દેવચંદભાઈ મોનજીભાઈ દોશી (દેવાળિયાવાળા)ના દીકરી. સાદડી તા. ૧૫/૮/૨૬ શનિવારના બપોરના ૨ થી ૫. સ્થાનઃ ૯૦૪, વરુણ બિલ્ડિંગ, સમાજ મંદિર હૉલ, શિવજી ટેકનીકલ સ્કૂલ સામે પંતનગર, ઘાટકોપર ઇસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ચારણિયા નિવાસી, સ્વ. લાભુબેન ભુપતલાલ કામદારના સુપુત્ર વિજયભાઇ (ઉં.વ. ૭૪) જે કિરણબેનના પતિ. સ્વ. હર્ષિલ, સ્વ. કૃણાલના પિતાશ્રી. ઈન્દુભાઈ, સ્વ. ચંદ્રકાન્તભાઈ, પ્રદીપભાઈ, જીતુભાઇ, સ્વ. વિરેશભાઈ, સ્વ. રમાબેન કાંતિલાલ, મંજુબેન જસવંતલાલ, સરોજબેન ભુપેન્દ્રભાઈ, નયનાબેન હેમેન્દ્ર, ચેતનાબેન મહેન્દ્રના ભાઇ. રમણીકભાઈ પ્રેમચંદભાઈ પારેખના જમાઈ. સુનિલભાઈ, દીપકભાઈ, સુધાબેન, કુમુદબેન, સ્વરૂપાબેન, વર્ષાબેનના બનેવી. તા. ૧૩-૮-૨૬ના ગુરુવારના અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પત્રીના જતીન મહેન્દ્ર દેઢીયા (ઉં.વ. ૫૪) તા. ૧૧-૮-૨૬નાં અવસાન પામ્યા છે. ભાનુમતી મહેન્દ્રના પુત્ર. જ્યોતિના પતિ. હાર્દિકના પિતા. ચેતન, અજીત, રીટાના ભાઇ. હેમકુંવર/ઝવેરબેન લાલજીના જમાઇ. પ્રાર્થના : ૧૪/૮, શુક્રવાર, શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ (મોટો ઉપાશ્રય), એસ.વી. રોડ, કાંદીવલી (પ.) સાં. ૩ થી ૪.૩૦.

મોટા લાયજાના શ્રી મેઘજીભાઈ કચરાભાઈ છેડા (ઉં.વ. ૮૧) તા. ૧૨-૮-૨૬ના અમદાવાદ મુકામે અવસાન પામેલ છે. માતુશ્રી સાકરબેન કચરાભાઇના સુપુત્ર. લાયજાના વેલબાઇ ખીમજી થોભણના જમાઈ. દમયંતીબેનના પતિ. ચેતન, દેવેન, રશ્મી રાજેન્દ્ર ગાલાના પિતાશ્રી. દામજીભાઈના નાના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મેઘજીભાઈ છેડા, ૪૦૩, ચિત્રલેખા એપાર્ટમેન્ટ, શત્રુંજય ટાવરની સામે, શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

ગઢશીશાના માતુશ્રી હંસાબેન ઠાકરશી દેઢિયા (ઉં.વ. ૮૯) તા. ૧૨-૮-૨૬ના દેહપરિવર્તન કરેલ છે. સ્વ. સોનબાઈ લધાભાઈના પુત્રવધૂ. સ્વ. ઠાકરશીના ધર્મપત્ની. સ્વ. ધીરેન, સુશીલા, લતા, ચંદ્રિકા, ઉષા, પ્રિતીના માતુશ્રી. નાગ્રેચા સ્વ. ખેતબાઈ વેલજી દેવજીના સુપુત્રી. હિરબાઈ, મોરારજી, કેશરબાઈ, પ્રેમિલાના બેન. પ્રાર્થના રાખેલ નથી. (ત્વચાદાન કરેલ છે) નિ. કિરણ દેઢીયા, ૨/૬, સીતા સ્મૃતિ, શિવાજી પાર્ક રોડ નં ૪, દાદર (વે).

ડેપા હાલે બાલાઘાટ (મ.પ્ર.)નાં અ.સૌ. મંજુલાબેન મામણીયા (શાહ) (ઉં.વ. ૭૧) તા. ૧૧-૮-૨૬નાં દેહ ત્યાગ કરેલ છે. હીરબાઇ કુંવરજી પુંજાભાઇના પુત્રવધૂ. રમેન્દ્ર (મગનના)ના ધર્મપત્ની. ગામ : નાના ભાડીયાના લક્ષ્મીબેન મોરારજી પુંજાની દિકરી. ગુણાનુવાદ રાખેલ નથી. નિ. સ્થાન : રમેન્દ્ર (મગન) શાહ, વોર્ડ નંબર ૧૭, નરેન્દ્ર માર્ગ, બાલાઘાટ (મ.પ્ર.) ૪૧૮૦૦૧.

બેરાજાના શ્રી ડુંગરશીભાઈ લખમશી ગંગર (ઉં.વ. ૮૧) તા. ૧૨-૮-૨૬નાં અવસાન પામેલ છે. સોનબાઈ લખમશીના પુત્ર. મંજુલાબેનના પતિ. સમીર, ભાવના, અલ્પાના પિતા. ભૂપેન્દ્ર, ધનવંતી, હેમલતા, નિર્મલા, નયનાના ભાઈ. મણીબેન મોરારજીના જમાઈ. પ્રા .બોરીવલી (વે), શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી. રોડ (મોટો ઉપાશ્રય). ટા.૩ થી ૪.૩૦.

કાંડાગરાના શ્રી પોપટલાલ કેશવજી ગાલા (ઉં.વ. ૭૫) ૮-૮-૨૬ના કચ્છમાં અવસાન પામેલ છે. સ્વ. ઉમરબાઈ કેશવજી શિવજી ગાલાના સુપુત્ર. શાંતાબેનના પતિ. શિલ્પા, દિપેશ, ભાવેશના પિતાશ્રી. ભાણજી, લાલજી, ડુંગરશી, મુલચંદ, લખમશી, મંગલ, લક્ષ્મીચંદ, ભુજપુરના ગં.સ્વ. ખેતબાઈ કેશવજી ભેદા, કાંડાગરાના રતનબાઈ કેશવજી, જખીબાઈ શામજી છેડાના ભાઈ. લુણી રતનબાઈ ઉમરશી દેઢિયાના જમાઈ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં.સં. કરસન લધુ હોલ, દાદર. ટા.: ૨ થી ૩.૩૦.

## હિન્દુ મરણ

**ગામડિયા દરજી**

મલાડ નિવાસી, વીણાબેન પ્રવીણભાઈ મરચન્ટ (ઉં.વ. ૬૧) તા. ૬-૮-૨૬ના રોજ દેવલોક પામ્યાં છે. તે પ્રવીણભાઈ તુલસીદાસ મરચન્ટનાં પત્ની. રવિ, હેતાનાં માતા. જીનલ, પ્રતીકકુમારનાં સાસુ. કમલેશભાઈ, ઉષાબેન, નયનાબેન, કવિતાનાં ભાભી-જેઠાણી. દક્ષાબેન મણિલાલ બિલિમોરિયા (હઝારિયા)નાં પુત્રી. તેમનું બેસણું સોમવાર, તા. ૧૭/૮/૨૬ના રોજ સાંજે ૪:૦૦થી ૬:૦૦. સ્થળઃ ૩જે માળે, પોડિયમ, આદિત્ય પ્લાઝા, દાદી શેઠ રોડ, મલાડ વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મુંબઇ બોરીવલી નિવાસી હંસાબેન પ્રકાશ દેવાણી (ઉં. વ. ૭૧) તા. ૧૨-૮-૨૬ના અવસાન પામેલ છે. પ્રકાશ દેવાણીના પત્ની. સ્વ. મંજુલા મકનજી દેવાણીના પુત્રવધૂ. કેયુર, નીરવના માતા. પૂનમના સાસુ. ભારતી જસાણી, સુધીર દેવાણી, તરલા ઉનડકટના ભાભી. સ્વ. સમરતબેન છગનલાલ સોમૈયાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. આગન કલાસીક હોલ, કેન્ટ ટાવર, એમ. કે. સ્કૂલની બાજુમાં, બોરીવલી (વેસ્ટ).

**ઇડર ચૌદસી તપોધન બ્રાહ્મણ**

ગામ ઝિંઝવા હાલ સાનપાડા નવી મુંબઇ સ્વ. ડાહીબેન મણીલાલ જાની (ઉં. વ. ૯૯) તા. ૧૨-૮-૨૦૨૬ બુધવારના રોજ સાનપાડા, નવી મુંબઇ ખાતે દેવલોક પામ્યા છે. તે સ્વ. કિર્તીભાઇ, રમેશભાઇ, મહેશભાઇ, અરુણભાઇ તથા હેમાબહેનના માતુશ્રી. સ્વ. વસંતલાલ, સ્વ. જટાશંકર, સ્વ. જયંતિલાલ, સ્વ. મનુપ્રસાદ, મહેન્દ્રપ્રસાદ તથા સ્વ. લક્ષ્મીબેન, સ્વ. દેવકીબેન, સ્વ. સુશીલાબેન તથા ભાનુબેનના બેન. સ્વ. માયાબેન, નિહારિકા, જાગૃતિ, નીપા તથા મુકેશકુમારના સાસુ. હીના, ભાવેશ, રોશની, મેહુલ, પરાગ, હાર્દિક તથા વિરાજના દાદી. ડોલી તથા ચિરાગના નાની. પ્રાર્થનાસભા, શુક્રવાર, તા. ૧૪-૮-૨૬ સાંજે પથી ૭. ઠે. સૌરાષ્ટ્ર પટેલ સમાજ હોલ, પ્લોટ નં. ૬, સેક્ટર નં.૨, સાનપાડા રેલવે સ્ટેશનની બાજુમાં, સાનપાડા (ઇસ્ટ).

**જૂનાગઢ મોઢ ગોભવા**

હાલ વિરાર નિવાસી અ.સૌ. હંસીકાબેન (ઉં.વ. ૭૦) તા. ૧૩-૮-૨૬, ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તેઓ ભરત કિશોરભાઈ મોદીના ધર્મપત્ની તથા રિદ્ધિના માતુશ્રી. સ્વ. કીર્તિભાઈ, ઉષાબેન, પ્રતિભાબેનના ભાભી. ગૌરવ ગાંધીના સાસુ. સ્વ. પુષ્પાબેન, કૃષ્ણદાસ પરીખની સુપુત્રી. સ્વ. સતીષભાઈ, સ્વ. રશ્મીબેન સંજયકુમાર શાહ તથા વિણા દીપક શાહના બહેન. તેમની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૫-૮-૨૬ના ૪.૦૦થી ૬.૦૦. સ્થળઃ સ્વામિનારાયણ સંસ્કારધામ, અક્ષરધામ કોમ્પ્લેક્સ, ત્રીજે માળે, એસ.વી. રોડ, માલાડ (પશ્ચિમ) નીલગિરિ અર્પાટમેન્ટની સામે.

**ઘોઘારી લોહાણા**

જયાબેન કાંતિલાલ માધવાણી (ઉં.વ. ૮૦) તે સ્વ. કાંતિલાલ શામજીભાઈ માધવાણીના પત્ની. સ્વ. જીતેન્દ્ર, અશોક, વિનોદ ભક્તિ દીપકકુમાર નથવાણીના માતા. સ્વ. મોહનભાઈ વિરજી સાદરાણીના સુપુત્રી. યશ, મયૂરી, પ્રિયાંશી, હર્ષિલ, નીકુંજ, નૈતિકના દાદી. કરીશ્મા, ઓમના નાની ૧૩-૮-૨૬ના શ્રીજીચરણ પામેલા છે. તા. ૧૫-૮-૨૬ના સાંજે ૪થી ૬. ટેલિફોનિક પ્રાર્થનાસભા છે.

**શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ**

પાર્લા નિવાસી ચંદ્રાબહેન દિનેશભાઇ વ્યાસ (ઉં. વ. ૮૬) તા. ૧૨-૮-૨૬ના દેવલોક પામેલ છે. તે સોનલ રાગેશ શ્રોફ, રૂપલ સંજય બદીયાણી, તેજલ સંજય મહેતાના માતુશ્રી. ઇચ્છાશંકર નંદલાલ ભટ્ટના દીકરી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

ઉપલેટા નિવાસી, હાલ અંધેરી વીણાબેન કાંતિલાલ માંડાણીના પુત્રવધૂ આશીષા, તે કેતનભાઇના ધર્મપત્ની. તે પ્રદીપભાઇ, પન્નાબેન, ઇલા ગુણવતરાય, બિન્દુ કિરણકુમાર, પ્રજ્ઞા પ્રફુલકુમાર, જયશ્રી સોમનના ભાભી. સ્વ. સુરેશભાઇ અને સ્વ. ચારુલતાબેન પારેખની પુત્રી. તે નીમીષાબેન પારેખની બેન. કૃણાલ, પ્રિયા, રાધીકા, સોનાલીના કાકી. બુધવાર તા. ૧૨-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સાદડી તા. ૧૫-૮-૨૬ના નિવાસ સ્થાને : એ-૭૦૩, સ્વાશ્રય કો. ઓ. સોસાયટી, ઉપાશ્રય લેન, જુહુ ક્રોસ રોડ, અંધેરી (પશ્ચિમ), શ્રીરામ સ્કૂલ, સાંજે પથી ૭.

**ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી**

સ્વ. શાસ્ત્રી મનહરલાલ કાંતિલાલ જોષી (ઉં. વ. ૭૩) ગામ પેઢમાલા હાલ મુંબઇ મંગળવાર, તા.૧૧-૮-૨૬ના મુંબઇ મુકામે દેવલોક પામ્યા છે. તે રાજશ્રીબેનના પતિ. બાબુલાલ કાંતિલાલ જોશીના નાનાભાઇ. હિતેશ-નિરવ-મોનીકા, વૈદેહીના પિતાશ્રી. હેમાબેન તથા પ્રિયંકાના સસરા. શારદાબેન મનહરલાલ પંડયા, તારાબેન, નરોત્તમદાસ ઠાકરના ભાઇ. શ્વસુર પક્ષની સાદડી : સ્વ. જીવતરામ ગજાનંદ ભટ્ટ (બાંસવાડા) બન્ને પક્ષની સાદડી સાથે રાખેલ છે. શુક્રવાર, તા. ૧૪-૮-૨૬ના સાંજે પથી ૭. ઠે. હાલાઇ લોહાણા મહાજનવાડી, ત્રીજે માળે, બેન્ક ઓફ બરોડાની પાસે, સી.પી. ટેન્ક (બ્રાંચ), ઉત્તરક્રિયા : મુંબઇ મુકામે તેરમાની વિધિ, રવિવાર, તા. ૨૩-૪-૨૬ના રોજ, મોરારબાગ, સી. પી. ટેન્ક રોડ, મુંબઇ-૪૦૦૦૦૪. સવારે ૧૧.૦૦ કલાકે.

**કપોળ**

ઉષાબેન (બાળાબેન) (ઉં. વ. ૯૬) તે લીખાળા સાવરકુંડલાવાળા હાલ મુંબઇ સ્વ. ધીરજલાલ મગનલાલ ગાંધીના ધર્મપત્ની. સ્વ. સંતોકબેન અને સ્વ. શામળદાસ દેવચંદ મોદી (ગ્વાલિયરવાળા)ના દીકરી. સ્વાતીબેન વોરા, સંજયભાઇ અને સમીરભાઇના માતુશ્રી. રમેશભાઇ ભાઇલાલ ભાઇ વોરા, ફાલ્ગુનીબેન અને માલનબેનના સાસુશ્રી. બુધવાર, તા. ૧૨-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવારે, તા. ૧૬-૮-૨૬ના સાંજે પથી ૭. ઠે. સિદ્ધાર્થ હોલ, કોકિલાબેન હોસ્પિટલની સામે, અંધેરી (વેસ્ટ), સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ દ્વારકાના હાલ મુંબઇ અંધેરી અ. સૌ. કુંજબાળા નવીનચંદ્ર કાકુભાઇ ઠક્કર (જટાણીયા) (ઉં. વ. ૮૧) તે સ્વ. પ્રેમકુંવર બેન (દિવાળીબેન) પ્રેમજીભાઇ બારાઇના સુપુત્રી. ભાવના, છાયા, જયેશ, હિમાંશુના માતુશ્રી. મનોજકુમાર ઠક્કર, ધર્મેશકુમાર મોટલા, બીનલ, ભાવિના સાસુ. નિકેત-રિદ્ધિ, કરણ-સ્નેહ, નિલય, માયરાના દાદી. કરિશ્મા-નિષિત બક્ષી, વિશાલ, દેવાંશી, વિવેક, ઇશયના નાની. તા. ૧૨-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

રાજુલાવાળા, હાલ વિલે પાર્લે, સ્વ. બળવંતરાય નરોત્તમદાસ કણકિયા અને સ્વ. ભાનુબેનના સુપુત્ર હર્ષદભાઈ (ઉં.વ. ૭૧) તા. ૧૩-૮-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રજ્ઞાબેનના પતિ. ચિંતન તથા ડૉલીના પિતા. ફાલ્ગુની તથા મનનના સસરા. અરુણાબેન, દિનેશભાઈ, અશ્વિનભાઇ અને હર્ષાબેનના ભાઈ. પિયરપક્ષે પાલિતાણાવાળા સ્વ. જમનાદાસ નંદલાલ હકાણી તથા ગં.સ્વ. સવિતાબેન જમનાદાસ હકાણીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૬-૮-૨૬ના રવિવારના સાંજે ૫:૦૦ થી ૭:૦૦. સ્થળ: ૧લે માળે, વિશ્વેશ્વર ભવન, સંન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલે પાર્લે વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

સ્વ. હસમુખભાઈ દેવાણી (ઉં.વ. ૬૮), ગો.વા. ચંપાબેન મોહનલાલ મકનજી દેવાણી (કેશોદવાળા) હાલ કાંદીવલીના પુત્ર. તે પ્રીતિબેનના પતિ. મિતલ વિરેનકુમાર જોબનપુત્રા તથા કુંજના પિતાશ્રી. ઈન્દુબેન, ગો.વા. નરેન્દ્રભાઈ, પ્રવીણભાઈ, પ્રફુલભાઈના ભાઈ. ખોપોલીવાળા મગનલાલ હરગોવિંદદાસ તન્નાના જમાઈ. ગુરૂવાર, તા. ૧૩-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૫-૮-૨૬ના સવારે ૧૦.૦૦ કલાકે જૈન ઉપાશ્રય, ૫મો માળ, પારેખ લેનની બાજુમાં, એસ. વી. રોડ, કાંદીવલી-વેસ્ટ.

**બાલાસિનોર દશાનિમા વણિક**

સ્વ. શાંતાબેન કીર્તનલાલ કડકીયા (વલ્લભગેલા)ના સુપુત્ર રાજનભાઇ (ઉં.વ. ૭૯) તે ભાવનાબેનના પતિ. દીપેન અને અપૂર્વના પિતાશ્રી. કાજલ અને રોનકના સસરા. સરિસા, ટ્વિસા, કાદીર, આહીરના દાદા. કમળાબેન રમણલાલ શાહ (ચકવા)ના જમાઈ તા. ૧૩-૮-૨૬ શ્રીજીચરણ પામ્યા છે. સાદડી તા. ૧૫-૮-૨૬ સમય સાંજે ૪ થી ૬. સ્થળ: પાવનધામ, મહાવીર નગર, કાંદીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**લુહાર સુતાર**

ગામ અમરેલી હાલ ભાયંદર, સ્વ. મણીભાઈ પરસોત્તમભાઈ ડ્રેડીયાના પુત્ર ચેતનભાઈ ડ્રેડીયા (ઉં.વ. ૫૪) તા. ૧૧/૮/૨૬ના શ્રીરામચરણ પામ્યા છે. તે રેણુકાબેનના પતિ. નવનીતભાઈ, ભરતભાઇ, સ્વ. હસમુખભાઈ, મધુબેન, દક્ષાબેન, કપિલાબેન, ઈલાબેન, ભારતીબેન, રશ્મીબેન, દિપાલીબેનના ભાઇ. ગામ મોઠાવાળા ગોવિંદભાઈ પ્રેમજીભાઈ પરમારના જમાઈ. ઈશાબેન વિપુલકુમાર કાચાના પિતા. પ્રાર્થનાસભા તા. ૧૪/૮/૨૬ના શુક્રવાર સાંજે ૫ થી ૭. સ્થળ: શ્રી લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ -૩, વિશ્વકર્મા ચોક, બોરીવલી ઇસ્ટ.

**દશા નીમા વણિક**

અમદાવાદ હાલ બોરીવલી, અનિરૂદ્ધભાઈ જશવંતલાલ મહેતા (ઉં.વ. ૭૮) તે સ્વ. સુભદ્રાબેન તથા સ્વ. જશવંતલાલ મહેતાના પુત્ર. સ્મિતાબેનના પતિ. ચિરાગ, ચૈતાલી તથા સોનાલીના પિતા. વિપુલ, ઝીલ તથા દિશાના સસરા. મહેશભાઈ, રશ્મિભાઈ, નીતિનભાઈ, કાશ્મીરાબેન, પ્રજ્ઞાબેનના ભાઈ તા. ૧૨/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૮૦૩, મેશાકોન નેસ્ટ, સ્ટેપર સ્ટોપ પાસે, અંધેરી વેસ્ટ.

**હાલાઈ ભાટિયા**

ચી. અર્જુન દીપક કાપડિયા (ઉં.વ. ૪૩) તે સ્વ. નીતાબેન તથા દીપકભાઈ કાપડિયાના સુપુત્ર. લાલજીભાઈ લક્ષ્મીદાસના પૌત્ર. સ્વ. કિશોરભાઈ તથા વસંતબેન મહેતાના દૌહીત્ર, બુધવાર, તા. ૧૨-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા.૧૪-૮-૨૬ના, સમય સાંજે ૫.૩૦ થી ૭. હૉલ ઑફ કલ્ચર, નહેરુ સેન્ટર, વરલી. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા સોરઠીયા વણિક**

ઓશાવાળા હાલ કાંદિવલી, ચેતનભાઈ છોટાલાલ ઝવેરી (ઉં.વ. ૫૦) બુધવાર, તા. ૧૨-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ગં.સ્વ. હંસાબેન છોટાલાલ ઝવેરીના પુત્ર. હેમાબેનના પતિ. અયાનના પિતાશ્રી. નેહાબેન દેવાંગભાઈ શાહના ભાઈ. પ્રભાસ પાટણવાળા કોકિલાબેન - જયંતભાઈ શાહના જમાઈ. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

સીલ્લુ જમશેદ કેરાવાલા તે મરહુમ પેરીન અને મરહુમ જમશેદના દીકરી. તે બહેરામ જે. કેરાવાલાના ભાણ. તે અનાહીતા અને નીલુફરના ફુઇજી. તે બીલટી બી. કેરાવાલાના નણંદ. (ઉં. વ. ૭૮) રે. ઠે. ૬૨૨, પાલ્ટા મેનશન, પારસી કોલોની, લેડી જહાંગીર રોડ, ૫ ગાર્ડન નજદીક, દાદર મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણું: તા. ૧૪-૮-૨૬ના દિવસે સાંજે ૩.૪૫ એ ડુંગરવાડી બેનેટ બંગલી નંબર ૬માં કરવામાં આવશેજી.

કેટી મનચેરશા મહેતા તે મરહુમ મોટામાઇ અને મનચેરશા મહેતાના દીકરી. તે અદી અને બાનુ બંગશ અને મરહુમ નોશીરના બહેન. તે વીરાફ, વીરા અને માલકમના ફઇ. તે ઝીનોબ્યા અને જાલાજાના નણંદ. તે મરહુમ શામ બંગેશના સાલી. (ઉં. વ. ૭૫) રે. ઠે. એ-૧૦/૨૦૪, પ્રાજાકતા શાન્તી નગર, સી. એચ.એસ. સેક્ટર ૭, શાન્તિ નગર, મીરા રોડ, ઠાણે, ૪૦૧૧૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૪-૮-૨૬ના સાંજે ૩.૪૦એ ડુંગરવાડી ભાભા બંગલી નંબર-૧માં કરવામાં આવશેજી.


**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

|| ૐ શાંતિ ||



# શ્રી કિરીટ એલ. લાપસિયા

૧૧ માર્ચ ૧૯૩૮ - ૦૯ ઓગસ્ટ ૨૦૨૬

## પ્રાર્થના સભા

શુક્રવાર, તા. ૧૪ ઑગસ્ટ ૨૦૨૬ | સાંજે ૫:૦૦ થી ૭:૦૦, યોગી સભાગૃહ,
પહેલા માળે, લોકમાન્ય તિલક કોલોની,દાદર રેલ્વે સ્ટેશન (પૂર્વ) સામે, મુંબઈ
(વૅલે પાર્કિંગની વ્યવસ્થા છે)

સ્વ. શ્રી કિરીટ લાપસિયાની ઈચ્છાને માન આપી, પ્રાર્થના સભા પછી ભોજન માટે પધારવા આપ સૌને નમ્ર વિનંતી છે. (ચોવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે)

## શોકગ્રસ્તઃ

સ્વ. શ્રીમતી માધુરી કિરીટ લાપસિયા

શ્રીમતી ચંદ્રિકા તથા શ્રી ચેતન લોડાયા
શ્રીમતી મનીષા તથા શ્રી કુમાર દૌલત
શ્રીમતી સરિતા તથા શ્રી ગૌતમ દૌલત
શ્રીમતી કનક તથા શ્રી જયેશ અજાણી
શ્રીમતી રિતિકા તથા શ્રી ઉદય લાપસિયા

શ્રીમતી નિર્મળા તથા શ્રી કિશોર લાપસિયા
શ્રીમતી નિર્મળા તથા સ્વ. શ્રી વસંત એલ. લાપસિયા
શ્રીમતી ઇન્દિરા તથા સ્વ. શ્રી ભાસ્કર એલ. લાપસિયા
શ્રીમતી તરલા તથા સ્વ. શ્રી લલિત એલ. લાપસિયા
સ્વ. શ્રીમતી સરસ્વતી તથા શ્રી જયંત એલ. લાપસિયા

વેદ, વિધિ, ઐનિશ, દિવ્યા, અક્ષય, ઋષભ, રિયાશા, અંશ, સિમરન, અક્ષય, તીર્થ, ભક્તિ, સંજય, કાવ્યા, ધ્રુઆન, ગીત, કૃષ્ણા, ચેતન, પંક્તિ, ધરમ, દક્ષા, કેતન, ખુશ્બૂ, સૂરજ, નાયરા, જિજ્ઞા, રશેશ, વિધિ, ધ્રુવ, વૃંદા, હર્ષ

**સમગ્ર લાપસિયા અને યુ. એમ. ખોના પરિવાર**

# મારે એની તલવાર

## ભારતે ૨૦ દેશ વચ્ચેની તલવારબાજીની કૉમનવેલ્થ સ્પર્ધામાં પહેલી વખત ચૅમ્પિયન બનીને વિલ્કિન્સન સ્વૉર્ડ ટ્રોફી જીતી લીધી

લાગૉસ (નાઇજિરિયા): બ્રિટિશ સામ્રાજ્યએ જેના પર રાજ કર્યું હતું એવા ૫૦થી વધુ દેશો તેમ જ બીજા અમુક દેશો વચ્ચેની તાજેતરની ગ્લાસગો ખાતેની કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતે ૧૩ ગોલ્ડ મેડલ સહિત કુલ ૩૯ ચંદ્રક સાથે ચોથું સ્થાન મેળવ્યું ત્યાર બાદ હવે કૉમનવેલ્થ ફેન્સિંગ ચૅમ્પિયનશિપમાં ભારતીય સ્પર્ધકોએ ઐતિહાસિક અને અસાધારણ પર્ફોર્મ કર્યું છે.

તલવારબાજીની આ સ્પર્ધામાં ભારત કુલ ૩૫ મેડલ સાથે પહેલી જ વખત ઓવરઑલ ચૅમ્પિયન બન્યું છે. આ વિરલ સિદ્ધિ બદલ ભારતને કૉમનવેલ્થ ફેન્સિંગ ફેડરેશન તરફથી વિલ્કિન્સન સ્વૉર્ડ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

### કયા ૨૦ દેશે ભાગ લીધો?

આફ્રિકા ખંડમાં નાઇજિરિયાના લાગૉસમાં આયોજિત તલવારબાજીની આ સ્પર્ધામાં કુલ ૨૦ દેશના સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને એમાં ભારતે ૧૩ ગોલ્ડ, આઠ સિલ્વર અને ૧૪ બ્રૉન્ઝ મેડલ જીતી લીધા હતા. આ ચંદ્રકો અન્ડર-૨૩ તથા સિનિયર કૅટેગરીમાં મેળવ્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ દેશોમાં ભારતે તલવારબાજીના સૌથી વધુ ૬૭ સ્પર્ધક મોકલ્યા હતા. અન્ય ૧૯ દેશમાં નાઇજિરિયા, ઑસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ઇંગ્લૅન્ડ, બોટ્સવાના, સાયપ્રસ, ઘાના, ગન્ઝી, જમૈકા, મોરિશ્યસ, નામિબિયા, કેન્યા, નોર્ધર્ન આયરલૅન્ડ, પાકિસ્તાન, સિંગાપોર, સાઉથ આફ્રિકા, ગામ્બિયા, ટૉગો અને વેલ્સનો સમાવેશ હતો.

ફેન્સિંગ અસોસિયેશન ઑફ ઇન્ડિયાના સેક્રેટરી-જનરલ રાજીવ મહેતાએ અખબારી યાદીમાં જણાવ્યું, 'ભારતે કૉમનવેલ્થ ફેન્સિંગ ચૅમ્પિયનશિપનું ટાઇટલ પહેલી જ વખત જીતી લીધું એ જ બતાવે છે કે ભારતના ફેન્સર્સમાં કેટલી બધી ટૅલન્ટ છે અને તેઓ સર્વોત્તમ શિસ્ત અને અથાક મહેનતથી મોટી સિદ્ધિ મેળવી શકે છે.'

### હરિયાણાની ફેન્સરે ઇતિહાસ રચ્યો

હરિયાણાની બાવીસ વર્ષીય તનિક્શા ખત્રી કૉમનવેલ્થ ફેન્સિંગ ચૅમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય ફેન્સર બની હતી. તેણે સિનિયર વિમેન્સ એપી ફાઇનલમાં આ ચંદ્રક જીતી લીધો હતો. શ્રુતિ જોશી, ખુશી દભાડે, વી. રમેશ રાવ, પ્રાચી લોહન, નિખિલ વાઘ, કાનંગલક્ષ્મી સહિતના ફેન્સર્સે પણ મેડલ જીતી લીધા હતા.

# મેસીની ૨૩ વર્ષની કરીઅરમાં પહેલી વખત બન્યું: લીગ રાઉન્ડમાં જ તેની ટીમ ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ!

માયામી (અમેરિકા): ફૂટબૉલ જગતના સુપરસ્ટાર લિયોનેલ મેસીએ છેલ્લા એક મહિનામાં મોટા બે આઘાત સહન કરવા પડ્યા ત્યાં બુધવારે તેણે ત્રીજો આંચકો સહેવો પડ્યો હતો. ૧૯મી જુલાઈએ ન્યૂ જર્સીમાં ન્યૂ યૉર્કના સ્ટેડિયમમાં સ્પેન સામે ફિફા વર્લ્ડ કપની ફાઇનલમાં મેસીની કૅપ્ટન્સીમાં આર્જેન્ટિનાનો ૦-૧થી પરાજય થયો એના ત્રણ અઠવાડિયા બાદ (સાતમી ઑગસ્ટે) મેસીના પિતાનું અવસાન થયું હતું અને બુધવારે મેસીએ ૨૩ વર્ષની કરીઅરમાં પહેલી જ વખત લીગ રાઉન્ડના સ્તરે જ પોતાની ટીમને ટૂર્નામેન્ટની બહાર થતી જોવી પડી.

ઇંગ્લૅન્ડના ફૂટબૉલ-લેજન્ડ ડેવિડ બેકહૅમની સહ-માલિકીવાળી ઇન્ટર માયામી ટીમની કૅપ્ટન્સી મેસી સંભાળી રહ્યો છે અને આ ટીમનો બુધવારે લીગ્સ કપમાં ક્લબ લીઓન નામની ટીમ સામે ૨-૩થી પરાજય થયો હતો. એ સાથે, મેસીની ટીમ લીગ સ્ટેજમાં જ ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ હતી અને ક્લબ લીઓને નૉકઆઉટમાં પ્રવેશ કર્યો હતો. મેસી આ મૅચમાં એકેય ગોલ નહોતો કરી શક્યો.

આ ટૂર્નામેન્ટમાં મેસીની ટીમે ત્રણ મૅચ રમીને માત્ર ત્રણ પૉઇન્ટ મેળવ્યા છે. મેસીના પિતા ઝોર્ઝ મેસીનું ગયા અઠવાડિયે ૬૮ વર્ષની વયે નિધન થયું હતું. મેસીને સફળ કારકિર્દી બનાવવામાં તેના પિતાની બહુ મોટી ભૂમિકા હતી. મેસીએ બુધવારે જ સોશ્યલ મીડિયામાં પિતાને અંજલિ આપતા જણાવ્યું હતું કે 'તમારા વિના હું કરીઅરમાં કેવી રીતે આગળ વધીશ એ જ નથી સમજાતું. હું તમારા વગર હવે લાંબા સમય સુધી રમીશ કે નહીં એમાં મને જ શંકા છે.'

શનિવારે મૉન્ટેરી ક્લબની ટીમ સામે ઇન્ટર માયામીનો ૧-૨થી પરાજય થયો હતો. બુધવારે ક્લબ લીઓન સામેની મૅચમાં પહેલાં તો મેસી બેન્ચ પર જ બેઠો હતો અને સેકન્ડ હાફમાં રમવા આવ્યો હતો.

# મિચલ સ્ટાર્ક હવે ટેસ્ટનો નંબર-વન ડાબોડી બોલર

## કપિલની બરાબરી પણ કરી: ઓસ્ટ્રેલિયાના ૧૯૮ સામે બાંગ્લાદેશના ૧/૯૬

ડાર્વિન (ઑસ્ટ્રેલિયા): અહીં ગુરુવારે બાંગ્લાદેશ સામે ટેસ્ટ-સિરીઝનો પ્રથમ દિવસ યજમાન ઑસ્ટ્રેલિયા માટે સારો નહોતો, પણ એના ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્ક માટે યાદગાર બની ગયો હતો, કારણકે તેણે માત્ર એક વિકેટ લઈને બે મોટી સિદ્ધિ હાંસલ કરી હતી. તે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનાર ડાબોડી બોલર બન્યો છે. બીજું, તેના નામે હવે ૪૩૪ વિકેટ છે અને એ સાથે તેણે ભારતના મહાન ફાસ્ટ બોલર કપિલ દેવની બરાબરી કરી લીધી છે.

ઑસ્ટ્રેલિયા માત્ર ૧૯૮ રનના સ્કોર પર ઑલઆઉટ થયું ત્યાર પછી બાંગ્લાદેશે ૯૬ રનમાં માત્ર એક વિકેટ ગુમાવી હતી અને એ એક વિકેટ મિચલ સ્ટાર્કે લીધી હતી. તેણે ઓપનર શાદમન ઇસ્લામને નૅથન લાયનના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

૩૬ વર્ષના મિચલ સ્ટાર્કની એ ૪૩૪મી વિકેટ હતી. તે ટેસ્ટ જગતમાં સૌથી વધુ વિકેટ લઈ ચૂકેલા તમામ બોલર્સમાં ૧૧મા નંબરે છે, પરંતુ પહેલા તમામ ૧૦ બોલર રાઇટ-હૅન્ડ છે, જ્યારે સ્ટાર્ક લેફ્ટ-હૅન્ડ ફાસ્ટ બોલર છે. સ્ટાર્ક હવે ટેસ્ટની દુનિયામાં સૌથી વધુ ૪૩૪ વિકેટ લેનાર ડાબોડી બોલર બન્યો છે. તેણે કપિલ દેવ (૪૩૪)ની બરાબરી કરવા ઉપરાંત શ્રીલંકાના સ્પિનર રંગાના હેરાથ (૪૩૩)ને ઓળંગી લીધો છે. ગુરુવાર પહેલાં હેરાથ તમામ બોલર્સમાં સૌથી વધુ ૪૩૩ વિકેટ લેનાર લેફ્ટ-આર્મ બોલર હતો.

# ભારત પ્રથમ ટેસ્ટમાં કદાચ ત્રણ લેફ્ટ-આર્મ સ્પિનરને મેદાન પર ઉતારશે

## બોલિંગ-કોચ મૉર્કલનો સંકેત: આવતી કાલથી પ્રથમ ટેસ્ટ

ગૉલ: શનિવાર, ૧૫મી ઑગસ્ટે અહીં શ્રીલંકા સામે શરૂ થનારી પ્રથમ ટેસ્ટ માટેની પિચ ખૂબ ચર્ચામાં છે અને એને ધ્યાનમાં રાખીને ટીમ ઇન્ડિયાના બોલિંગ-કોચ મૉર્ની મૉર્કલે સંકેત આપ્યો છે કે આ મૅચ માટે ત્રણ સ્પિનરને મેદાન પર ઊતારવામાં આવશે. આ ત્રણેય સ્પિનર ડાબોડી છે.

બીજી અને છેલ્લી ટેસ્ટ કોલંબોમાં રમાશે, પરંતુ એ પહેલાં ગૉલની ટેસ્ટમાં શુભમન ગિલ ઍન્ડ કંપનીની આકરી કસોટી થશે જેનું કારણ એ છે કે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની નવી સીઝન માટે બન્ને દેશ ઉપરના રૅન્કિંગમાં આવવા ભારે રસાકસીમાં ઊતરી રહ્યા છે.

શનિવારની ગૉલની પ્રથમ ટેસ્ટમાં ભારતીય ટીમ-મૅનેજમેન્ટ કુલદીપ યાદવ, રવીન્દ્ર જાડેજા અને માનવ સુથારને પ્લેઇંગ-ઇલેવનમાં સમાવશે એવી સંભાવના છે. ભારત પાસે સારાંશ જૈનના રૂપમાં નવો ઑફ-સ્પિનર પણ છે.

બોલિંગ-કોચ મૉર્ની મૉર્કલે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, 'અમારી પાસે કુલદીપના રૂપમાં આક્રમક સ્પિનર છે. તેનો અનુભવ અને સ્પિનર તરીકેનું તેનું લેવલ અમારા માટે બેહદ મહત્ત્વપૂર્ણ છે. મારા મતે આ ત્રણેય સ્પિનરમાં અલગ-અલગ ખાસિયત છે. એક (માનવ સુથાર) બૉલને થોડો વધુ ટર્ન કરે છે, જ્યારે બીજો (રવીન્દ્ર જાડેજા) અન્યો કરતાં થોડો વધુ સચોટ છે. મને નથી લાગતું કે ટીમમાં ત્રણ લેફ્ટ-આર્મ સ્પિનરને રાખવા એ અમારા માટે મોટો મુદ્દો છે. કૅપ્ટન (શુભમન ગિલ) ચોક્કસ સમયે કયા બોલરનો ઉપયોગ કરશે એના પર નિર્ભર રહેશે. ટૂંકમાં, આ તમામ બોલર્સ મૅચમાં બધી ૨૦ વિકેટ લઈ શકે એમ છે.'

મૉર્ની મૉર્કલનું એવું પણ કહેવું છે કે 'ભારતને સ્પિન આક્રમણને કારણે આક્રમક અભિગમનો સારો વિકલ્પ મળી ગયો છે. ખાસ કરીને ગૉલની પિચની વાત કરું તો મૅચ આગળ વધશે એમ સ્પિનરોને વધુ લાભ મળતો જશે. આ મેદાનની પિચની પરંપરા જોઈએ તો અહીં ત્રણ સ્પિનર સાથે રમવું એ સારો નિર્ણય બની શકે.'

# ૪૦ વર્ષનો મેસી પાંચ-પાંચ હરીફને હંફાવી શકે તો રોહિત-વિરાટની નિવૃત્તિ માટે શું કામ ઉતાવળ થઈ રહી છે?

## હરભજન સિંહે બન્ને દિગ્ગજના ફિટનેસ-ફૉર્મને મેસી સાથે સરખાવીને સિલેક્ટરો-ટીકાકારોને કરી ટકોર

નવી દિલ્હી: મહાન સ્પિનર હરભજન સિંહે કહ્યું છે કે જો લિયોનેલ મેસી ૪૦ વર્ષની ઉંમરે અવ્વલ દરજ્જાની ફિટનેસ સાથે રમીને અસ્સલ કૌશલ્ય બતાવી શકતો હોય તો રોહિત શર્મા અને વિરાટ કોહલીની ઉંમરને શા માટે મુદ્દો બનાવવામાં આવી રહ્યો છે? રોહિત અને વિરાટ ઢગલો રન બનાવી રહ્યા છે તો તેમની વય કરીઅરને આગળ વધારવા માટે વિઘ્નરૂપ હોવી જ ન જોઈએ.

ભજ્જીનું એવું પણ કહેવું છે કે રોહિત અને વિરાટ ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપમાં રમવા મક્કમ હોય તો તેમને તેનો પૂરો ટેકો છે. હરભજને આ નિવેદનો પીટીઆઇને પૉડકાસ્ટ પરના ઇન્ટરવ્યૂમાં કર્યા હતા.

રાઇટ-આર્મ ઑફ-બ્રેક સ્પિનર ભજ્જીની આત્મકથા રિલીઝ થવાની તૈયારીમાં છે. તે ૪૬ વર્ષનો છે અને ૧૯૯૮થી ૨૦૧૬ સુધીમાં ભારત વતી ૧૦૩ ટેસ્ટ, ૨૩૬ વન-ડે અને ૨૮ ટી-૨૦ મૅચ રમ્યો હતો જેમાં તેણે અનુક્રમે ૪૧૭, ૨૬૯ અને પચીસ વિકેટ લીધી હતી. આઇપીએલમાં તે ૨૦૦૮થી ૨૦૨૧ દરમ્યાન મુંબઈ, ચેન્નઈ અને કોલકાતા વતી રમ્યો હતો.

### વૈભવ સૂર્યવંશીનો કર્યો ઉલ્લેખ

રોહિત શર્મા ૩૯ વર્ષનો અને વિરાટ કોહલી ૩૭ વર્ષનો છે. ભજ્જનું તેમના વિશે કહેવું છે કે 'કોઈ પણ ખેલાડીની બાબતમાં તેની ઉંમર નહીં, પણ તેનો પર્ફોર્મન્સ માપદંડ હોવો જોઈએ. ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી રોમાંચ જગાડનારો બૅટ્સમૅન છે, પરંતુ તે હજી બહુ નાનો અને બિનઅનુભવી છે. આગામી વન-ડે વર્લ્ડ કપની વાત કરું તો વૈભવ જેવા યુવાન ખેલાડીઓ કરતાં અનેકગણો અપેક્ષાનો બોજ રોહિત-વિરાટ ખમી શકે એમ છે. બન્ને દિગ્ગજ ખેલાડી મોટી સંખ્યામાં રન બનાવી શકતા હોય અને શ્રેયસ ઐયર તથા યશસ્વી જયસ્વાલ જેવી ફિટનેસથી રમતા હોય તો પછી કહેવું જ શું!'

હરભજને મુલાકાતમાં સંદર્ભ માટે લિયોનેલ મેસીનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. ૩૯ વર્ષના મેસીએ ૨૦૨૨માં આર્જેન્ટિનાને વર્લ્ડ કપ ટ્રોફી અપાવી હતી અને આ વખતે શ્રેષ્ઠ કૌશલ્યથી ફાઇનલ અગાઉ દરેક ટીમની ડિફેન્સ ભેદીને ગોલ કર્યા હતા અને આર્જેન્ટિનાને ફાઇનલમાં પહોંચાડ્યું હતું.

### મેસી હરીફોને હંફાવી શકે તો...

૨૦૨૭ના વર્લ્ડ કપ વખતે રોહિત ૪૦ વર્ષનો અને વિરાટ ૩૯ વર્ષનો થઈ ગયો હશે. હરભજને કહ્યું, 'વિરાટ ભલે ૩૯ વર્ષનો થઈ જશે, પણ હજી પણ તે ૨૦ વર્ષ જેવડા યુવાનિયાઓને ઝાંખા પાડી શક્તો હોય તો તેની ઉંમર બાધારૂપ ન હોવી જોઈએ. ૪૦ વર્ષના મેસીને પાંચ-પાંચ હરીફ ખેલાડી ગોલપોસ્ટ તરફ જતા રોકી ન શકતા હોય તો એ પુરવાર થાય છે કે કુશળતા અને કાબેલિયત સામે ઉંમર કંઈ જ ગણતરીમાં ન કહેવાય.'

### લક્ષ્યાંક વિશે વિરાટનું વલણ ગજબનું

ખેલાડીઓમાં 'આપણે જીતી જ શકીશું' એવી દઢતા વિરાટ કોહલી જ લાવ્યો હતો, એવું જણાવીને હરભજને ઇન્ટરવ્યૂમાં કહ્યું, 'મને યાદ છે, વિરાટ ડ્રેસિંગ-રૂમમાં સાથીઓને સતત કહેતો હતો કે કોઈ પણ લક્ષ્યાંક હાંસલ ન કરી શકાય એવો હોય જ નહીં. તેમનામાં ફિટનેસને લગતો અભિગમ પણ વિરાટે બદલી નાખ્યો હતો. તે ૨૦૧૪-'૧૫માં કૅપ્ટન બન્યો એ પહેલાં અમે ટેસ્ટના અંતિમ દિવસે ૪૦૦ રનનો લક્ષ્યાંક મેળવવા વિશે વિચારી પણ નહોતા શક્તા, પરંતુ તે કૅપ્ટન બન્યા પછી અમને કહેતો કે આપણે આ ટાર્ગેટ મેળવવા પ્રયત્ન તો કરી શકીએ, આપણે પ્રયત્ન કરતા રહીશું તો પછીની કોઈ ટેસ્ટમાં અંતિમ દિવસે આ લક્ષ્યાંક મેળવીને રહીશું. તેણે એવો જ અભિગમ ટેસ્ટના છેલ્લા દિવસે મેળવવા વિશે રાખ્યો હતો.'

### હેડ-કોચ ગંભીરને ભજ્જીની સલાહ

હરભજન સિંહે પૉડકાસ્ટમાં વિરાટ ઉપરાંત રોહિતનો પણ ઉલ્લેખ કરતા કહ્યું, 'ટીમમાં ફિટનેસને લગતું નવું કલ્ચર વિરાટ જ લાવ્યો છે. ફિટનેસની બાબતમાં તેણે ક્રાંતિ લાવી દીધી છે. તે કૅપ્ટન તરીકે સાથીઓને કહેતો કે તમે જો પૂરેપૂરા ફિટ હશો તો કંઈ પણ હાંસલ કરી શકશો. હું જો ટીમ ઇન્ડિયાનો કોચ હોત તો રોહિત-વિરાટને પુષ્કળ તક આપત, કારણકે વૈભવ સૂર્યવંશી કરતાં આ બન્ને દિગ્ગજ પાસે મેં અનેકગણી અપેક્ષા રાખી હોત. બન્નેને ૩૦૦ જેટલી વન-ડેનો અનુભવ છે.'

# ઑસ્ટ્રેલિયાનો મોઇઝેઝ હેન્રિકેસ હવે જન્મભૂમિ પોર્ટુગલ વતી રમશે

## આ ઑલરાઉન્ડરનો એકમાત્ર ધ્યેય: 'પોર્ટુગલને આગામી ટી-૨૦ વર્લ્ડ કપમાં પહોંચાડવું'

લિસ્બન (પોર્ટુગલ): ક્રિકેટરો પાસે હવે પોતાના દેશની નૅશનલ ટીમ વતી રમવા ઉપરાંત ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) સહિત અનેક દેશોની ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટમાં રમવાનો પણ વિકલ્પ છે એટલે તેમના માટે કમાણી કરવા વિશે કોઈ જ ચિંતા નથી, પરંતુ અમુક ખેલાડીઓ એવા પણ છે જેઓ તેમના દેશ વતી રમવાનો વધુ મોકો ન મળતાં અન્ય નાના દેશ વતી રમવાની તક ઝડપી લેતા હોય છે અને ઑસ્ટ્રેલિયાનો ૩૯ વર્ષનો મોઇઝેઝ હેન્રિકેસ એમાંનો એક છે.

આ ઑલરાઉન્ડરે ગયા મહિને ઑસ્ટ્રેલિયાની ડોમેસ્ટિક ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી અને હવે તે યુરોપના દેશ પોર્ટુગલ વતી રમશે. પોર્ટુગલ ખરેખર તો ફૂટબૉલની રમતને કારણે અને ખાસ કરીને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને લીધે ખેલ જગતમાં પ્રખ્યાત છે, પણ હવે આ દેશ ક્રિકેટમાં પણ સક્રિય થયો છે અને મોઇઝેઝ હેન્રિકેસે પોર્ટુગલ વતી રમીને એને પહેલી વખત ટી-૨૦ વર્લ્ડ કપમાં ક્વૉલિફાય કરાવવાનો પડકાર ઝીલ્યો છે.

### રોનાલ્ડોની જ જન્મભૂમિમાં જન્મ્યો હતો

હેન્રિકેસ માટે પોર્ટુગલ જન્મભૂમિ અને ઑસ્ટ્રેલિયા કર્મભૂમિ છે. હેન્રિકેસનો જન્મ ૧૯૮૭માં મોરોક્કોની પશ્ચિમે પોર્ટુગલના મડિરા નામના ટાપુમાં થયો હતો. ૧૯૮૫માં ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પણ એ જ ટાપુ પર જન્મ્યો હતો. હેન્રિકેસ નાનો હતો ત્યારે તેના મમ્મી-પપ્પા ઑસ્ટ્રેલિયામાં સ્થાયી થયાં હતાં અને હેન્રિકેસે ક્રિકેટમાં કરીઅર બનાવવાનું નાનપણથી જ સપનું જોયું હતું. તે ન્યૂ સાઉથ વેલ્સ તથા બિગ બૅશમાં સિડની સિક્સર્સ વતી રમ્યો હતો.

રાઇટ-હૅન્ડ પેસ બોલર અને બૅટ્સમૅન હેન્રિકેસને ઑસ્ટ્રેલિયા વતી ૨૦૦૯થી ૨૦૨૧ દરમ્યાન માત્ર ચાર ટેસ્ટ, ૧૬ વન-ડે અને ૨૪ ટી-૨૦ રમવા મળી હતી. આ મૅચોમાં તેણે કુલ ૬૦૦-પ્લસ રન બનાવવા ઉપરાંત ૧૭ વિકેટ લીધી હતી. પાંચ વર્ષથી તેને ઑસ્ટ્રેલિયન ટીમમાં સ્થાન નહોતું મળ્યું જેને પગલે તે હવે ક્રિકેટમાં વિકાસ કરવામાં પોર્ટુગલને મદદરૂપ થવા માગે છે.

હેન્રિકેસે ઑસ્ટ્રેલિયાની ડોમેસ્ટિક ક્રિકેટમાં કુલ ૬,૮૩૦ રન બનાવવા ઉપરાંત ૧૨૭ વિકેટ લીધી હતી. આઇસીસીના ટી-૨૦ રૅન્કિંગમાં પોર્ટુગલ ૩૭મા ક્રમે છે અને ૨૦૨૮ના ટી-૨૦ વર્લ્ડ કપ માટેના ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં પોર્ટુગલની ટીમે ઇઝરાયલ, જર્મની, ગ્રીસ તથા ચેક રિપબ્લિક સામે રમવું પડશે.

### પોર્ટુગલ પાસે ભારતીય મૂળના ખેલાડીઓ

મોઇઝેઝ હેન્રિકેસ પોર્ટુગલનો કૅપ્ટન છે અને તેની ટીમમાં ભારતીય મૂળના ખેલાડી ધવલકુમાર નરોત્તમ (વિકેટકીપર) તેમ જ હરદીપ ખુત્તન, ઉપેન શાંતુ અને રાહુલકુમાર હશુનો પણ સમાવેશ છે.

# શ્રાવણ માસનાં વ્રતો અને તહેવારો

(તા. ૧૩-૮-૨૦૨૬થી તા. ૧૧-૯-૨૦૨૬)

**શ્રાવણ માસનો મહિમા:** શ્રાવણ માસ એ શિવની આરાધના માટે અત્યંત પવિત્ર અને ફળદાયી છે. શ્રાવણ મહિનામાં દરરોજ શિવપૂજા કરવાથી વિશેષ પુણ્ય અને મનોકામનાઓ પૂર્ણ થાય છે. આ માસમાં જળાભિષેક અને દૂધાભિષેકનું મહત્ત્વ છે. સમુદ્ર મંથન વખતે નીકળેલું વિષ ભગવાને પાન કર્યું હતું. તેનાથી શિવજીના શરીરમાં બળતરા શાંત કરવા દેવોએ તેમને જળ ચઢાવ્યું હતું તેથી શિવજીને નિત્ય જળ અર્પણ, જળની ધારા અભિષેક કરવાથી મનની અશાંતિ અને નકારાત્મકતા દૂર થાય છે.

શિવલિંગ ઉપર દૂધ અને પંચામૃતથી જળ અર્પણ કરવાથી પણ ઉત્તમ સ્વાસ્થ્ય, સુખ અને સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. શિવજી ઉપર બીલીપત્ર અર્પણ કરવાનો પણ મહિમા છે.

શ્રાવણ શુક્લ પક્ષમાં તેરસની વૃદ્ધિ થાય છે. દિવસ કુલ ૧૬ છે. શ્રાવણ કૃષ્ણપક્ષમાં પાંચમનો ક્ષય છે. દિવસ-કુલ ૧૪ છે. એમ શ્રાવણ માસમાં કુલ દિવસ-૩૦ રહે છે. શ્રાવણ પૂનમના દિવસે ચંદ્ર શતભિષા નક્ષત્રમાં રહે છે.

આજનું ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહીં, આથી પાળવાનું રહેતું નથી. રક્ષાબંધન પર્વ તા. ૨૮મીએ છે. તા. ૨૭મીએ વ્રતની પૂનમ, નાળિયેરી પૂનમ, ઉપાકર્મ વિધિ થશે. શ્રાવણ અમાસ તા. ૧૧મીએ શુક્રવારે સૂર્યગ્રહણનો યોગ બનતો નથી.

શ્રી વિષ્ણુ-લક્ષ્મી, શ્રી ગણેશ, શ્રી સૂર્યનારાયણ દેવતાનું વિશેષરૂપે પૂજન, શ્રાવણમાં ભગવાન શિવની આરાધના અનેક સ્વરૂપે થાય છે.આ માસમાં દરરોજ શિવજીને જળાભિષેક કરવાથી વિશેષ પુણ્ય અને મનોકામના પૂર્ણ થાય છે. ઉપરાંત દૂધ, પંચામૃતથી અભિષેક, બીલીપત્ર અર્પણ તથા ૐ નમ: શિવાયના મંત્રજાપ, અનુષ્ઠાનનો મહિમા છે. શ્રાવણ મહિનામાં પ્રત્યેક વાર મુજબના ગ્રહ દેવતાના પૂજનનો પણ મહિમા છે.

શ્રાવણમાં પ્રત્યેક સોમવારે અક્ષત આદિ ધાન્ય શિવમુષ્ટિનો અભિષેક કરવાથી મનોવાંછિત ફળ મેળવવામાં સફળતા મળે છે તથા કુંડળીમાં ચંદ્રદોષ દૂર થાય છે અને ધનધાન્યમાં વૃદ્ધિ થાય છે. શ્રાવણ મહિનામાં પ્રત્યેક મંગળવારે ગૌરી પૂજનનો મહિમા છે તથા એકમુઠ્ઠી કાચા મગ અર્પણ કરવાથી વિવાહિત જીવનના ક્લેશ દૂર થાય છે. મંગળદોષની શાંતિ થાય છે અને સુખ સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. પ્રત્યેક બુધવારે શિવલિંગ પર એક મુઠ્ઠી તલ ચઢાવવાથી પુત્ર પ્રાપ્તિ, બુદ્ધિ અને જ્ઞાનનો વિકાસ થાય છે, તેમ જ વંશવૃદ્ધિ થાય છે. પ્રત્યેક ગુરુવારે શિવલિંગ પર એક મુઠી રાય ચઢાવવાથી શત્રુઓ પર વિજય મળે છે. નકારાત્મક ઊર્જા દૂર થાય છે અને અટકેલાં કાર્યો પૂર્ણ થાય છે.

પ્રત્યેક શુક્રવારે મહાલક્ષ્મી પૂજન તથા એક મુઠ્ઠી જવ ચઢાવવાથી ઘરમાં સુખ-શાંતિ, સંતતિની પ્રાપ્તિ થાય છે. પ્રત્યેક શનિવારે પીપળાનું અને મારુતિ ભગવાનનું પૂજન કરવું તથા પરંપરાગત રીતે કાળા અડદ અથવા ઘઉં અર્પણ કરવાનો મહિમા છે. શ્રાવણ માસ એટલે વરસાદી ઋતુનો પર્વ ઉત્સવોથી ભરપૂર હરિયાળો માસ છે. શ્રાવણ વડના પૂજનનો મહિમા છે.

**આ માસના મુહૂર્ત:** આ માસના ખાત મુહૂર્ત: ઓગસ્ટ: તા. ૧૪, ૧૫, ૧૯, ૨૨, ૨૬, ૨૯, સપ્ટેમ્બર: તા. ૨, ૩, ૪, સર્વદેવ પ્રતિષ્ઠા: ઓગસ્ટ: તા. ૧૭, ૨૦, ૨૬, ૨૮, ૩૦, સપ્ટેમ્બર: તા. ૪, ૭, ૮, વાસ્તુ કળશ: ઓગસ્ટ: તા. ૧૯, ૨૦, ૨૨, ૨૬, ૨૮, સપ્ટેમ્બર તા. ૪, ૭. લગ્ન, ઉપનયન મુહૂર્ત આ માસમાં સાધ્ય નથી.

**શુક્લપક્ષ:** તા. ૧૩ ઓગસ્ટ, ગુરુ, શ્રા. સુદ ૧, શ્રાવણ માસારંભ, શિવપૂજનારંભ, નક્તવ્રત પ્રારંભ, બૃહસ્પતિ પૂજન, પારસી ગાથા-૪ વોહુક્ષથ્ર, ઈષ્ટિ.

તા. ૧૪ શુક્ર, શ્રા. સુદ ૨, દર્શ જીવંતિકા પૂજન, ચંદ્રદર્શન, ઉત્તર શૃંગોન્નતિ, પારસી ગાથા-૫ વહીશ્તોઈશ્ત, નવા વર્ષની સાંજ (પારસી)

તા. ૧૫ શનિ, શ્રા. સુદ ૩, હરિયાળી ત્રીજ, મધુશ્રવા તૃતીયા, મારુતિપૂજન, સ્વતંત્ર દિન, મુસ્લિમ ૨જો રબી ઉલ અવ્વલ માસારંભ, પારસી સન ૧૮૯૬, પારસી નૂતન વર્ષારંભ પતેતી, પારસી ૧લો ફરવરદીન માસારંભ, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૪ થી સાંજે ક. ૧૬-૫૨.

તા. ૧૬ રવિ, શ્રા. સુદ ૪, વિનાયક ચતુર્થી, આદિત્ય પૂજન, હિરણ્યકેશી શ્રાવણી.

તા. ૧૭ સોમ શ્રા. સુદ ૫, નાગપંચમી, શિવપૂજન, શિવમુષ્ટિ (ચોખા), રક્ષા પંચમી (ઓરિસ્સા), જાગૃત ગૌરી પંચમી (ઓરિસ્સા), માનસપૂજા સમાપ્ત. સૂર્ય મઘામાં સવારે ક. ૦૭-૫૭. સૂર્ય વાહન મોર (સંયોગિયું નથી) નિરયન સૂર્ય સિંહ રાશિમાં ક. ૦૭-૫૭. સંક્રાંતિ પુણ્યકાળ-સૂર્યોદયથી સવારે ક. ૦૭-૫૭.

તા. ૧૮ મંગળ, શ્રા. સુદ ૬, રાંધણ છઠ્ઠ, સુપાર્દન ષષ્ટિ, શિયાળ ષષ્ટિ, મંગળાગૌરી પૂજન, સિંહાદી (કેરાલા), બુધ પૂર્વમાં લોપ થાય છે. કલ્કી જયંતી.

તા. ૧૯ બુધ, શ્રા. સુદ ૭, શીતલા સપ્તમી, ગોસ્વામી તુલસી જયંતી, બુધ પૂજન, વિંછુડો પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૯. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૧૯-૧૯.

તા. ૨૦ ગુરુ, શ્રા. સુદ ૮, દુર્ગાષ્ટમી, દુર્વાષ્ટમી, બૃહસ્પતિપૂજન, નૈના દેવી મેલા, ખોરદાદ સાલ (પારસી), વિંછુડો ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૧૫.

તા. ૨૧ શુક્ર, શ્રા. સુદ ૯, શ્રી હરિ નવમી, બગીચા નોમ, નકુલ નોમ, વરદલક્ષ્મી વ્રત, જીવંતિકા પૂજન, વિંછુડો.

તા. ૨૨ શનિ, શ્રા. સુદ ૧૦, મારુતિ પૂજન, વિંછુડો સમાપ્તિ બપોરે ક. ૧૪-૪૮.

તા. ૨૩, રવિ શ્રા. સુદ ૧૧, પવિત્રા એકાદશી (શિંગોડા), આદિત્ય પૂજન, પવિત્રા બારસ, વિષ્ણુપવિત્રારોહણ, બુદ્ધ દ્વાદશી, દામોદર દ્વાદશી, ભારતીય ભાદ્રપદ માસારંભ, સૌર શરદઋતુ પ્રારંભ, ઝૂલનયાત્રા પ્રારંભ, અવની મૂલમ (દક્ષિણ ભારત), ભદ્રા બપોરે ક. ૧૫-૦૯ થી મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૩.

તા. ૨૪ સોમ, શ્રા. સુદ ૧૨, તિથિ વાસર સવારે ક. ૧૦-૪૮, શિવપૂજન, શિવમુષ્ટિ (તલ)

તા. ૨૫ મંગળ, શ્રા. સુદ ૧૩, ભોમ પ્રદોષ, મંગળાગૌરી પૂજન, આખટેક ત્રયોદશી (ઓરિસ્સા), શિવપવિત્રારોહણ

તા. ૨૬ બુધ, શ્રા. સુદ ૧૪, ચતુર્દશી વૃદ્ધિ તિથિ છે. બુધપૂજન, ઈદે મિલાદ (મુસ્લિમ)

તા. ૨૭ ગુરુ, શ્રા. સુદ ૧૪, બૃહસ્પતિ પૂજન, ઝૂલઝૂલનયાત્રા સમાપ્ત, હયગ્રીવ જયંતી, પંચક પ્રારંભ બપોરે ક. ૧૩-૩૫, ભદ્રા પ્રારંભ સવારે ૦૯-૦૮ થી રાત્રે ક. ૨૧-૩૧, શ્રાવણી ઉપાકર્મ, યજુર્વેદી, અન્વાધાન, નાળિયેરી પૂર્ણિમા

તા. ૨૮ શુક્ર, શ્રા. સુદ ૧૫, રક્ષાબંધન, જીવંતિકા પૂજન, વરદલક્ષ્મી વ્રત, અમરનાથ યાત્રા સમાપ્ત, અવની જયંતી (દક્ષિણ ભારત), બલભદ્ર પૂજા (ઓરિસ્સા), ખંડગ્રાસ ચંદ્રગ્રહણ મુંબઈમાં દેખાવાનું નથી, ઈષ્ટિ, તૈતરીય શ્રાવણી.

**કૃષ્ણપક્ષ:** તા. ૨૯ શનિ, શ્રા. વદ ૧, મારુતિ પૂજન, હિંડોળા સમાપ્ત, ગાયત્રી પુન:શ્ચરણ પ્રારંભ, પંચક

તા. ૩૦, રવિ, શ્રા. વદ ૨, આદિત્ય પૂજન, પંચક, ભદ્રા પ્રારંભ ક. ૨૧-૧૬, સૂર્ય પૂર્વાફાલ્ગુનીમાં ૨૮-૦૦, સ્ત્રી પુરુષ, સૂર્ય ચંદ્ર વાહન ગદર્ભ

તા. ૩૧ સોમ, શ્રા. વદ ૩, કાજલી ત્રીજ, શિવપૂજન, શિવમુષ્ટિ (મગ), બોળચોથ, બહુલા ચતુર્થી (મ. પ.), સંકષ્ટી ચતુર્થી (ચંદ્રોદય ક. ૨૦.૫૦), ઈદે મૌલાદ (મુસ્લિમ), પંચક સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૩, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૨૯

તા. ૧ સપ્ટેમ્બર, મંગળ, શ્રા વદ ૪, મંગળાગૌરી પૂજન, પંચમી ક્ષય તિથિ છે. માધવ દેવ તિથિ (આસામ)

તા. ૨ બુધ શ્રા. વદ ૬, બુધ પૂજન, રાંધણ છઠ્ઠ, હલ છઠ્ઠ, કલકી જયંતી, બલરામ જયંતી, ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૬ થી બપોરે ક. ૧૫-૨૬.

તા. ૩ ગુરુ, શ્રા. વદ ૭, શીતલા સપ્તમી, બૃહસ્પતિ પૂજન

તા. ૪ શુક્ર, શ્રા. વદ ૮, કાલાષ્ટમી, જીવંતિકા પૂજન, જન્માષ્ટમી, શ્રી કૃષ્ણ જયંતી ઉપવાસ, નિશિથકાલ ૨૪-૧૪ થી ૨૫.૦૦, મન્વાદિ.

તા. ૫ શનિ, શ્રા. વદ ૯, મારુતિ પૂજન, ગોપાળકાલા દહિહંડી, શિક્ષક દિન, શુક્ર દર્શન પશ્ચિમમાં.

તા. ૬ રવિ, શ્રા. વદ ૧૦, આદિત્ય પૂજન, ભદ્રા સવારે ક. ૦૮-૪૧ થી રાત્રે ક. ૧૯-૨૯.

તા. ૭ સોમ શ્રા. વદ ૧૧, અજા એકાદશી (ખારેક), શિવપૂજન, શિવમુષ્ટિ (જવ)

તા. ૮ મંગળ શ્રા. વદ ૧૨, ભોમ પ્રદોષ, મંગળાગૌરી પૂજન, પર્યુષણપર્વ પ્રારંભ (ચતુર્થી પક્ષ), પર્યુષણ પ્રારંભ (પંચમી પક્ષ)

તા. ૯ બુધ શ્રા. વદ ૧૩, શિવરાત્રિ, બુધ પૂજન, કૈલાસયાત્રા (બે દિવસ) ભદ્રા બપોરે ક. ૧૨-૩૦. થી રાત્રે ક. ૨૩-૨૯.

તા. ૧૦ ગુરુ શ્રા. વદ ૧૪, બૃહસ્પતિ પૂજન, નક્તવ્રત સમાપ્ત, અઘોરા ચતુર્દશી, અન્વાધાન, દર્શ પિઠોરી અમાવસ્યા.

તા. ૧૧ શુક્ર શ્રા. વદ ૩૦, માતૃકા દિન, દર્ભારોહણ, વૃષભ પૂજન, જીવંતિકા પૂજન, શિવપૂજન સમાપ્ત, ઈષ્ટિ.

- પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા


Disney CRUISE LINE
Disney ADVENTURE
WHERE MAGIC MEETS THE SEA
BOOK YOUR SAILINGS NOW!
CHARACTER INTERACTIONS
Get closer to Disney, Pixar, and Marvel Characters on your enchanting voyage. Keep a look out for Mickey Mouse and his pals from surprise visits to designated places throughout the ship.
SIGNATURE DISNEY DINING
Every meal is an unforgettable experience aboard the Disney Adventure. Enjoy regional flavors from casual dining restaurants and three uniquely immersive dinner experiences, all thoughtfully curated for you.
WORLD-CLASS ENTERTAINMENT
The only cruise line to offer fireworks at sea with The Lion King: Celebration in the Sky, narrated by globally acclaimed star Shah Rukh Khan. This spirited evening show is sure to be a highlight of any voyage.
This endorsement by Shah Rukh Khan is only for the Disney Adventure and Disney Cruise Line.
Your Next Family Holiday Starts Here!
Book your 3-night Disney Adventure today, staring from just US$ 220 per person, per night.*
ARKTRAVELGROUP
Since 1981.
ARKCruises
Worldwide Cruises
Contact us for further details
Email : mouneera@thearktravelgroup.com • netra@thearktravelgroup.com
Phone : 022-69024427
**Terms & Conditions apply
Ships' Registry: The Bahamas
Artist Concept Only. ©Disney ©Disney/Pixar © 2026 MARVEL

# મહાલક્ષ્મી રેલવે સ્ટેશનનો કેબલ સ્ટેડ ફ્લાયઓવર ડિસેમ્બર સુધી ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાલક્ષ્મી રેલવે સ્ટેશન પાસે કેશવરાવ ખાડ્યે રોડ પર મુંબઈ મહાનગરપાલિકા દ્વારા બાંધવામાં આવી રહેલા કેબલ-સ્ટેડ ફ્લાયઓવરનું કામ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂરું કરીને તેને ખુલ્લો મૂકવાની યોજના છે.

ડેવલપમેન્ટ પ્લાનિંગ પ્લાન મુજબ આ ફ્લાયઓવરનું કામ ચાલુ રહ્યું છે ત્યારે પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ)અભિજિત બાંગરે ગુરુવારે સાઈટ પર ઈન્સ્પેકશન કર્યું હતું અને અધિકારીઓને વિવિધ સૂચનાઓ આપી હતી. કેશવરાવ ખાડયે રૂટ પર બાંધવામાં આવી રહેલો 'કેબલ સ્ટેઇડ બ્રિજ' રેલવે લાઇન પર મુંબઈ મહાનગરપાલિકાનો પહેલો કેબલ આધારિત બ્રિજ છે. આ પુલ મહાલક્ષ્મી રેલ્વે સ્ટેશન નજીક પશ્ચિમ રેલવે પરથી સાત રસ્તાથી મહાલક્ષ્મી મેદાનને આ બ્રિજ જોડે છે. આ બ્રિજની લંબાઈ ૮૦૩ મીટર અને પહોળાઈ ૧૭.૨ મીટર છે. રેલવે લાઇન ઉપર તેની પહોળાઇ ૨૩.૦૧ મીટર છે.

આ બ્રિજનું કામ પ્રગતિએ હોઈ કેબલ-સ્ટેડ બ્રિજને ટેકો આપવા માટે ૭૮.૫ મીટર ઊંચો પાયલૉન (ભવ્ય લોખંડનો થાંભલો) ઊભો કરવામાં આવ્યો છે. પાયલૉનની પશ્ચિમ તરફનો ૯૫ મીટર લાંબો સ્પાન પૂર્ણ થઈ ગયો છે. પૂર્વ બાજુએ ૧૬૫ મીટર લંબાઇનો સ્પાન રેલવે વિભાગ પાસેથી રેલવેની હદમાં આવેલા વિસ્તારમાં જરૂરી બ્લોક મેળવ્યા બાદ બાંધવામાં આવશે. પાયલૉનની પશ્ચિમ બાજુના મોટાભાગના થાંભલાઓનું કામ પૂર્ણ થઈ ગયું છે. જોકે, ટ્રાફિક ડાયવર્ઝનના કામને કારણે પાંચ પિલરનું બાંધકામ બાકી છે. ટ્રાફિક પોલીસની પરવાનગી બાદ ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવશે.

મહાનગરપાલિકા વતી કૉંક્રીટનો સર્વિસ રોડ બનાવવામાં આવી રહ્યો છે. વિવિધ યુટિલિટી ચેનલો નાખવાની કામગીરી પણ પ્રગતિમાં છે. ટ્રાફિક પોલીસના સંકલનમાં આ સર્વિસ રોડ પર ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવશે. એકંદરે પાલિકાા બ્રિજ વિભાગે ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં ફ્લાયઓવર પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખ્યું છે અને ત્યારબાદ તેને ખુલ્લો મૂકવાનું આયોજન છે. ■

# અનૈતિકતાને પ્રોત્સાહન મળે એ રીતે બંધારણીય જોગવાઈઓનું અર્થઘટન ન કરી શકાયઃ શિવસેના (યુબીટી)

## 'પાપ'ને પ્રોત્સાહન મળે એ રીતે બંધારણીય જોગવાઈઓનું અર્થઘટન ન કરી શકાયઃ શિવસેના (યુબીટી)એ સુપ્રીમ કોર્ટને કહ્યું

નવી દિલ્હીઃ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળના શિવસેના જૂથે ગુરુવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે પક્ષપલટા વિરોધી કાયદામાં 'પાપ' થતું અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તેને જ પ્રોત્સાહન મળે એ રીતે બંધારણની જોગવાઈઓનું અર્થઘટન ન કરવું જોઈએ.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી અને વી મોહનાની ખંડપીઠ એકનાથ શિંદેના નેતૃત્વવાળા જૂથને અસલી શિવસેના તરીકે માન્યતા આપવા અને તેને પક્ષનું નામ તેમજ ધનુષ્ય અને બાણ ચિહ્ન ફાળવવાના ચૂંટણી પંચના નિર્ણય સામે ઠાકરેના નેતૃત્વવાળા જૂથની અરજીઓ પર દલીલો સાંભળી રહી હતી.

ઠાકરે જૂથ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે પાંચમા દિવસે આ મામલાની સુનાવણી દરમિયાન ખંડપીઠને જણાવ્યું હતું કે 'પક્ષપલટા વિરોધી કાયદો જે 'પાપ' ને અટકાવવા માગે છે એને જ પ્રોત્સાહન મળે એ રીતે બંધારણની જોગવાઈઓનું અર્થઘટન ન કરવું જોઈએ. અપાત્રતાનો મામલો સંપૂર્ણપણે અલગ હોય છે. વિભાજન અને અપાત્રતા બંને સંપૂર્ણપણે અલગ બાબત છે.'

સિબ્બલે દલીલ કરી હતી કે અપાત્ર ઠેરવવા માટે પછીની ઘટનાઓને ધ્યાનમાં લઈ શકાય છે, પરંતુ વિભાજન થયું હતું કે કેમ તે ધ્યાનમાં લેવા માટે ધ્યાનમાં ન લઈ શકાય. સર્વોચ્ચ અદાલત પાસે દેશ અને લોકશાહીના ભવિષ્ય માટે કાયદો ઘડવાની તક છે. આ ખૂબ જ દુઃખદ સ્થિતિ છે કારણ કે જે પણ પક્ષ સત્તામાં હોય તે અપાત્રતાનો નિર્ણય લેવામાં ન આવે એની તકેદારી રાખે છે.

વરિષ્ઠ વકીલે દલીલ કરી કે લોકશાહી જાળવવાની જવાબદારી ન્યાયતંત્રની છે ત્યારે ખંડપીઠે કહ્યું કે તે સામૂહિક જવાબદારી છે. 'અમે અમારી ભૂમિકા પ્રત્યે સભાન છીએ. બંધારણ લોકો દ્વારા જીવંત રહે છે' એમ ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયાએ જણાવ્યું હતું.

આ મામલે ૧૮ ઓગસ્ટ પછી દલીલો ચાલુ રહેશે. (પીટીઆઈ) ■

# ઘાટકોપરમાં એસઆરએ પ્રોજેક્ટ માટે ૩૫ વૃક્ષનો સફાયો કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપર પૂર્વમાં પ્રસ્તાવિત રમાબાઈ અને કામરાજ નગર સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ) પ્રોજેક્ટ માટે ૩૫ વૃક્ષો કાપવામાં આવવાના છે. તેની સામે માત્ર ૧૧ વૃક્ષને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવવાના છે, તેનો લગતો પ્રસ્તાવ મુંબઈ મહાનગરપાલિકાની ટ્રી ઓથોરિટી પર મંજૂરી માટે આવવાનો છે.

શુક્રવાર, ૧૪ ઓગસ્ટના રોજ ટ્રી ઓથોરિટીની બેઠકમાં ઝાડ કાપવા અને તેના ટ્રાન્સપ્લાન્ટ કરવાને લગતા પ્રસ્તાવ મંજૂરી માટે આવવાનો છે, જેમાં ઘાટકોપર વિલેજ નંબર ૧૯૪/બી (પાર્ટ), કામરાજ નગર ખાતેના પ્લોટને લગતી છે, જ્યાં ઝૂંપડપટ્ટી પુનઃવિકાસ યોજના હેઠળ સૂચિત પુનર્વિકાસ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યો છે. પ્રસ્તાવ મુજબ સર્વેક્ષણમાં સાઇટ પર ૯૦ વૃક્ષ જોવા મળ્યા હતા, જેમાંથી ૪૬ પ્રોજેક્ટને લગતા ખોદકામ અને અન્ય કામોને કારણે અસર થવાની શક્યતા છે. પાલિકાએ ૩૫ વૃક્ષ કાપવાનો, ૧૧ને ટ્રાન્સ્પ્લાન્ટ કરવાનો અને બાકીના ૪૪ વૃક્ષોને જાળવી રાખવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જે વૃક્ષો કાપવાના પ્રસ્તાવિત છે, તે વૃક્ષોમાં પીપળ, નારિયેળ, વરસાદી વૃક્ષ, બદામ, વિલાયતી ચિચ અને અન્ય પ્રજાતિઓનો સમાવેશ થાય છે. કેટલાક વૃક્ષો ૧૫ થી ૩૦ વર્ષની વચ્ચેના છે, જેમાં કેટલાકનો પરિઘ આઠ ફૂટ સુધીનો છે.

આ વૃક્ષ હટાવવામાં આવશે, તેની સામે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ આ વૃક્ષ કાપવાના ૧૫ દિવસની અંદર એ જ જમીન પર ૯૫૫ નવા વૃક્ષો વાવવાનું કામ હાથ ધર્યું છે. પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે નવા વૃક્ષો ઓછામાં ઓછા છ ફૂટ ઊંચા હશે અને તેમાં સ્થાનિક પ્રજાતિઓ હશે.

નવા વૃક્ષોની રોપણી લગભગ ૨,૫૮૩ ચોરસ મીટર ખુલ્લી જગ્યામાં અને ૧,૨૩૪ ચોરસ મીટર મનોરંજનના મેદાન તરીકે આરક્ષિત છે. આ જગ્યાની આજુબાજુ વૃક્ષોની રોપણી કરવામાં આવવાની છે. ■

# થાણેમાં ૧૫ ઓગસ્ટથી ખાતર વિતરણની ઓનલાઇન વ્યવસ્થા શરૂ થશે

થાણે : મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં ૧૫ ઓગસ્ટથી 'ફ્રેમવર્ક ફોર ફર્ટિલાઇઝર સેલ' (ખાતરના વેચાણ માટેનું માળખું) નામનું નવું ડિજિટલ પ્લેટફોર્મ અમલમાં મૂકવામાં આવશે.

રાજ્ય સરકારોની સંમતિથી કેન્દ્રીય ખાતર અને કૃષિ મંત્રાલયો દ્વારા વિકસાવવામાં આવેલા આ પ્લેટફોર્મનો ઉદ્દેશ્ય ખાતરના વિતરણને વધુ પારદર્શક અને ખેડૂત-કેન્દ્રિત બનાવવાનો છે. ખેડૂતો તેમના મોબાઈલ ફોન દ્વારા સીધા જ ખાતરના સ્ટોકની વાસ્તવિક સ્થિતિ તપાસી શકશે અને ઓર્ડર બુક કરી શકશે.

આ પહેલ તાજેતરમાં ૨૩ રાજ્યોના ૫૬ જિલ્લાઓમાં પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવી હતી.

જિલ્લા પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી રણજીત યાદવે જણાવ્યું હતું કે, થાણેમાં તેનો અમલ ૧૫ ઓગસ્ટથી કરવામાં આવશે. ''આ સિસ્ટમ ખેડૂતોને ઘરે બેઠા ખાતરની ઉપલબ્ધતા તપાસવાની, નજીકના નોંધાયેલા વિક્રેતાની પસંદગી કરવાની અને સરળતાથી ઓનલાઇન બુકિંગ કરવાની સુવિધા આપે છે. આધાર અથવા ખેડૂત આઈડી દ્વારા નોંધણી કરાવવાથી, ખેડૂતને તેમનો માલ મેળવવા માટે ક્યુઆર કોડ અને ટોકન નંબર મળે છે. આનાથી કૃષિ કેન્દ્રોના બિનજરૂરી આંટાફેરા ઘટવાથી સમય અને મુસાફરીના ખર્ચ બંનેની બચત થશે,'' તેમ તેમણે જણાવ્યું હતું. ''જિલ્લા પરિષદ તેના અમલીકરણ માટે સંપૂર્ણપણે સજ્જ છે અને અમે થાણે જિલ્લાના તમામ ખેડૂતોને આહ્વાન કરીએ છીએ કે તેઓ ૧૫મી ઓગસ્ટથી શરૂ થતી આ ડિજિટલ સુવિધાનો મહત્તમ લાભ લે,'' તેમ તેમણે ઉમેર્યું. (પીટીઆઈ) ■

# જો મારી ટીકા કરવાથી જરાંગેને ખુશી મળતી હોય, તો મને કોઈ વાંધો નથીઃ બાવનકુળે

પુણે : મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ ગુરુવારે ભાવુક થઈને કહ્યું હતું કે, જો તેમની મજાક ઉડાવવાથી કે તેમની ટીકા કરવાથી મરાઠા અનામત કાર્યકર મનોજ જરાંગેને ખુશી મળતી હોય અથવા તેમને ન્યાય મળતો હોય, તો તેમને તેમાં કોઈ વાંધો નથી.

બીડ જિલ્લામાં સત્તાવાળાઓ દ્વારા મરાઠા-કુણબી ઓબીસી પ્રમાણપત્ર રદ કરવામાં આવ્યા બાદ, જરાંગેએ તાજેતરમાં બાવનકુળેને નિશાન બનાવ્યા હતા.

અહીં પત્રકારો સાથે વાત કરતા, ઓબીસી નેતા બાવનકુળેએ કહ્યું, 'જો મારી ટીકા કરવાથી કે મારી મજાક ઉડાવવાથી તેમને ન્યાય મળવામાં મદદ મળતી હોય, તો તેઓ તેમ કરવા માટે મુક્ત છે. હું તેમની વિરુદ્ધ કંઈ પણ નહીં કહું. મારી પત્ની કુણબી સમાજની છે, મારી પુત્રવધૂ મરાઠા છે અને અમારો પરિવાર હળીમળીને રહે છે. અમે કુણબી-તેલી-મરાઠા વચ્ચેના વિવાદોમાં માનતા નથી.'

ભાજપના પ્રધાને જણાવ્યું હતું કે તેમણે ક્યારેય જ્ઞાતિના આધારે ભેદભાવ રાખ્યો નથી; તેમણે એ વાતનો ઉલ્લેખ કર્યો કે મહેસૂલ વિભાગે લગભગ ૨૨ લાખ કુણબી જ્ઞાતિનાં પ્રમાણપત્રો જારી કર્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મહેસૂલ વિભાગ માત્ર જાતિના પ્રમાણપત્રો જારી કરવા માટે જવાબદાર છે, જ્યારે જાતિ પ્રમાણપત્રની માન્યતાની ચકાસણી સામાજિક ન્યાય વિભાગના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે.

''હું ઓબીસી સમુદાયને વિનંતી કરું છું કે તેઓ (જરાંગેની ટિપ્પણીઓ અંગે) રસ્તાઓ પર વિરોધ પ્રદર્શનો ન કરે. આવાં આંદોલનો સામાજિક તણાવ અને કાયદો-વ્યવસ્થાની સમસ્યાઓ સર્જી શકે છે. કોઈપણ કાનૂની લડાઈ કાયદેસરનાં માધ્યમોથી જ લડવી જોઈએ,'' એમ તેમણે કહ્યું. (પીટીઆઈ) ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| स्वदेस | સુનીલ દત્ત |
| रंग दे बसंती | અશોક કુમાર |
| किस्मत | શાહરુખ ખાન |
| हम एक हैं | બલરાજ સાહની |
| काबुलीवाला | આમિર ખાન |

## જાણવા જેવું

દેશદાઝ - દેશભક્તિને કેન્દ્રમાં રાખી હિન્દી ફિલ્મો બનાવનારા માટે શહીદ ભગતસિંહ માનીતું પાત્ર રહ્યું છે. ભગતસિંહના જીવન - કવન ઉપર પાંચ ફિલ્મ બની છે. સૌથી વધુ ગાજેલી ફિલ્મ છે મનોજ કુમારની 'શહીદ' જે ૧૯૬૫માં આવી હતી. ૨૦૦૨માં ભગતસિંહ પર આધારિત ત્રણ ફિલ્મ રિલીઝ થઈ હતીઃ 'શહીદ - એ - આઝમ', '૨૩ માર્ચ ૧૯૩૧ શહીદ' અને 'ધ લેજન્ડ ઑફ ભગતસિંહ.'

## ગુજરાત મોરી મોરી રે

હિંદુ પૌરાણિક પાત્ર વિદુરને મહાત્મા ગાંધીનાં વ્યક્તિત્વમાં ઢાળી મૂંગી ફિલ્મ બનાવનારા ગુજરાતી દિગ્દર્શકનું નામ જણાવો.

અ) ચીમનલાલ શાહ
બ) રમણિક વૈદ્ય
ક) કાનજીભાઈ રાઠોડ
ડ) રતિલાલ પુનાતર

## નોંધી રાખો

*'કિસ્મત' ફિલ્મનું કવિ પ્રદીપ લિખિત 'દૂર હટો અય દુનિયાવાલો હિન્દોસ્તાં હમારા હૈ' દર્શકોને બેહદ પસંદ પડ્યું હતું.*

## શબ્દલાલિત્ય — કાન્તા વોરા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ■ | ૩ | | ■ | ૪ |
| | ■ | | ■ | ૫ | | | ■ | ૬ | |
| ૭ | ૮ | ■ | ■ | | ■ | ૯ | ૧૦ | | ■ |
| ■ | ૧૧ | | ૧૨ | | ■ | ■ | | ■ | ૧૩ |
| ૧૪ | | ■ | | ■ | ૧૫ | ૧૬ | | ■ | |
| | ■ | ૧૭ | | | ■ | | ■ | ૧૮ | |
| | ■ | | ■ | ■ | ૧૯ | | | | ■ |
| ■ | ૨૦ | | ૨૧ | ■ | | ■ | ■ | ૨૨ | ૨૩ |
| ૨૪ | | ■ | ૨૫ | | | ■ | ૨૬ | ■ | |
| | ■ | ૨૭ | | ■ | ■ | ૨૮ | | | |

### આડી ચાવી

૧. મોટા મનનું (૪)
૩. ગરીબ (૨)
૫. પાઠ, ઘડો (૩)
૬. --- તેવો વેશ (૨)
૭. નૃત્ય (૨)
૯. ખુશ થવું, રાજી થવું (૩)
૧૧. નજીક, પાસે પાસે (૪)
૧૪. ---નો ચૂક્યો સો વર્ષ જીવે (૨)
૧૫. વધારે (૩)
૧૭. અધીરું, ઉતાવળું (૩)
૧૮. મહિનો, માસ (૨)
૧૯. પરલોક, વૈકુંઠ (૪)
૨૦. હરકત, નુકસાન (૩)
૨૨. લોખંડ, લોઢું (૨)
૨૪. દીકરી (૨)
૨૫. ભૂલભરેલું, ખોટું (૩)
૨૭. નુકસાન, હાનિ (૨)
૨૮. સારાં લક્ષણવાળું (૪)

### ઊભી ચાવી

૧. કાળજી, સંભાળ (૩)
૨. દૈવી, અદ્ભુત (૨)
૩. પુત્રી (૩)
૪. લગામ (૨)
૫. સાંધા વગરનું, તૂટ્યાફૂટ્યા વગરનું (૩)
૬. કરજ, ઋણ (૨)
૮. રૂપિયો ભારતનું --- નાણું છે (૩)
૧૦. ઓપ, ચળકાટ (૩)
૧૨. મચકોડ (૩)
૧૩. જે વણમાગી મળે તે (૩)
૧૪. --- ઘડો છલકાય (૩)
૧૬. તિરસ્કાર (૩)
૧૭. લેવડદેવડ (૩)
૧૮. કામકાજની પરિસ્થિતિ, કટોકટીનો સમય (૩)
૧૯. પહાડ (૩)
૨૦. નુકસાન, ઠોકર (૨)
૨૧. સુધી (૩)
૨૩. સૂતેલું (૩)
૨૪. ખરીદકામ, બજારકામ (૨)
૨૬. બંધિયાર પાણીમાં થતી ચીકણી વનસ્પતિ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ તિ | ર | સ્ફૂ | ૨ ત | | | ૩ ઘા | | ૪ છીં | ૫ ડે |
| લાં | | | ૬ ગ | મો | | ૭ ઈ | ૮ લા | | રા |
| ૯ જ | ૧૦ ક | | ડું | | ૧૧ જ | | ડી | | તં |
| ૧૨ લિ | હા | જ | | ૧૩ આ | બા | ૧૪ દ | | ૧૫ આ | બુ |
| | ન | | ૧૬ જ | | ૧૭ ન | વા | ઈ | | |
| | | ૧૮ ત | ડ | ૧૯ કો | | ત | | ૨૦ મ | |
| ૨૧ તી | ન | | ૨૧અ સું | દ | ર | | ૨૨ ન | ર | ૨૩ મ |
| રં | | ૨૪ જં | | રા | | ૨૫ આ | | ૨૬ જી | દ |
| દા | | ૨૭ ગ | ૨૮ ગો | | ૨૯ ઠ | બ | | | મ |
| ૩૦ જ | ક્રી | | દ | | | ૩૧ રૂ | ઢિ | ચુ | સ્ત |

## ઓળખાણ પડી?



'બ્રિટિશરો સામે લડતા ગુજરાતના બહારવટિયાની કથા પરથી મનહર રસકપૂરએ બનાવેલી ગુજરાતી ફિલ્મની ઓળખાણ પડી?

અ) ખેમરો લોડણ બ) જય શિખા ક) સોન કંસારી ડ) મૂળુ માણેક

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

દેશદાઝ - દેશભક્તિના ખૂબ જ લોકપ્રિય હિન્દી ફિલ્મ ગીતો પૈકી 'યે દેશ હૈ વીર જવાનો કા...' કઈ ફિલ્મમાં લેવામાં આવ્યું હતું?

અ) શહીદ બ) ઉપકાર ક) નયા દૌર ડ) આનંદ મઠ

## માઈન્ડ ગેમ

વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીના 'જય જવાન જય કિસાન' સૂત્રનો આધાર લઈ મનોજ કુમારએ કઈ ફિલ્મ બનાવી હતી?

અ) ક્રાંતિ બ) રોટી કપડા ઔર મકાન ક) ઉપકાર ડ) જય હિન્દ

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | ૮ | | | | |
| ૩ | | ૭ | | | | | ૫ | ૯ |
| | ૯ | | ૫ | | ૬ | ૨ | | |
| | ૨ | | | ૬ | ૫ | ૯ | | |
| | ૬ | | | | | | ૩ | |
| | | ૯ | ૭ | ૪ | | | ૨ | |
| | | ૫ | ૩ | | ૨ | | ૬ | |
| ૮ | ૪ | | | | | ૩ | | ૨ |
| | | | | ૭ | | | | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૧ | ૨ | ૪ | ૬ | ૭ | ૩ | ૮ |
| ૩ | ૮ | ૬ | ૭ | ૧ | ૫ | ૪ | ૨ | ૯ |
| ૪ | ૭ | ૨ | ૯ | ૩ | ૮ | ૬ | ૫ | ૧ |
| ૬ | ૫ | ૯ | ૪ | ૨ | ૭ | ૧ | ૮ | ૩ |
| ૭ | ૧ | ૪ | ૮ | ૫ | ૩ | ૯ | ૬ | ૨ |
| ૨ | ૩ | ૮ | ૧ | ૬ | ૯ | ૫ | ૪ | ૭ |
| ૧ | ૨ | ૫ | ૩ | ૭ | ૪ | ૮ | ૯ | ૬ |
| ૮ | ૬ | ૩ | ૫ | ૯ | ૧ | ૨ | ૭ | ૪ |
| ૯ | ૪ | ૭ | ૬ | ૮ | ૨ | ૩ | ૧ | ૫ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दूषित | ખરાબ |
| देहरी | ઉંબરો |
| देहात | ગામ |
| देहांत | મરણ |
| दोजख | નરક |

**ગુજરાત મોરી મોરી રેઃ**
મણિલાલ જોશી

**ઓળખાણ પડી?**
જમુના

**માઈન્ડ ગેમ :**
તીસરી કસમ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
જ્વેલ થીફ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) ધીરેન ઉદેશી (૫) પ્રતિમા પમાણી (૬) ભામિની સંપટ (૭) ભારતી બુચ (૮) ભરત કજરિયા (૯) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) લજિતા ખોના (૧૩) મહેશ એન. સંઘવી (૧૪) મીનળ કાપડિયા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) કુંદન કે. મારુ (૧૭) નિખિલ બંગાળી (૧૮) મણીલાલ જોષી (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) ભાવના કર્વે (૨૧) વિપીન શાહ (૨૨) નૂતન વિપીન શાહ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) કમલ માતલિયા (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) અંજુ ટોલિયા (૩૦) ડાયના સંતોકે (૩૧) અલકા વાણી (૩૨) નંદુભાઈ અ. ગોઠી (૩૩) અરવિંદ કામદાર (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૬) નિતીન જયંતીલાલ બજરિયા (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) હિનાબેન દલાલ (૪૦) ઈનાક્ષીબેન દલાલ (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) સુભાષ મોમાયા (૪૩) નીતા દેસાઈ (૪૪) પુષ્પા પટેલ (૪૫) પ્રવીણ વોરા (૪૬) મહેશ દોશી (૪૭) તાહેર ઔરંગાબાદવાલા (૪૮) શીરીન ઔરંગાબાદવાલા

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૧૯૩ જવાબઃ ૧) મુહમ્મદ ઈકબાલ, ૨) પિયુષ પાંડે, ૩) કવિ પ્રદીપ, ૪) સમીર અંજાન, ૫) બંકિમચંદ્ર ચટ્ટરજી, ૬) વંશિધર શુક્લા, ૭) મેહબૂબ કોટવાલ

ક્વિઝ ૧૯૪ જવાબઃ ૧) રાજા હિન્દુસ્તાની, ૨) સિપાહી હિન્દુસ્તાની, ૩) હિન્દુસ્તાની, ૪) હીરો હિન્દુસ્તાની, ૫) સાત હિંદુસ્તાની, ૬) ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની, ૭) હમ હિન્દુસ્તાની

ORGANISED BY

BRIGHT OUTDOOR MEDIA LIMITED

NIKITA RAWAL PRODUCTION

ORGANISED BY

BRIGHT OUTDOOR MEDIA LIMITED

SUPPORTED BY

NISHCON REALTY PVT.LTD.

SUPPORTED BY

A.H. GROUP OF COMPANIES

LUXURY VILLA PARTNER

Greencity Goa

ENTERTAINMENT PARTNER

Rocket Reels

DESIGN PARTNER

BEVERAGE PARTNER

Cloud9 YOUR BEVERAGE PARTNER

AVIATION PARTNER

Serb Aviation

RADIO PARTNER

92.7 BIG FM

# BRIGHT OTT & STYLE AWARDS

IN PARTNERSHIP WITH

Kataria Jewellers

LUXURY REAL ESTATE PARTNER

RUDRA GROUP

LIGHTING PARTNER

SURYA

CELEBRITY FITNESS PARTNER

REVEAL FITNESS

A spectacular celebration that brought together the finest names from OTT, entertainment, fashion, and style. Honouring exceptional talent, remarkable achievements, and the personalities who continue to shape the industry.

A NIGHT TO REMEMBER. A CELEBRATION OF ICONS.



## કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી



◀તમન્ના ભાટિયા ◀કિયારા અડવાણી ◀શ્રદ્ધા કપૂર

# હાશ, હવે તીન દેવિયાંની ટક્કર ટળી...

### આ મહિને કિયારા અડવાણી - શ્રદ્ધા કપૂર અને તમન્ના ભાટિયાની બોક્સ ઓફિસ ટક્કર પડતી મૂકવામાં આવી છે

કિયારા અડવાણીની બે ભાષામાં (અંગ્રેજી અને કન્નડ) સાથે ફિલ્માંકન કરવામાં આવ્યું છે એ 'ટોક્સિકઃ અ લવ સ્ટોરી ફોર ગ્રોન અપ્સ' ફિલ્મ અગાઉ ૧૯ માર્ચ, ૨૦૨૬ના દિવસે રિલીઝ થવાની હતી. જોકે, એ જ દિવસે રણવીર સિંહની 'ધુરંધર ૨' રિલીઝ થવાની હોવાથી એની સાથેની સીધી ટક્કર ટાળવા નવી તારીખ નક્કી કરવામાં આવી હતી. રિલીઝ મોકૂફીનું સત્તાવાર કારણ યુએસ - ઈરાન યુદ્ધને કારણે મિડલ ઈસ્ટમાં તણાવપૂર્ણ પરિસ્થિતિ ટાળવાનું આપવામાં આવ્યું હતું. અંતે આ ફિલ્મ ૨૬ ઓગસ્ટના દિવસે પ્રદર્શિત થઈ રહી છે.

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ટક્કરના ટેન્શનની અનોખી મજા છે. એમાં મુખ્યત્વે બે કલાકાર બોક્સ ઓફિસ પર એકબીજાનો મુકાબલો કરતા હોય છે. ક્યારેક એકને જ્વલંત સફળતા મળે ને બીજો ઊંધે માથે પટકાય. ક્યારેક બંને સફળ થાય તો ક્યારેક બંને તરફથી પીઠ ફેરવી લેવામાં આવે એવુંય બને. સાથે કે આસપાસ રિલીઝ થતી અન્ય ફિલ્મ બળુકી લાગતી હોય અને એ પ્રેક્ષકો ખેંચી જશે એવો જો ડર કે શંકા હોય તો રિલીઝની તારીખ આઘી ઠેલવામાં આવે છે.

રસપ્રદ વાત એ છે કે માર્ચ મહિનામાં 'ધુરંધર ૨' સાથે ટક્કર ટાળવા 'ટોક્સિક'ની રિલીઝ મુલતવી રાખવામાં આવી હતી અને હવે 'ટોક્સિક' સાથે મુકાબલો ટાળવા માટે બે અભિનેત્રીની ફિલ્મની રિલીઝ આઘી ઠેલવામાં આવી છે. મોકૂફ રાખવામાં આવેલી એક ફિલ્મ છે શ્રદ્ધા કપૂરની 'ઈઠા' અને બીજી છે તમન્ના ભાટિયાની 'વનઃ ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ'.

મહારાષ્ટ્રનાં તમાશા સમ્રાજ્ઞી વિઠાબાઈ નારાયણગાવકરના જીવન અને કવન પર આધારિત 'ઈઠા' ચોથી ડિસેમ્બરે રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, એ જ દિવસે પ્રભાસની 'ફૌજી' અને અનીસ બઝમીની અક્ષય કુમાર - વિદ્યા બાલનની કોમેડી ફિલ્મ (ટાઈટલ હજી નક્કી નથી) પણ રિલીઝ થવાની છે. બીજી વાર પણ ટક્કર ટાળવામાં આવશે? એ તો ત્યારે જ ખબર પડશે.

બીજી તરફ, તમન્ના ભાટિયાની હોરર ફિલ્મ 'વનઃ ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ'ના પ્રદર્શનની નવી તારીખ ૨૫ સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે. એ દિવસે રાજેશ માપુસ્કર ('ફેરારી કી સવારી' અને પ્રિયંકા ચોપડા નિર્મિત મરાઠી ફિલ્મ 'વેન્ટિલેટર'ના દિગ્દર્શક)ની એનિમેટેડ ફેન્ટસી ફિલ્મ 'ચિરંજીવી હનુમાનઃ ધ ઈટર્નલ' પણ રિલીઝ થવાની છે. તમન્ના ભાટિયાની ફિલ્મને કોઈ સીધો સંઘર્ષ નહીં હોવાથી એની ફિલ્મ તો એ જ દિવસે રિલીઝ થશે.

ટક્કર ટાળવાની બાબતમાં એક મજેદાર વાત એ પણ છે કે રિયલ લાઈફના પતિ - પત્નીનો બોક્સ ઓફિસ મુકાબલો પણ ટળી ગયો છે. વાત એમ છે કે તમન્નાની ફિલ્મ 'વનઃ ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ'નો હીરો છે સિદ્ધાર્થ મલ્હોત્રા. 'મુંબઈ સમાચાર'ના સિને પ્રેમી વાચકો તો જાણતા જ હશે કે 'શેરશાહ'ના શૂટિંગ દરમિયાન સિદ્ધાર્થ અને કિયારા વચ્ચે પ્રેમ પાંગર્યો હતો જેની ફલશ્રુતિ લગ્નમાં થઈ હતી. આમ પતિ - પત્નીની બોક્સ ઓફિસ ટક્કર પણ ટળી ગઈ છે. વાચકોને એ પણ યાદ હશે કે રિયલ લાઈફના અન્ય યુગલ વિકી કૌશલ અને કટરિના કૈફના કેસમાં બોક્સ ઓફિસ ટક્કર ટાળી નહોતી શકાઈ. કટરિનાની બે ફિલ્મ 'ટાઈગર ૩' (દિવાળી ૨૦૨૩) અને 'મેરી ક્રિસમસ' (જાન્યુઆરી ૨૦૨૪)ની વચ્ચે વિકી કૌશલની 'સેમ બહાદુર' (૧ ડિસેમ્બર ૨૦૨૩) રિલીઝ થઈ હતી. એ સમયે વિકીએ હસતા હસતા કહ્યું હતું કે પત્નીની બે ફિલ્મ વચ્ચે પોતે સેન્ડવિચ થઈ ગયો.

કિયારા અડવાણી 'ટોક્સિક' ફિલ્મને પોતાની અભિનય યાત્રાનો નવો પડાવ માને છે. જોકે, યશના ડબલ રોલવાળી ફિલ્મમાં કિયારાના ભાગે કેટલો અને કેવો પરફોર્મન્સ આવ્યો હશે એ તો કેવળ અટકળનો વિષય છે પણ 'રોલ બડા હોના ચાહિએ લંબા નહીં' વ્યાખ્યામાં શ્રદ્ધા ધરાવતી કિયારા નાદિયા (નવી ફિલ્મના પાત્રનું નામ)ના રોલ બાબતે અત્યંત ઉત્સાહિત છે. ઈન્ટરવ્યૂમાં તેણે સ્પષ્ટપણે કહ્યું છે કે 'આ ફિલ્મ મારી કારકિર્દીમાં ટર્નિંગ પોઈન્ટ સાબિત થશે. મારું માનવું છે કે આ ફિલ્મ પછી 'ટોક્સિક' પહેલાની કિયારા અને પછીની કિયારા એવા બે અલગ રૂપમાં તમે મને મૂલવી શકશો.'

ભારતીય ચિત્રપટ સૃષ્ટિમાં કેટલાક વખતથી પેન ઈન્ડિયા ફિલ્મ્સનો અખતરો ચાલી રહ્યો છે. પ્રાદેશિક ભાષાનું લેબલ હટાવી ફિલ્મ ભારતભરના અને વિદેશમાં વસતા વિવિધભાષી ભારતીય દર્શકો ફિલ્મને માણી શકે એ માટે ફિલ્મ જે ભાષામાં બની હોય એ ઉપરાંત અન્ય ભાષાઓમાં ડબ પણ કરવામાં આવે છે. આ અખતરાથી બહોળો પ્રેક્ષકવર્ગ મળે છે. હોલિવૂડની ફિલ્મો સુધ્ધાં આવો પ્રયાસ કરતું હોવાથી જયપુર, જાલંધર, જલપાઈગુડી અને જામનગરનો સ્થાનિક ભાષા જ સમજતો સિનેપ્રેમી પણ એ ફિલ્મ માણી શકે છે. 'ટોક્સિક' પણ સાઉથની ભાષા અને હિન્દીમાં ડબ કરી રજૂ કરવામાં આવશે. જોકે, આની એક વિશેષતા એ છે કે આ ફિલ્મ એકસાથે બે ભાષા (અંગ્રેજી અને કન્નડ)માં ફિલ્માવવામાં આવી છે. યશ કન્નડ ફિલ્મ ઈન્ડસ્ટ્રી ('કેજીએફઃ ચેપ્ટર ૧' અને 'કેજીએફઃ ચેપ્ટર ૨' વિશે જાણતા જ હશો) સાથે સંકળાયેલો કલાકાર હોવાથી અને કેજીએફની બે ફિલ્મ પછી યશની આ પહેલી ફિલ્મ રિલીઝ થઈ રહી હોવાથી કન્નડનો આગ્રહ સમજી શકાય છે. બંને કેજીએફ ફિલ્મોને વિદેશમાં સારી સફળતા મળી હોવાથી 'ટોક્સિક'ની ફરતે આશાવાદ વીંટળાયેલો હોય એ સ્વાભાવિક છે. નિતેશ તિવારીની 'રામાયણ'માં યશ રાવણનો રોલ કરી રહ્યો હોવાથી સિને પ્રેમીઓમાં એના માટે કુતૂહલ જાગ્યું હોય એ સ્વાભાવિક છે. ■

## સ્ટાર-ચાર-કલાકાર

સંજય છેલ

# 'જહાં ડાલ ડાલ પર સોને કી ચીડિયા...'
# દિલને સ્પર્શતું દેશપ્રેમનું સંગીત ...

*'મને કોઈ દેશનાં ગીતો રચવા દો, પછી ભલે એ દેશના કાયદા કોઈ પણ બનાવે.'*

-એન્ડ્રુ ફ્લેચર

...

*'દેશની માટી માત્ર માટી નથી હોતી, પણ તેમાં પેઢીઓના શ્વાસ અને સંઘર્ષ ભળેલા હોય છે.'*

- પાબ્લો નેરુદા

...

કાલે ૧૫મી ઓગસ્ટ આવશે એટલે માત્ર કેલેન્ડરની તારીખ જ નહીં બદલાય, પણ આખા દેશમાં સૌના દિલનાં કોઇ ખૂણે સદીઓ જૂની રાખ નીચે દબાયેલા આઝાદીના અંગારા ફરી સળગી ઊઠશે.

ટી.વી., રેડિયો કે લાઉડસ્પીકરમાંથી દેશપ્રેમનાં ગીત-સંગીત સંભળાય, ત્યારે આધુનિક ગગનચુંબી ઇમારતો અને કાચની ઓફિસો ઓગળી જાય છે ને સમય કોઈ અજબ ખેંચાણથી ઝૂમી ઊઠે છે.

આપણી આઝાદી અને તેના સંગીતની સફર પણ માત્ર કાગળ પર લખાયેલા શબ્દો નથી, પણ એવાં અમર ગીતો છે, જેણે ગુલામીની રાત્રિને સંગીતના ઉજાસથી ભરી દીધી છે.

વિશ્વ સાહિત્ય અને સિનેમામાં ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ કોઈ પ્રજા પર અસ્તિત્વનું સંકટ આવ્યું છે ત્યારે કવિઓ ને સંગીતકારોએ બંદૂકો જેટલાં જ ધારદાર શબ્દો ને ધૂનો વહાવી છે.

દેશપ્રેમનાં ગીતોની સફરનો પાયો ૧૮૭૫માં નંખાયો જ્યારે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે 'વંદે માતરમ'ની રચના કરી. જોકે ત્યારે કેટલાક અખબારો અને બૌદ્ધિકોએ કટાક્ષ કર્યો હતો કે આ સંસ્કૃતપ્રચુર અને ભારેખમ ગીત જનમાનસની પહોંચ બહાર છે. બંકિમબાબુએ નિરાશા વ્યક્ત કરવાને બદલે આશાવાદી અંદાજમાં કહેલું કે આજે ભલે ભાષા અટપટી લાગે, પણ ઇતિહાસ જ્યારે કરવટ બદલશે. ત્યારે આ જ શબ્દો કરોડો-લાખો લોકોનો ધબકાર બની જશે. પછી ૧૯૦૫ના બંગભંગ વખતે એ વાત ખરી પડી. લોર્ડ કર્ઝનની ગોરી સરકારે બંગાળના ભાગલા પાડ્યા ને સશસ્ત્ર અંગ્રેજ પોલીસ રસ્તા પર ઉતરી, ત્યારે યુવાનોની છાતી પર લાઠીઓ વરસતી હતી ને હોઠ પર માત્ર એક જ મંત્ર હતોઃ

'વંદે માતરમ્!'. બ્રિટિશ રાજની ક્રૂર લોકશાહી સામે એક જ મંત્ર!

આવી જ ક્રાંતિની આગ વચ્ચે જ્યારે રામપ્રસાદ બિસ્મિલ અને અશફાકઉલ્લા ખાન જેલની ગૂંગળામણ ભરેલી કોટડીઓમાં 'સરફરોશી કી તમન્ના આજ અપને દિલ મેં હૈ, દેખના હૈ ઝોર કિતના બાઝુ-એ-કાતિલ મેં હૈં!' ગણગણતા, ત્યારે તે માત્ર કવિતા નહોતી; એક પ્રતિજ્ઞા હતી. જ્યારે સુભાષચંદ્ર બોઝની 'આઝાદ હિંદ ફોજ'ના સૈનિકો સિંગાપોર ને બર્માના જંગલોમાં કૂચ કરતા ત્યારે રામસિંઘ ઠાકુરનું સંગીતબદ્ધ કરેલું 'કદમ કદમ બઢાએ જા' એ આંતરરાષ્ટ્રીય ક્રાંતિગીતો જેવું અદ્ભુત રણગીત બની ગયું હતું.

આઝાદીની સવાર પડ્યા પછી જ્યારે વિભાજનના ઘા અને ગરીબીના ભાર વચ્ચે નવો દેશ શ્વાસ લઈ રહ્યો હતો ત્યારે ભારતીય સિનેમાએ




ઇટાલિયન સિનેમાની જેમ વાસ્તવિકતાને રૂપેરી પડદે ઉતારવાનું શરૂ કર્યું. ૧૯૫૪માં કવિ પ્રદીપે ફિલ્મ 'જાગૃતિ' માટે લખ્યુંઃ 'આઓ બચ્ચોં તુમ્હેં દિખાએં ઝાંકી હિન્દુસ્તાન કી, ઇસ ધરતી સે તિલક કરો યે ધરતી હૈ બલિદાન કી', જેણે આવનારી પેઢીને એક નવું જોમ આપ્યું અને આજે પણ જૂનું નથી પડ્યું.

જોકે ૧૯૬૨ના ચીન સામેના યુદ્ધે ભારતીય મનસૂબા ને હિંમતને હચમચાવી દીધી હતી. એ અંધકારામય સમયમાં કવિ પ્રદીપના અંતરમાંથી સરી પડેલું ગીતઃ 'એ મેરે વતન કે લોગોં, ઝરા આંખમેં ભર લો પાની' નોન ફિલ્મી ગીત પણ કોઇ ફિલ્મી ગીતની જેમ શહીદોનાં શોકગીત જેવું પવિત્ર અને યાદગાર બની ગયું. ૨૭ જાન્યુઆરી ૧૯૬૩ના રોજ એક સ્ટેડિયમમાં જ્યારે લતા મંગેશકરે સી. રામચંદ્રના નિર્દેશનમાં આ ગીત ગાયું, ત્યારે સ્ટેજ પર વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ, કોઇ મૂર્તિની જેમ સ્તબ્ધ થઈને રડતા હતા. ગીત પૂરું થતાં નહેરુજીની આંખોમાંથી વહેતા અસહ્ય અશ્રુઓએ ઇતિહાસના પૃષ્ઠો પર એક અમીટ છાપ છોડી દીધી. કાર્યક્રમ પછી નહેરુજીએ લતાજીને પોતાના રૂમાલથી આંખો લૂછતા બોલાવ્યા ને ગદગદ કંઠે કહ્યુંઃ 'બેટી, આજના દિવસે તું આખી સંસદ, સરકાર અને દેશને રડાવી ગઈ.' ત્યારે સિનેમા અને રાજનીતિ વચ્ચેનો ભેદ ઓગળી ગયો હતો.

અને એ પછી નહેરુજીએ કવિ પ્રદીપજીનું પણ ખાસ સન્માન કરેલું.

ભારતીય સિનેમામાં અનેક વિઝનરી-દૂરંદેશી ફિલ્મમેકર્સ આવ્યા જેમણે આપણી માટીની સુવાસને પ્રાથમિકતા આપી. રાજ કપૂરે અને કવિ શૈલેન્દ્રએઃ 'હમ ઉસ દેશ કે વાસી હૈ, જિસ દેસ મેં ગંગા બહતી હૈ' જેવું માસૂમ ગીત આપ્યું. તો ચેતન આનંદ જ્યારે લદાખના હાડ થીજવતા, શૂન્ય નીચેના તાપમાનમાં 'હકીકત'નું શૂટિંગ કરી રહ્યા હતા ત્યારે ત્યાં સરહદ પર તૈનાત અસલી જવાનોએ તેમને કહ્યું હતું કે 'સાહેબ, વાર્તાઓની અગ્નિપરીક્ષાઓ તો માત્ર કાગળ પર હોય છે, અમારી રોજિંદી જિંદગી જ એક એવી ટ્રેજેડી છે જ્યાં અમે મુંબઈના થિયેટરો ચાલુ રહે તે માટે અહીં બરફમાં જામી જઈએ છીએ.' સૈનિકોની આ વાતથી ધ્રૂજી ઉઠેલા ચેતન આનંદે તરત જ કેફી આઝમીને ફોન કરીને કહ્યું કે 'સિનેમાના ઇતિહાસમાં કદી ન ભુલાય તેવું કાવ્ય રચો.' પરિણામે 'કર ચલે હમ ફિદા જાન-ઓ-તન સાથિયો, અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ'.

વેલ, આજે જેને વારેવારે નેતાઓ, ટીવી એંકરો ને સરકારભક્તો ગાળો આપે છે એવા કોમ્યુનિસ્ટ હતા, ગીતકાર કૈફી આઝમીજી!

એ પછી 'ભારત કુમાર' તરીકે ઓળખાયેલા મનોજ કુમારે ભારતીય સિનેમાને જે દેશપ્રમનો ડબલ- ડોઝ આપ્યો, જે અદ્વિતીય છે. લાલબહાદુર શાસ્ત્રીના 'જય જવાન, જય કિસાન'ના આહ્‌વાનથી પ્રેરિત થઈને મનોજ કુમારે દિલ્હીથી મુંબઈ આવતી ફ્રન્ટિયર મેલની મુસાફરી દરમિયાન જ વાર્તા વિચારી લીધી. એ 'ઉપકાર' ફિલ્મનું અમર ગીત 'મેરે દેશ કી ધરતી સોના ઉગલે, ઉગલે હીરે મોતી.'

આપણી નસોમાં જોશ ભરી દે છે.. વિદેશી સાહિત્યમાં જે રીતે હોમસિકનેસ કે દેશનિકાલની વેદના વર્ણવાય છે, તેનાથી વિપરીત મનોજ કુમારે પૂર્વ અને પશ્ચિમના સાંસ્કૃતિક સંઘર્ષને 'પૂરબ ઔર પશ્ચિમ'માં 'હૈ પ્રીત જહાં કી રીત સદા' દ્વારા એવી સચોટતાથી મૂક્યું કે વિદેશી ઓડિયન્સ પણ ભારતીય સંગીતના ઢોલક પર થિરકવા મજબૂર થઈ ગયું.

એ પછી ૧૯૯૭ના વર્ષે આઝાદીના પચાસ વર્ષના ઉત્સવ સાથે એ.આર. રહેમાને 'મા તુઝે સલામ....વંદે માતરમ્' બનાવીને હલચલ મચાવી દીધી. જેમાં રહેમાને રોક, જાઝ અને ઇલેક્ટ્રોનિક્સનું ફ્યુઝન આપ્યું, તેણે દેશભક્તિમાં નવો શ્વાસ ફૂંક્યો. એ જ વર્ષે જે.પી. દત્તાની 'બોર્ડર'નું જાવેદ અખ્તરની કલમે લિખીત 'સંદેસે આતે હૈં' રિલીઝ થયું, જેણે આપણાં સૈનિકોની વેદનાને એવા સ્તરે પહોંચાડી દીધી કે લાખો આંખો રડી પડી. એવી જ રીતે શાહરુખની 'ફિર ભી દિલ હૈ હિંદુસ્તાની' ફિલ્મનું ટાઇટલ સોંગ કે 'વીર-ઝારા' ફિલ્મનું 'યે જો દેશ હૈ તેરા' કે 'દસ' ફિલ્મનું 'સુનો ગૌર સે દુનિયાવાલો....સબ સે આગે હોંગે હિન્દુસ્તાની' આવા અનેક ગીતોની યાદી બનાવશું તો આવતા વરસની ૧૫મી ઓગસ્ટ આવી જશે.

જયહિંદ. ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૫ વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર - ધર્મ તેજ - આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર - તરોતાજા - મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર - ઈન્ટરવલ - થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર - પુરુષ લાડકી - સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર - મેટિની - મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર - વીકએન્ડ - વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર - ઉત્સવ - અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# શું સિનેમેટિક યુનિવર્સ બનાવવાની દોડમાં ઓરિજિનલ સ્ટોરીઝ ખોવાઈ રહી છે?

એક સમય હતો જ્યારે કોઈ ફિલ્મ સફળ થાય એટલે વાત ત્યાં પૂરી થઈ જતી હતી. ફિલ્મ રિલીઝ થતી, લોકો તેને પસંદ કરતા, બોક્સ ઓફિસ પર કમાણી થતી અને પછી તે યાદોમાં જીવતી રહેતી. જો ફિલ્મ ખૂબ જ ગમી હોય તો વર્ષો પછી ટીવી પર ફરી જોવાતી અથવા તેની ચર્ચા થતી. આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. હવે કોઈ ફિલ્મ સફળ થાય એટલે તરત જ સિક્વલની જાહેરાત થાય છે. સિક્વલ પૂરતી ન હોય તો સ્પિન-ઓફ આવે છે. સ્પિન-ઓફ પછી પ્રિક્વલ આવે છે અને હવે તો લગભગ દરેક મોટી ફિલ્મ સાથે એક નવો શબ્દ જોડાઈ ગયો છે એ છે ‘યુનિવર્સ.




છેલ્લાં થોડાં વર્ષોમાં આ ટ્રેન્ડ એટલો સામાન્ય થઈ ગયો છે કે હવે તે અપવાદ નહીં, પરંતુ નિયમ બની ગયો છે. ‘સ્ત્રી’ એક ફિલ્મ હતી. પછી ‘સ્ત્રી ૨’ આવી. હવે તે એક મોટા હોરર-કોમેડી યુનિવર્સનો ભાગ બની ગઈ છે. ‘યશરાજ ફિલ્મ્સે’ પોતાનું સ્પાય યુનિવર્સ ઊભું કર્યું છે, જેમાં ‘એક થા ટાઈગર’, ‘ટાઈગર ઝિંદા હૈ’, ‘વોર’, ‘પઠાણ’ અને હવે ‘આલ્ફા’ જેવી ફિલ્મ્સ સામેલ છે. રોહિત શેટ્ટીનું કોપ યુનિવર્સ ‘સિંઘમ’, ‘સિમ્બા’, ‘સૂર્યવંશી’ અને ‘સિંઘમ અગેન’ સુધી પહોંચી ગયું છે.







પ્રશ્ન એ છે કે આખરે દરેક ફિલ્મને યુનિવર્સ બનાવવાની જરૂર શા માટે પડી? તેનો સૌથી સીધો જવાબ છે: ડર...

ફિલ્મ ઇન્ડસ્ટ્રી હંમેશાં જોખમમાં જીવે છે. હવે આજના સમયમાં જોખમ વધુ વધી ગયું છે. ફિલ્મ્સના બજેટ વધી ગયા છે.

માર્કેટિંગ ખર્ચ આસમાને પહોંચ્યો છે. ઓટીટી, યુટ્યૂબ, સોશ્યલ મીડિયા અને ગેમિંગ જેવી અનેક સ્પર્ધાઓ વચ્ચે દર્શકોનું ધ્યાન ખેંચવું મુશ્કેલ બન્યું છે. આવી સ્થિતિમાં નવા અને સંપૂર્ણપણે ઓરિજિનલ વિચારો પર પૈસા લગાવવા ઘણા નિર્માતાઓને જોખમી લાગે છે. તેના મુકાબલે ઓળખાયેલી બ્રાન્ડ વધુ સુરક્ષિત લાગે છે. જો કોઈ પાત્ર અથવા ફિલ્મ પહેલેથી જ લોકપ્રિય હોય તો તેના પર આગળનું રોકાણ કરવું સરળ લાગે છે.

આ વિચાર હોલિવૂડમાંથી આવ્યો છે. ૨૦૦૮માં ‘આયર્ન મેન’ સાથે શરૂ થયેલું માર્વેલ સિનેમેટિક યુનિવર્સ ધીમે ધીમે દુનિયાના સૌથી સફળ ફિલ્મ મોડેલમાં ફેરવાઈ ગયું. ‘એવેન્જર્સ’ જેવી ફિલ્મ્સે સાબિત કર્યું કે જો અલગ અલગ પાત્રોને એક જ દુનિયામાં ગોઠવવામાં આવે તો દર્શકો વારંવાર થિયેટર સુધી આવી શકે છે. હોલિવૂડના લગભગ બધા સ્ટુડિયોએ પછી આ મોડેલને અનુસરવાનો પ્રયાસ કર્યો. કેટલાક સફળ રહ્યા, ઘણા નિષ્ફળ ગયા. પરંતુ દુનિયાભરના ફિલ્મમેકર્સ એ વાત શીખી લીધી કે યુનિવર્સ વેચાય છે, પરંતુ કદાચ અહીં એક ગેરસમજ થઈ. માર્વેલની સફળતાનું કારણ માત્ર યુનિવર્સ નહોતું. ‘આયર્ન મેન’, ‘બ્લેક પેન્થર’, ‘ગાર્ડિયન્સ ઓફ ધ ગેલેક્સી’ અથવા ‘કેપ્ટન અમેરિકાઃ ધ વિન્ટર સોલ્જર’ જેવી ફિલ્મ્સ પહેલાં સારી ફિલ્મ્સ હતી અને પછી યુનિવર્સનો ભાગ હતી અને પહેલાંથી જ તેનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજે ઘણીવાર એવું લાગે છે કે કેટલીક ફિલ્મ્સ સારી વાર્તા બનવા કરતાં ભવિષ્યના પ્રોજેક્ટ્સ માટે પાયો નાખવામાં વધુ રસ ધરાવે છે. ફિલ્મ પૂરી થાય એ પહેલાં જ દર્શકોને આગળની ફિલ્મનું ટીઝર બતાવી દેવામાં આવે છે. અથવા ફિલ્મ હિટ જાય પછી યુનિવર્સ વિશે વિચારે છે અને પછી સરખી રીતે આખા યુનિવર્સને કનેક્ટ કરવામાં નિષ્ફળ જાય છે.

આ વલણના કારણે ફિલ્મ જોવાનો અનુભવ પણ બદલાઈ ગયો છે. પહેલાં દર્શક એક સંપૂર્ણ વાર્તા જોવા જતા હતા. હવે ઘણીવાર એવું લાગે છે કે તે એક બિઝનેસ પ્લાનનો પહેલો હપ્તો જોઈ રહ્યા છે. આ બધાની વચ્ચે એક રસપ્રદ પ્રશ્ન ઊભો થાય છે. શું ભારતીય સિનેમાએ પોતાની સૌથી મોટી તાકાત પરનો વિશ્વાસ ગુમાવી દીધો છે? ‘શોલે’ને કોઈએ યુનિવર્સ તરીકે ડિઝાઇન કરી નહોતી.‘લગાન’ પછી કોઈએ સિક્વલની રાહ જોઈ નહોતી. ‘દિલ ચાહતા હૈ’, ‘તારે જમીન પર’, ‘૩ ઇડિયટ્સ’, ‘કહાની’, ‘ક્વીન’, ‘અંધાધૂન’ કે ‘આર્ટિકલ ૧૫’ જેવી ફિલ્મ્સ લોકોના દિલમાં તેમના પાત્રો અને વાર્તાઓના કારણે રહી છે, કોઈ ફ્રેન્ચાઇઝ પ્લાનના કારણે નહીં.

તાજેતરનાં વર્ષોમાં પણ આવાં ઉદાહરણોની કમી નથી. ‘૧૨th ફેઇલ’ને યુનિવર્સની જરૂર નહોતી. ‘લાપતા લેડીઝ’ને સ્પિન-ઓફની જરૂર નહોતી. ‘સીતા રામમ’ કોઈ મોટા ફ્રેન્ચાઇઝ પ્લાનનો ભાગ નહોતી. આ ફિલ્મ્સ ચાલી કારણ કે તેમાં સારી અને ઓરિજિનલ વાર્તા હતી, વિશ્વાસપાત્ર પાત્રો હતાં અને મેકિંગ સારું હતું.

ખાસ વાત એ છે કે ઘણી વખત મેકર્સ જે ફિલ્મ્સને મોટી આશા સાથે યુનિવર્સમાં ફેરવવા માગે છે, તેના કરતાં સંપૂર્ણ નવી ફિલ્મ્સ વધુ પ્રભાવ પાડે છે. તેમ છતાં યુનિવર્સનો ટ્રેન્ડ અટકતો નથી બિઝનેસ દૃષ્ટિકોણના કારણે. પરંતુ સિનેમા માત્ર બિઝનેસ નથી. તે સર્જનાત્મક માધ્યમ પણ છે અને સર્જનાત્મકતા ઘણીવાર જોખમ લેવાની તૈયારીમાંથી જન્મે છે. જો દરેક ફિલ્મ એક જ દિશામાં દોડવા લાગે તો વિવિધતા ખોવાઈ જાય છે. દરેક સ્ટુડિયો જો પોતાનો માર્વેલ બનાવવા નીકળે તો નવા વિચારો માટે જગ્યા ઓછી થવા લાગે છે.

મનોરંજન દેવની કૃપાથી વિશ્વભરમાં હવે ફ્રેન્ચાઇઝ ફટિગના સંકેતો પણ દેખાવા લાગ્યા છે. મોટી બ્રાન્ડ્સ ધરાવતી ફિલ્મ્સ પણ નિષ્ફળ ગઈ છે. દર્શકો હવે પૂછે છે કે ફિલ્મ સારી છે કે નહીં. જો વાર્તા નબળી હોય તો સૌથી મોટું યુનિવર્સ પણ કામ નથી આવતું!

**લાસ્ટ શોટ**
*હવે ઘણીવાર પ્રશ્ન એવો પુછાતો નથી કે ‘આપણે કઈ વાર્તા કહેવી છે?’ તેના બદલે પ્રશ્ન એવો હોય છે કે ‘શું આમાંથી ફ્રેન્ચાઇઝ બનાવી શકાય?’*

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (૧૯૩)

**આ નોન ફિલ્મી દેશ ભક્તિગીતોના ગીતકાર કોણ છે ?**

૧) સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા હમ બુલબુલે હૈ

૨) મિલે સૂર મેરા તુમ્હારા તો સૂર બને હમારા તો સૂર બને

૩) અય મેરે વતન કે લોગો ઝરા આંખ મેં ભરલો પાની

૪) સુનો ગૌર સે દુનિયા વાલો બુરી નઝર ના હમપે ડાલો ચાહે

૫) વંદેમાતરમ્ વંદેમાતરમ્ સુજલામ સુફલામ મલયજ શીતલાંમ

૬) કદમ કદમ બઢાયેજા ખુશી કે ગીત ગાયેજા યે ઝીંદગી હૈ


૭) મા તુજે સલામ અમ્મા તુજે સલામ વંદેમાતરમ્ વંદેમાતરમ્

## ક્વિઝ (૧૯૪)

**આ કલાકારોની હિન્દુસ્તાની શબ્દ આવે એવી ફિલ્મ કઈ છે?**

૧) આમિર ખાન

૨) મિથુન ચક્રવર્તી



૩) કમલ હસન


૪) અર્ષદ વારસી

૫) અમિતાભ બચ્ચન

૬) શાહરુખ ખાન

૭) સુનિલ દત્ત

**જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’**




**થોડી જ ક્ષણોમાં મને ઘરના બારણામાં પ્રવેશતા ત્રણ જણના પગ દેખાયા. ત્રણેયે જીન્સ અને રેક્જીનના બૂટ પહેરેલા હતા. મોત મારી સામે હતું. મારી પાસે કોઈ હથિયાર ન હતું. ફરી એકવાર મને મારા બોડીગાર્ડ યાદ આવ્યા...**

**ઘડીભર** મારા મગજમાં સન્નાટો છવાઈ ગયો. રત્નાકરજીએ છેક સુધી આગ્રહ રાખેલો કે હું બોડીગાર્ડ સાથે લઈ જાઉં. મને એકાએક મારી મૂર્ખતા સમજાઈ.

‘મેં ઘડિયાળ જોઈ. સાડાચાર થતા હતા. હું બારણું ખોલી બહાર નજર નાખી આવી, ગણપત દેખાતો ન હતો. કદાચ તે પોતાના ઘેર ચાલ્યો ગયો હતો. મેં ઝડપભેર વિચારવા માંડ્યું અહીંથી નીકળીને ક્યાં ક્યાં જઈ શકાય તેની ગણતરીઓ માંડી. પાલનપુરમાં એરપોર્ટ નથી એટલે ટ્રેન અથવા બસ સિવાય બહુ બહુ તો કાર ભાડે કરી શકું, પણ સૌથી મોટી મુસીબત હતી કે જવું તો ક્યાં જવું ? મારી સલામતી માટે મુંબઈ સિવાય બીજું કોઈ સ્થળ ન હતું. પહેલો વિચાર આવ્યો કે અમદાવાદ ચાલી જાઉં. ત્યાં કોઈ હૉટેલમાં બે ચાર દિવસ રહું. તે દરમિયાન રત્નાકરજી ઠીક થઈ જશે. એમની સાથે ચર્ચા કરીને આગળનો નિર્ણય લઈ શકાશે. સમય કેમેય આગળ સરતો ન હતો. મારું બેચેન થઈ ગયેલું મન વિચારવા જ દેતું ન હતું. મને થયું કે ગણપત આવે તે દરમિયાન મારી બેગ ભરી લઉં. મારી પાસે બે બેગ હતી. એક બેગમાં મારા કપડાં અને થોડાંક પુસ્તકો નાખ્યા. બીજી નાની બેગ જે આ પડી છે તેમાં મારા ડોક્યુમેન્ટસ અને બીજી પરચુરણ ચીજો ટુવાલ અને વધારાના એકાદ જોડી કપડાં નાખી હું ગણપત આવે તો તો એને જવાનું શું બહાનું આપવું તે વિચારી ગણપતની રાહ જોવા લાગી. રોજ સાડા ચાર વાગે આવી જતો ગણપત હજુ દેખાતો ન હતો. મારી ધડકનો તેજ થતી હતી. તે દરમિયાન એક એવોય વિચાર આવી ગયો કે પાલનપુરના ડીએસપી પાસે ચાલી જાઉં તેમને મારી હકીકત જણાવું અને પોલીસ પ્રોટેક્શન લઈ લઉં, પણ અચાનક અહીં પોલીસ પહેરો મુકાશે તો કદાચ વાત ફેલાશે તેથી એ વિચાર માંડી વાળ્યો. મને ગણપત ઉપર ગુસ્સો આવતો હતો કે તે મને કહીને ગયો ન હતો. મારી પાસે તેના નંબર પણ ન હતા.

મને એવુંય થયું કે હું શા માટે આટલી ગભરાઉં છું ? અભિજિતે સતર્ક રહેવાનું કહ્યું છે. આ સ્થળ હાલને હાલ છોડી જવાનું તો કહ્યું નથી. મારે શા માટે ઉતાવળ કરવાની જરૂર છે ? મારું મન કોઈ આશ્વાસન સ્વીકારવા તૈયાર ન હતું. મારું આંતરમન કહેતું હતું કે, સોનલ કોઈ આફત નજીક આવી રહી છે. અહીંથી જલદી ભાગી જા. મારાથી ગણપતને મળ્યા સિવાય જવાય તેમ ન હતું. મારે તેને થોડા રૂપિયા પણ આપવા હતા.

છ વાગવા આવ્યા હતા. ખબર નહીં ગણપત ક્યાં ખોવાઈ ગયો હતો. આમ એ સોસાયટી વિસ્તાર કહેવાય પણ એ મકાનની આસપાસ ખાસ કોઈ વસ્તી ન હતી. મકાન સુધી પાકો રસ્તો પણ ન હતો. થોડે દૂર ગ્રામ્ય વિસ્તાર તરફ જવાનો એક સાંકડો ડામરનો રસ્તો પસાર થતો હતો. એના પરથી જતા છકડા અને ટ્રકનો અવાજ આવતો. તે સિવાય કોઈ વાહન આવતાં નહીં. મને સંભળાયેલો અવાજ પેટ્રોલકારનો જ હતો તેમાં કોઈ શંકા ન હતી. ઘરનો મેઈન ડોર ખુલ્લો હતો. મારા મનમાં ખતરાની ઘંટી વાગી. હું સાવધ થઈ ગઈ. પહેલા એમ થયું કે બેગ લઈને બહાર જાઉં. પણ એ વિચાર આવ્યો તે સાથે જ બે - ત્રણ જણ બાઉન્ડરી કૂદયા હોય તેવો અવાજ સંભળાયો. મારા કાન એટલા સરવા હતા કે એ બાબતમાં શંકા ન રહી કે કોઈ મારા તરફ આવી રહ્યું છે. રાડારાડ કરવાનો કોઈ અર્થ ન હતો. મારું હૃદય જોર જોરથી ધડકતું હતું. મારાથી હવે બહાર જવાય તેમ ન હતું. મારી બેય બેગ ઉપરના ઓરડામાં હતી. નીચે બાથરૂમ સિવાય સંતાઈ રહેવાનો અર્થ ન હતો અને ઉપરના ઓરડા તરફ જવા સિવાય છૂટકો ન હતો. હું ઝડપથી દાદર ચડવા લાગી. દાદરાના વળાંક પાસેથી ખુલ્લા દરવાજોનો નીચેનો હિસ્સો દેખાતો હતો. હું શ્વાસ રોકીને ખૂણામાં લપાઈને ઊભી રહી જેથી મારા પગ ન દેખાય. હું બારણા તરફ જોઈ રહી. થોડી જ ક્ષણોમાં મને ઘરના બારણામાં પ્રવેશતા ત્રણ જણના પગ દેખાયા. ત્રણેયે જીન્સ અને રેક્જીનના બૂટ પહેરેલા હતા. મોત મારી સામે હતું. મારી પાસે કોઈ હથિયાર ન હતું. ફરી એકવાર મને મારા બોડીગાર્ડ યાદ આવ્યા. અવાજ ન થાય તે રીતે બબ્બે પગથિયાં ચઢી ઉપરના ઓરડામાં જઈ મેં અંદરથી ઓરડો બંધ કરી નાખ્યો. મારું શરીર ધ્રૂજતું હતું. હું અહીં એ ઓરડામાં કેટલો સમય સલામત હોઈશ તેની મને ખબર હતી. પેલા લોકોએ જો મને જોઈ લીધી હશે તો ઉપર આવવાના હતા અને નહીં જોઈ હોય તોય આવવાના હતા. મેં ઓરડાની સિચ્યુએશન જોઈ લીધી. એ ઓરડાની પૂર્વ બાજુની ભીંતને સમાંતર લાંબી ગેલેરી હતી. ગેલેરીને લોખંડની જાળી હતી. ગેલેરીમાં જવા માટે એક દરવાજો હતો. મેં પગથિયાં ચડતા બૂટનો અવાજ સાંભળ્યો. હું નખશીખ ધ્રૂજી ગઈ. જોકે એ લોકોનો ઈરાદો શું હતો તેનો અંદાજ લગાવવો મુશ્કેલ હતું. મેં તેમના ચહેરા જોયા ન હતા. મને ખબર હતી કે એમાં સંજય કે જય કે તેના મામાઓ નહીં જ હોય. આવી મૂર્ખાઈ તેઓ ન કરે, પણ જે આવ્યા છે તે જરૂર સંજયના જ માણસો હશે. એ લોકો મને ઉપાડી જશે તો મારા શરીરની મિજબાની કર્યા વગર રહેવાના ન હતા. આ વિચારે હું છળી ઊઠી હતી.

હું શ્વાસ ગણતી ઊભી હતી અને બંધ દરવાજા ઉપર જોરથી લાત પડી. મેં બંધ દરવાજાને જોયા કર્યું. ત્યાં બીજી લાત પડી. સાથે જ બૂમ સંભળાઈ, ‘અબે ઓ એેન્જલીના જોલીકી ઓલાદ, સીધી તરહસે ખોલ દે વરના હમ દરવાજા તોડના જાનતે હૈ.’

મારું મગજ ઝડપભેર વિચારવા લાગ્યું. મને ખબર હતી એ મણિરામ ઝવેરીના ઘરના દરવાજા હતા. આસાનીથી નહીં તૂટે. મેં ન છૂટકે મોટી બેગ રહેવા દીધી અને નાની બેગ ખભે ભેરવી ધીમેથી ગેલેરીવાળો દરવાજો ખોલી નીચે જોયું. મને થયું કે પેલા દરવાજામાંથી બહાર કૂદી પડું, પણ જો કૂદકો મારું તો મરું નહીં તો બૂરી રીતે ભંગાઈ જાઉં એ નક્કી હતું. ગેલેરી ઉત્તર દક્ષિણ હતી. ગેલેરીના દક્ષિણ છેડે પેન્ડુલાનું એક વૃક્ષ બરાબર લોખંડની જાળીને અડતું હતું. મને એક ખતરનાક વિચાર આવ્યો. એને અમલમાં મૂકવા સિવાય મારી પાસે બીજો કોઈ રસ્તો ન હતો. મેં ધીમેથી ગેલેરીવાળો દરવાજો બહારથી બંધ કર્યો અને પેન્ડુલાના વૃક્ષ પરથી કેવી રીતે ઊતરી શકાય તેનો અંદાજ બાંધ્યો. તે દરમિયાન એક ઘટના બની. અચાનક ગણપતે મારા નામની બૂમ મારી. મને વિચાર આવ્યો કે ગણપતનો અવાજ ફક્ત મેં જ નહીં દાદરા પર ઊભેલા લોકોએ પણ સાંભળ્યો હશે. એમને માટે હવે બહાર જવું જોખમભર્યું હતું. સિવાય કે તેઓ ગણપતને મારી નાખે અથવા અન્ય કોઈ રીતે ચૂપ કરી દે. મને લાગ્યું કે મારા પાસે કમ સે કમ પાંચ દસ મિનિટનો સમય તો છે જ અને આ પાંચ મિનિટ કદાચ મારી જિંદગી બચાવી લે. મેં પેન્ડુલાના વૃક્ષ પરથી નીચે ઊતરવાનું જીવલેણ જોખમ ઉઠાવ્યું. હું આજ સુધી કોઈ ઝાડ ઉપર ચડી નથી કે ન તો એવો કોઈ અનુભવ છે. મારામાં કોણ જાણે ક્યાંથી હિંમત આવી મેં પેન્ડુલાની ડાળ પકડીને ધીમેથી તેના સીધા થડ ઉપર પગ ટેકવવાનો પ્રયત્ન કર્યો. એ વૃક્ષ જેટલું ઊંચું હતું એટલું જાડું ન હતું. યોગાનુયોગે મારા વજનને કારણે પેન્ડુલા કમાનની જેમ ઝુક્યું. એક ક્ષણ મારો જીવ ગળામાં આવી ગયો. જેવું મેં જોયું કે મારો અને જમીનનો પાંચેક ફૂટનો ફાંસલો છે ત્યારે અચાનક મેં ડાળ છોડી દીધી. હું જમીન ઉપર હતી અને મને કશું જ વાગ્યું ન હતું. મારી બચી રહેવાની જિજીવિષા તીવ્ર બની ગઈ.

એજ વખતે મેં ફરી ગણપતની બૂમ સાંભળી. મારે કઈ બાજુ જવું તે હું નક્કી કરી શકતી ન હતી. મકાનની આસપાસ કોઈ કાર આવી એવો મને અંદાજ હતો. એ કાર હજુ ત્યાં ઊભી હશે કે નહીં, એ કારમાંથી બધા જ બહાર આવી ગયા હશે કે હજુ ડ્રાઈવર અંદર હશે તેની પણ મને ખબર ન હતી. હું દક્ષિણ ભીત સરસી દબાયેલા પગલે આગળ વધી. અચાનક ગણપતની નજર મારા ઉપર પડી. મને આ રીતે ભાગતી જોઈ તેની આંખો ફાટી રહી. તે કંઈ બોલે તે પહેલા મેં નાક ઉપર આંગળી મૂકી તેને ચૂપ રહેવાનો ઈશારો કર્યો. ગણપત ઝડપથી મારી પાસે આવ્યો. તેના મોં પર હવાઈઓ ઉડતી હતી. ભીંત પાસે જાસુદનું મોટું ઝાડ હતું. મેં ગણપતના બેય ખભા પકડીને તેને ઝાડ પાછળ બેસાડી દીધો અને તેને કાનમાં કહ્યું, ‘ગણપત આપણા ઘરમાં ત્રણ જણ ઘુસી આવ્યા છે. એ મને મારી નાખવા માગે છે. તેઓ ઘરની અંદર છે. તારો અવાજ સાંભળીને જલદી બહાર નહીં આવે. હું બાઉન્ડરી કૂદીને ભાગું છું. તું સોનલબેન ક્યાં છો? એવી બૂમ મારતો રહે. ઘરમાં જતો નહીં. એ લોકો બહાર નીકળી જાય તે પછી ઘર બંધ કરજે. એ લોકોને ખબર નથી કે હું બહાર છું. એ જો ઉપરનો દરવાજો તોડે તો ભલે તોડે.’ ગણપત બિચારો ડરી ગયો હતો. છતાં એ વફાદાર માણસે જોરથી મારા નામની બૂમ મારી. તે દરમિયાન મકાનની પાછલી સાઈડની બાઉન્ડરી પર ચડીને મેં આજુબાજુ જોયું અને કૂદકો મારી દીધો. મને ત્યાં ઊભા રહ્યા પછી ખ્યાલ આવ્યો કે એ તરફ તો વગડો હતો. મેં ઈશ્વરને યાદ કર્યા અને શહેર તરફ નીકળી પડી.

મેં જરા દૂર પહોંચીને મારા એ મકાન સામે જોયું. આસપાસના વગડા વચ્ચે એકદમ અલગ પડી જતું હતું. ખબર નહીં એ લોકો દરવાજો તોડશે કે પછી ગણપત પાસેથી મારો પત્તો મેળવશે? એ વખતે મને એવોય વિચાર આવી ગયો કે જો ગણપત બીકનો માર્યો બોલી નાખશે કે હું બાઉન્ડરી કૂદીને ભાગી છું તો એમનો રસ્તો આસાન થઈ પડશે. હું આ વિસ્તારથી અજાણી હતી. જ્યાં સુધી કોઈ રોડ ઉપર ન ચડું ત્યાં સુધી વાહન મળે તેમ ન હતું, પણ કહેવાય છે કે જ્યારે તમને ઈશ્વર મદદ કરવાનો હોય ત્યારે તમને જે જોઈતું હોય તે મળે રહે. હું કાચા રસ્તે ઉતાવળે જઈ રહી હતી અને પાછળથી રીક્ષા આવવાનો અવાજ સંભળાયો. જાણે રીક્ષાવાળાને પણ ખબર પડી ગઈ કે આ છોકરી મુસીબતમાં છે. તેણે મારી બાજુમાં રીક્ષા ઊભી રાખતા કહ્યું, ‘છોડી આવું બેન?’ મેં આવું વાક્ય પહેલીવાર સાંભળ્યું. મને એવી સ્થિતિમાં પણ મનોમન હસવું આવ્યું કે આ રીક્ષાવાળો મને ક્યાં છોડી આવવાનું કહે છે. તેની રીક્ષા ખાલી હતી. તેની આંખો જોતાં તેણે કદાચ પીધુંય હતું, પણ તે જે રીતે બેન બોલ્યો મને ગમ્યું. મેં તેને કહ્યું, ‘ભાઈ રેલવે સ્ટેશન જવું છે. કેટલો સમય લાગશે?’

‘બેસી જાઓ બેન આ રહ્યું રેલવે સ્ટેશન, હમણાં જ પોકાડી દઉં.’ રીક્ષાવાળાએ જરાવાર લાગશે એવું કહ્યું તો ખરું છતાં ખાસ્સી વીસેક મિનિટ પછી પાલનપુરનું રેલવે સ્ટેશન દેખાયું. ઊતરતી વખતે રીક્ષાવાળો શંકાથી મને જોઈ રહ્યો હતો. હું પૈસા ચૂકવી સીધી અંદર ચાલી ગઈ. હું ડરી ગઈ હતી તે છતાં હું ઝડપથી વિચારવા લાગી. સૌથી પહેલા મેં પ્લેટફોર્મ ટિકિટ લઈ લીધી જેથી બહાર નીકળવા સમયે મુસીબત ન થાય.

(ક્રમશઃ)■

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# યે માટી સભી કી કહાની કહેગી...

## આવતી કાલે આઝાદીને ૮૦મું બેસે છે. હિન્દી ફિલ્મોના કેટલાક યાદગાર, કેટલાક ઓછા જાણીતા દેશપ્રેમ ગીત મમળાવીએ

આવતી કાલે ૧૫ ઓગસ્ટ. બ્રિટિશ ગુલામીની નાગચૂડમાંથી આપણો દેશ સ્વતંત્ર થયો એને ૭૯ વર્ષ પૂર્ણ થઈ ૮૦મું વર્ષ બેસશે. આઝાદીની ઉજવણીની શૈલીમાં ધરમૂળથી બદલાવ આવી ગયો છે. એકવીસમી સદીના ત્રીજા દાયકામાં તો ૧૫મી ઓગસ્ટના સૂર્યોદય સાથે સ્વાતંત્ર્યના - આઝાદીના રંગે બધા રંગાઈ જાય છે અને સૂર્યાસ્ત સાથે એ રંગ ઊતરી પણ જાય એવી પરિસ્થિતિ છે. સોસાયટીમાં ધ્વજવંદન સાથે ચા - નાસ્તો, બપોરે ટીવી પર કોઈ દેશભક્તિની ફિલ્મ જોઈ નાખવાની અને દિવસ દરમિયાન દેશદાઝ - દેશભક્તિનાં ગીતો સાંભળવાનાં એ ઉજવણીનો ઉત્સાહ જોવા મળે છે. અમુક ગીત તો અનેક વાર સાંભળ્યા હોવા છતાં ફરી ફરી સાંભળવા ગમે છે, કારણ કે એનું કાવ્યતત્ત્વ અને એની સ્વરરચના શાશ્વત છે. આ કોલમમાં આજે આપણે દેશભક્તિને કેન્દ્રમાં રાખી તૈયાર થયેલાં કેટલાંક જાણીતાં અને અમુક ઓછાં જાણીતાં ગીતો વિશે જાણીએ. આવતી કાલે આ અને બીજા જે તમને પસંદ હોય, ખબર હોય એ ગીતો સાંભળવાનું ચૂકતા નહીં.

### દૂર હટો અય દુનિયાવાલો હિન્દોસ્તાં હમારા હૈઃ (કિસ્મત અમીરબાઈ કર્ણાટકી, ખાન મસ્તાના)

‘આજ હિમાલય કી ચોટી સે ફિર હમને લલકારા હૈ’ પંક્તિથી શરૂ થતું આ ગીત કવિ પ્રદીપજીએ લખ્યું છે અને એનું સ્વરાંકન અનિલ વિશ્વાસનું છે. ભારતને સ્વાતંત્ર્ય મળ્યું એ પહેલા લખાયેલું (૧૯૪૩) અને રૂપેરી પડદા પર રજૂ થયેલા આ ગીતમાં લોકોને લલકારવામાં આવ્યા છે. ગીત પર બ્રિટિશ સેન્સરની કાતર ન ફરી વળે એટલે પ્રદીપજીએ કુનેહ વાપરી ગીત જર્મની અને જાપાનનો કાન આમળતું હોવાનું આભાસી ચિત્ર ઊભું કરતું હતું. જોકે, આપણા દેશવાસીઓ સમજી ગયા કે બ્રિટિશરોને તગેડી મૂકવાની આ હાકલ છે. ગીતનું પિક્ચરાઈઝેશન તેમ જ એના ગીત -સંગીતમાં કોઈ અસાધારણ તત્ત્વ નથી, પણ ગીતનો ઉદ્દેશ સાંગોપાંગ પાર ઊતરે છે. જનતાને પોરસ ચડાવવાનું કામ કરવામાં એને સફળતા મળી હતી. ગાયકમાં એક નામ છે ખાન મસ્તાના જેનાથી બહુ ઓછા લોકો પરિચિત હશે. એમણે ગાયેલા ગીતોમાં ગણીને માત્ર બે ગીત લોકપ્રિયતાના લિસ્ટમાં આવે છે. એક છે ‘સિકંદર’ (૧૯૪૧)નું ‘ઝિંદગી હૈ પ્યાર સે પ્યાર મેં બિતાએ જા’ અને બીજું છે રફી સાથેનું ડ્યુએટ ‘શહીદ’ (૧૯૪૮)નું ‘વતન કી રાહ મેં વતન કે નૌજવાં શહીદ હો.’

### હમ લાયે હૈં તૂફાન સે કિશ્તી નિકાલ કરઃ જાગૃતિ (મોહમ્મદ રફી)




કવિ પ્રદીપજીની પહેલી જ પંક્તિ (સંગીતકાર હેમંત કુમાર) પરથી જ સ્પષ્ટ થાય છે કે દેશને આઝાદી મળી ગયા પછીનું આ ગીત છે. બ્રિટિશરોએ ચાલતી પકડી, દેશ સ્વતંત્ર થયો એટલે વાત થોડી પૂરી થઈ જાય? દેશના ભાગલા, રમખાણો અને યુદ્ધથી છિન્નભિન્ન થયેલા દેશને ફરી બેઠો કરવાની પ્રાથમિકતા હતી. ભાગલાના ઝખમો ભરાઈ જાય એ દિશામાં પ્રયત્નો કરવાના હતા.આ એક ભગીરથ કાર્ય હતું જે દેશના ટોચના નેતાઓ નિષ્ઠા અને સમર્પણ સાથે કરી રહ્યા હતા. ફિલ્મ ઈન્ડસ્ટ્રી પણ એમાં યથેચ્છ યોગદાન આપી રહી હતી. દેશને સ્વાતંત્ર્ય મળ્યું એના સાત વર્ષ પછી રિલીઝ થયેલી આ ફિલ્મના આ ગીતમાં રાષ્ટ્ર નિર્માણનો સંદેશો સ્પષ્ટ વર્તાય છે. ગીતની શરૂઆત દુશ્મનના પરાજયના ઉલ્લેખ સાથે થાય છે ‘પાસે સભી ઉલટ ગયે દુશ્મન કી ચાલ સે’ અને પછી આજનો બાળક જે આવતી કાલનો જવાબદાર નાગરિક છે એ કેન્દ્રમાં આવે છે. સમગ્ર ગીતમાં આવતી કાલને બહેતર બનાવવાની જવાબદારી ચેતવણી ઉછરી બાળકોના હાથમાં સોંપી દેવામાં આવી છે. ફિલ્મના અન્ય એક ગીત ‘દે દી હમેં આઝાદી બિના ખડગ બિના ઢાલ, સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ’માં પણ દેશદાઝની જ વાત છે. અહીં ગાંધીજી કેન્દ્રમાં છે.

### યે માટી સભી કી કહાની કહેગીઃ નવરંગ (મહેન્દ્ર કપૂર)



‘ઝનક ઝનક પાયલ બાજે’ અને ‘દો આંખે બારહ હાથ’ની અભૂતપૂર્વ સફળતા પછી વી. શાંતારામે અલગ પ્રકારની ફિલ્મ ‘નવરંગ’ બનાવી હતી. શાંતારામ બાપુનું આ રંગીન ચિત્રપટ જ્યેષ્ઠ મરાઠી સાહિત્યકાર ગ. દિ. માડગુળકરની કથા પર આધારિત હતું. ૧૮મી સદીનું જમીનદારશાહી વાતાવરણ, બ્રિટિશરોની નાનકડાં રાજ્યો હડપ કરવાની વૃત્તિનો થઈ રહેલો વિકાસ અને દરબારી કવિ તરીકે સ્થાપિત થયેલા લોકકવિની કલ્પનાની દુનિયાનું વિસ્તરણ ફિલ્મની કથાનું હાર્દ હતું. ગીતકાર ભરત વ્યાસ અને સંગીતકાર સી. રામચંદ્રની જોડીએ અફલાતૂન રોમેન્ટિક ગીત (તૂ છૂપી હૈ કહાં, આધા હૈ ચંદ્રમા રાત આધી, શ્યામલ શ્યામલ બરન, તુમ મેરે મૈં તેરી) બનાવ્યા હતા જે સુપરહિટ સાબિત થયાં અને આજે પણ યાદ કરવામાં આવે છે. ફિલ્મમાં દિગ્દર્શકે દેશભક્તિનો રંગ પણ ઉમેર્યો હોવાથી ‘ના રાજા રહેગા ના રાની રહેગી, તો માટી સભી કી કહાની કહેગી’ જેવા દેશભક્તિના ગીતને પણ સ્થાન મળ્યું. રાષ્ટ્રવાદને રેખાંકિત કરતા આ ગીતમાં કવિ દેશ બ્રિટિશરોની પકડમાં આવી ગયેલા અને ઈંગ્લેન્ડની રાણીના શાસન તળે આવી ગયેલો દેશ ગુલામીમાંથી મુક્ત થશે અને બ્રિટિશરોએ નીકળી જવું પડશે એવો આશાવાદ વ્યક્ત કરે છે. ફિલ્મના અન્ય ગીતોની સરખામણીએ આને ઓછી લોકપ્રિયતા મળી હતી, પણ ગીત સાંભળવામાં મજા આવે એવું છે. આ ગીત ખબર નહીં હો તો નવા ગીતનો પરિચય થશે.

### ચીન - ઓ - અરબ હમારાઃ ફિર સુબહ હોગી (મુકેશ)




‘સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા’ જેવા યાદગાર ગીતના રચયિતા પ્રસિદ્ધ શાયર મોહમ્મદ ઈકબાલની બે રચના સામે વ્યંગ કરતી સાહિર લુધિયાનવીની આ રચના તે સમયે અફાટ લોકપ્રિયતાને તો વરી જ હતી, ખાસ્સી વિવાદાસ્પદ પણ સાબિત થઈ હતી. એક તબક્કે તો આ ગીત પર પ્રતિબંધ મુકાઈ જશે એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. દેશભક્તિના ગીતમાં સામાન્યપણે ભારતના - હિન્દુસ્તાનના ગુણગાન ગાવામાં આવતા હોય છે. સાહિરનું આ ગીત એ પંગતમાં બેસે એવું નથી. આ ટિપિકલ દેશભક્તિનું ગીત છે જ નહીં. હિન્દુસ્તાનની વાસ્તવિક હાલત પ્રત્યે વક્રદ્રષ્ટિથી જોવામાં આવ્યું છે. ૧૯૬૨નું ચીન સામેનું યુદ્ધ ભારત માટે અત્યંત કપરું રહ્યું હતું અને દેશે પછડાટ ખાધી હતી. આવા યુદ્ધ પછી અને ત્યારના વાતાવરણમાં આદર્શવાદના દીવાની જ્યોત ટમટમતી રાખવી આસાન કામ નહોતું. સાહિરની તેજાબી કલમ નિરાશ થયેલા ભ્રમનિરસન થયેલા યુવાનનો અવાજ બની ગઈ હતી. નિરાશાની નદીમાં વહેતું ગીત જોકે અંતમાં આશાનું કિરણ દેખાડે છે અને ‘પતલા હૈ હાલ - એ -અપના, લેકિન લહુ હૈ ગાઢા, ફૌલાદ સે બના હૈ હર નૌજવાં હમારા, મિલ જુલકે વતન કો ઐસા સજાએંગે હમ, હૈરત સે મૂંહ તકેગા સારા જહાં હમારા’ પંક્તિઓ બધી નિરાશા ખંખેરી નાખે છે અને આશાનું રંગીન આસમાન નજરે પડે છે.

### વંદે માતરમ્, વંદે માતરમ્ઃ આનંદ મઠ (લતા મંગેશકર - હેમંત કુમાર)

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની ઐતિહાસિક નવલકથા ‘આનંદ મઠ’ પરથી બનેલી આ ફિલ્મ હેમંત કુમારની સંગીતકાર તરીકે પ્રથમ ફિલ્મ હતી. આ નવલકથામાં ૧૭૭૦ - ૧૭૭૭ દરમિયાન દેશના કેટલાક વિસ્તારમાં (મુખ્યત્વે બંગાળ અને બિહાર) સંન્યાસીઓએ અંગ્રેજોના શાસન વિરુદ્ધ કરેલા આંદોલન કેન્દ્રમાં છે. ‘વંદે માતરમ’ ગીત સ્વાતંત્ર્ય ચળવળનું - લડાઈનું મુખ્ય પ્રતીક બની ગયું. લોકોમાં એવો જુવાળ પેદા થયો કે બ્રિટિશ શાસને પુસ્તક પર પ્રતિબંધ મૂકી દીધો. ફિલ્મના ટાઈટલ આવે છે ત્યારે ‘વંદે માતરમ ગાતા ગાતા શહીદ થઈ ગયેલા લોકોને સમર્પિત’ એવી સ્પષ્ટતા કરવામાં આવી છે. ગીતની પહેલી બે કડી ૧૯૫૦માં ભારતના નેશનલ સોન્ગ તરીકે સ્વીકૃત થઈ હતી. ગીતનું ચિત્રીકરણ સામાન્ય છે પણ શબ્દોના ભાવને સમર્થપણે સાર્થક કરવામાં સફળ રહે છે.

આ સિવાય સાંભળવા જોઈએ - સાંભળવા ગમે એવાં ગીતોનો ઉલ્લેખ તો કરવો જ રહ્યો. ભારતની શ્રેષ્ઠતાના ગુણગાન ગાતું ૧૯૬૫માં આવેલી ‘સિકંદર - એ - આઝમમ’નું રફીસાબનાં સ્વરમાં રજૂ થયેલું ‘જહાં જહાં ડાલ ડાલ પર સોને કી ચીડિયા કરતી હૈ બસેરા વો ભારત દેશ હૈ મેરા’ (રાજીન્દર કૃષ્ણ - હંસરાજ બહલ), ઓ.પી. નય્યર - એસ. એચ. બિહારીની જુગલબંદીનું ‘નયા દૌર’ (૧૯૫૭)નું મોહમ્મદ રફી - એસ. બલબીરનું યુગલગીત ‘યે દેશ હૈ વીર જવાનો કા’, હિન્દી ફિલ્મ જગતના બે નાયાબ પુરુષ ગાયક રફી - મન્ના ડેના સ્વરમાં ‘શહીદ’ (૧૯૬૫)નું પ્રેમ ધવને લખેલું અને તેમણે જ સ્વરાંકન કરેલું ‘અય વતન અય વતન હમકો તેરી કસમ’ (રફી) તેમ જ બિસ્મિલ અઝિમાબાદી લિખિત ‘સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ’, હૃદયસ્પર્શી યુદ્ધ ચિત્રપટ ‘હકીકત’ (૧૯૬૨)નું કૈફી આઝમી - મદન મોહન સાહેબની જુગલબંદીને આઠ ચાંદ લગાડતા રફીસાબના સ્વરમાં પ્રસ્તુત ‘કર ચલે હમ ફિદા જાન - ઓ - તન સાથિયો’, રવીન્દ્રનાથ ટાગોરની લઘુ વાર્તા પરથી એ જ નામની ફિલ્મ ‘કાબુલીવાલા’નું લાગણીની ખળખળ વહેતી સરિતા જેવું મન્ના ડેની ગાયકીથી અમરત્વ પ્રાપ્ત કરનાર ‘અય મેરે પ્યારે વતન અય મેરે બિછડે ચમન, તુજ પે દિલ કુરબાન’. માતૃભૂમિ માટે મમતા અને મમત્વના અત્તરના દરિયાથી મઘમઘતા આ ગીતનું સલિલ ચૌધરીના ‘રૂબાબ’ સાથેનું સ્વરાંકન અનેક આંખોને સજળ કરવાનું સામર્થ્ય ધરાવે છે. દિલીપ કુમારની ‘લીડર’ (૧૯૬૪)નું રફીસાબનાં લાજવાબ સ્વરમાં શકીલ બદાયૂંની અને નૌશાદની જોડીની યશકલગીમાંનું એક પીંછું ‘અપની આઝાદી કો હમ હરગિઝ મિટા સકતે નહીં’ અને મનોજ કુમારની યાદગાર ફિલ્મ ‘ઉપકાર’ (૧૯૬૫)નું મહેન્દ્ર કપૂર શૈલીનું ગુલશન બાવરા અને કલ્યાણજી - આણંદજીનું ‘મેરે દેશ કી ધરતી સોના ઉગલે ઉગલે હીરે મોતી’ કેમ ભુલાય? અને હા, ૧૯૫૯માં આવેલી ‘ભાઈ બહન’ ફિલ્મનું ‘સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા’ (કવિ ઈકબાલ, સ્વરકાર એન. દત્તા અને ગાયિકા આશા ભોસલે) પણ આ યાદીમાં આવે જ. ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### ‘રો લે પુષ્પા! નાઉ આઈ લવ ટિયર્સ’




ફરહાન અખ્તર

શક્તિ સામંતાની અમર થઈ ગયેલી ‘અમર પ્રેમ’નો આ અમર ડાયલોગ હવે કદાચ બદલવાનો સમય આવી ગયો છે. એક બાયોપિક બનવા જઈ રહી છે અને આ બાયોપિકનો વિષય છે પંચમ ઉર્ફે આર.ડી. બર્મન. આ ફિલ્મમાં પંચમની ભૂમિકા ફરહાન અખ્તર ભજવશે. (રડવું આવ્યું ને પુષ્પા?) ઔર અભી તો રુકો! ફિલ્મમાં આર.ડી. અને રાજેશ ખન્નાના અનોખા સંબંધની પણ ચર્ચા કરવામાં આવશે. એનો તો ચલો વાંધો નથી, પરંતુ આ માટે રાજેશ ખન્નાના રોલમાં અક્ષય કુમારની પસંદગી થઈ છે.

બસ, આ જ કારણ છે કે પુષ્પા હવે કદાચ ધ્રુસકેને ધ્રુસકે રડી પડશે! બાયોપિક્સમાં જે મુખ્ય કલાકારો કે ઇવન સાથી કલાકારો હોય, એમનાં ચહેરા બને તેટલા મળતા હોય એ જરૂરી છે. એ શક્ય છે કે પ્રોસ્થેટિક દ્વારા કદાચ ફરહાનને પંચમ જેવો દેખાડશે, પણ શું આર.ડી. બર્મનના ચાહકોને એ ચહેરો ગળે ઊતરશે? પણ મૂળ વાત છે અક્ષય કુમાર એઝ અ રાજેશ ખન્ના. ક્યાંનો છેડો ક્યાં અડશે? એક તો બંનેના અવાજમાં ખાસ્સો ફેર છે. અક્ષય કોઈ રીતે રાજેશ ખન્ના જેવો નથી લાગતો. એવું નથી લાગતું કે આ રોલ માટે અક્ષય અને રાજેશ ખન્નાના રિયલ લાઇફ સંબંધોને કામે લગાડાયા છે?

રાજેશ ‘કાકા’ ખન્નાની એક્ટિંગની એક આગવી સ્ટાઈલ હતી, ખાસ કરીને એમની આંખો નચાવવાની અને બે હાથ આડા કરીને ડાન્સ કરવાની. વિચારો, આવું કરતા અક્ષય કેવો લાગશે? જે હોય તે, પણ જો આ કાસ્ટિંગ થશે તો અક્ષય કુમાર બોલિવૂડનો પહેલો ‘નેપો જમાઈ’ જરૂર બનશે, શું કો છો?

### ‘આવારાપન’ માટે સ્ક્રીનના ‘બટવારા’







ઘણાં સમય પહેલાં સલમાન ખાને એક આઈડિયા આપ્યો હતો. આપણે દેશભરમાં સ્ક્રીન્સની સંખ્યા વધારવાની જરૂર છે. કારણ એ છે કે જ્યારે પણ એકથી વધુ ફિલ્મ એક જ દિવસે રિલીઝ થાય ત્યારે કોને વધુ સ્ક્રીન મળે તેની લડાઈ છેલ્લી ઘડી સુધી ચાલતી હોય છે, પણ ભાઈજાન એક વાત ભૂલી ગયા કે અહીં ‘survival of the fittest'ની વાત હોય છે. એટલે ૪૦૦૦ સ્ક્રીનની જગ્યાએ ૮૦૦૦ સ્ક્રીન્સ પણ થશે તો પણ બળિયો પ્રોડ્યુસર કે ડિસ્ટ્રીબ્યુટર જ વધુ સ્ક્રીન લઈ જશે.

આ વાત એટલા માટે યાદ આવી કે આજે જે બે ફિલ્મ રિલીઝ થઈ છે, ‘બટવારા’ અને ‘આવારાપન ૨’, તેના પ્રોડ્યુસરો પણ થોડા દિવસો અગાઉ મહત્તમ સ્ક્રીન્સ લેવા માટે ઝઘડી પડ્યા હતા, પરંતુ જ્યારે આપણે ‘survival of the fittest’ની જ વાત કરવાની હોય તો ‘બટવારા’ એમાં બાજી મારી લે છે. એક તો મોટી ફિલ્મ, બીજું સની દેઓલ અને ત્રીજું આમિર ખાન પ્રોડક્શન્સ. હવે આમાં વચ્ચે-વચ્ચે ફિલ્મો કરીને હાજરી પુરાવી જનારા ઇમરાન હાશમીની ફિલ્મનો ક્યાં ગજ વાગે? એમાંય મૂળ ‘આવારાપન’નાં વર્ષો પછી એની સિક્વલ આવી રહી છે એટલે ત્યાં પણ એનો કેસ નબળો પડ્યો. તેમ છતાં, શરૂઆતમાં બથ્થમબથ્થા આવી ગયા બાદ ‘બટવારા’એ મોટું મન રાખ્યું છે અને ‘આવારાપન ૨’ અને પોતાની વચ્ચે સરખા પ્રમાણમાં સ્ક્રીન્સ વહેંચી નાખવા માટે સંમતિ દર્શાવી છે. કરોડો વખત કહેવાયું છે કે એક સાથે બે કે તેનાથી વધુ ફિલ્મો રિલીઝ કરવી કાયમ બધા માટે સારું નથી હોતું. પણ છેવટે તો ૫૨ અઠવાડિયા જ છે એટલે આવું તો થવાનું એ પણ એટલું જ સત્ય છે!

### ટાઈગર ‘બે પાંદડે’ થશે



ટાઈગર શ્રોફ

હિન્દી ફિલ્મો પોતાનું બજેટ પણ રીકવર નથી કરી શકતી, તેની પાછળ એક મુખ્ય કારણ કલાકારો, જેને ‘સ્ટાર’ કહેવામાં આવે છે, તેમની મસમોટી ફી છે. એ ગ્રેડના કલાકારો તો એક આખી ફિલ્મ બની જાય એટલી ફી વસૂલતા હોય છે, પરંતુ ફિલ્મનું પરિણામ શું આવશે? ધબાય નમઃ! ખરેખર તો કલાકારોની છેલ્લી ફિલ્મના પરફોર્મન્સ પર તેમની આગલી ફિલ્મની ફી નક્કી થવી જોઈએ, પરંતુ બોલિવૂડમાં PR એટલી હદ સુધી ઘૂસી ગયું છે કે પરફોર્મન્સ કરતાં PR વાળા સ્ટાર્સની ફી નક્કી કરે છે.

તાજું ઉદાહરણ છે ટાઈગર શ્રોફ. ટાઈગરે કોવિડ પછી પોતાની ફી સિંગલ ડિજિટ (એટલે કે એકથી નવ કરોડ) કરી નાખી હતી, પણ હવે તેની રેમો ડી’સુઝાના ડિરેક્શનમાં આવનારી ફિલ્મ માટે તેણે ફરીથી ડબલ ડિજિટ (એટલે કે દસ કરોડ કે તેનાથી વધુ) ફી લીધી છે. હવે જેકી પુત્રની છેલ્લી બે કે ત્રણ, અરે પાંચ ફિલ્મોનું બોક્સ ઑફિસ પરફોર્મન્સ જોઈ લો (અરે! તેની એક્ટિંગ પણ જોઈ લો), તો એવું ચોક્કસ લાગશે કે ટાઈગર આ નવા ફી માટે જરાય યોગ્ય નથી, પરંતુ એક વ્યવસ્થિત યોજના અનુસાર બોલિવૂડનાં સર્કલમાં અમુક મહિનાઓથી ટાઈગર વિષે એવી ‘બઝ’ ફેલાવવામાં આવી છે કે તેણે પ્રોડ્યુસર્સને મનાવી લીધા કે, બહુ થયું! ટાઈગરને હવે ‘બે પાંદડે’ કરવો જોઈએ, એટલે કે તેને ડબલ ડિજિટ ફી આપવી જોઈએ. ભલે ટાઈગર શ્રોફ અન્ય ‘સ્ટાર્સ’ કરતાં સસ્તો હોય, પણ તેમ છતાં તેની આટલી ફી પણ તેના વળતરને ધ્યાનમાં લઈને વધુ પડતી જ કહેવાશે. ■

### કટ એન્ડ ઓકે...

*એક રાષ્ટ્રીયકૃત બેંક પોતાના ૧૬.૬૧ કરોડ રૂપિયા વસૂલવા માટે આવનારી ૯ સપ્ટેમ્બરે રાજપાલ યાદવની શાહજહાંપુર અને મુંબઈ ખાતેની કેટલીક પ્રોપર્ટીની હરાજી કરશે.*

## મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# ઈમરાન હાશ્મી

## આ ‘સિરિયલ કીસર’ હીરો અનેક નિષ્ફળતા પછી પણ અડીખમ ઊભો છે



બોલીવૂડમાં સફળ ફિલ્મની સિકવલ બને અને તે પણ ૧૨-૧૫ વર્ષે તો એમાં કોઈ નવીનતા નથી, પણ ૨૯ જૂન-૨૦૦૭ના રજૂ થયેલી મોહિત સૂરી દિગ્દર્શિત અને ઈમરાન હાશ્મી, શ્રીયા સરન, મૃણાલિની શર્મા અને આશુતોષ રાણા અભિનીત ફલોપ ફિલ્મ ‘આવારાપન’ની ૧૯ વર્ષે સિકવલ બનાવવામાં આવી છે, જે ૧૪ ઑગસ્ટ (આજે) રિલીઝ થવાની છે.

મૂળ ફિલ્મ અને અત્યારની સિકવલ વચ્ચે એકાદ-બે સામ્ય છે.

‘આવારાપન’ મહેશ ભટ્ટ - મુકેશ ભટ્ટની નિર્માણ સંસ્થા ‘વિશેષ ફિલ્મ્સ’ના બેનર હેઠળ જ બની છે. આ બંને ફિલ્મમાં હીરો ઈમરાન હાશ્મી છે અને તે શિવમ પંડિતની ભૂમિકા ભજવી રહ્યો છે. આ વખતે ઈમરાન હાશ્મીની સાથે દિશા પટણી જેવી ગ્લેમરસ હીરોઈન છે અને શબાના આઝમી જેવી પીઢ અભિનેત્રી પણ છે. આ બે-ત્રણ સામ્ય સિવાય બીજું કોઈ સામ્ય હોવાની શક્યતા ઓછી છે. ‘આવારાપન-ટુ’ના દિગ્દર્શક નીતિન કક્કર છે અને તે બોક્સ ઓફિસ પર સની દેઓલ, પ્રિટી ઝિંટા, કરણ દેઓલ અભિનીત ફિલ્મ ‘બટવારા-૧૯૪૭’ સાથે ટકરાવાની છે. છેલ્લાં ઘણાં વર્ષોમાં ઈમરાન હાશ્મીએ એક અભિનેતા તરીકે ખૂબ જ લાંબી મજસ કાપી છે.

જોકે, ઈમરાન માટે એમ કહી શકાય કે તેણે ફિલ્મોની ભૂમિકામાં ખૂબ મોટા જોખમ ઉઠાવ્યાં છે. તેણે હીરોથી કારકિર્દી શરૂ કરી, પછી એન્ટી હીરો અને પૂર્ણપણે નેગેટિવ કહી શકાય એવાં પાત્રો પણ ભજવ્યા છે.

ઈમરાન હાશ્મીએ બોલીવૂડના નેપોટીઝમનું જીવતુંજાગતું ઉદાહરણ છે એમ કહીએ તો એમાં કાંઈ જ ખોટું નથી. તેની કારકિર્દીની પહેલી ફિલ્મ ‘ફૂટપાથ’ જે ૨૦૦૩માં આવી હતી. તેનાં નિર્માતા તેના મામા મહેશ ભટ્ટ અને મુકેશ ભટ્ટ હતા. ઈમરાન હાશ્મી એ મહેશ ભટ્ટ અને મુકેશ ભટ્ટની બહેનનો દીકરો છે અને ઈમરાનની મોટાભાગની ફિલ્મો તેના મામાની નિર્માણ સંસ્થા ‘વિશેષ ફિલ્મ્સ’ના બેનર હેઠળ બનાવવામાં આવી છે.

ઈમરાનની કારકિર્દીની શરૂઆતની ફિલ્મો ફૂટપાથ, મર્ડર, તૂમસા નહીં દેખા, ઝહેર, કલયુગ, ગેંગસ્ટર, ધ કિલર, ક્રુક, મર્ડર-ટુ, જન્નત-ટુ જેવી અનેક ફિલ્મો વિશેષ ફિલ્મ્સના બેનર હેઠળ બનાવવામાં આવી હતી. આમાંથી અપવાદરૂપ એકાદ-બે ફિલ્મ જ બોક્સઓફિસ પર સફળતા ન મેળવી શકી હતી અને પરિણામે ઈમરાનને બહારની નિર્માણ સંસ્થાની ફિલ્મો મળતી રહેતી હતી.‘મર્ડર ફિલ્મમાં ઈમરાન સાથે અસ્મિત પટેલ અને મલ્લિકા શેરાવત હતાં. બીજી એપ્રિલ-૨૦૦૪ના રિલીઝ થયેલી આ ફિલ્મ માત્ર રૂા. પાંચ કરોડમાં અનુરાગ બાસુના દિગ્દર્શક હેઠળ બની હતી, પણ, તેનાં ગીતો અને ફિલ્મમાંના બોલ્ડ દૃશ્યોને કારણે આ ફિલ્મ સુપરડુપર હીટ સાબિત થઈ હતી. આ ‘મર્ડર’ ફિલ્મે ત્યારે રૂા. ૨૫ કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મથી જ ઈમરાન હાશ્મીને ‘સિરિયલ કીસર’નું બિરુદ પણ મળ્યું હતું. કદાચ, આમિર ખાન પછી ઈમરાન હાશ્મી એકમાત્ર એવો હીરો છે કે તેણે પોતાની દરેક ફિલ્મમાં કીસના દૃશ્યો ભજવ્યાં છે. તેનાં કારણે જ તે ‘સિરિયલ કીસર’ તરીકે પણ ફેમસ થયો છે.

૨૪ માર્ચ ૧૯૭૯ના મુંબઈમાં જન્મેલા ઈમરાન હાશ્મીએ શાળાનું શિક્ષણ માણેકજી કૂપર સ્કૂલમાં લીધું છે અને સ્નાતકની ડિગ્રી સિડનહામ કોલેજમાં મેળવી છે.

૨૦૦૩ની ઈમરાનની અભિનય કારકિર્દીની શરૂઆત થઈ ત્યારથી ૨૦૨૧ સુધી દર વર્ષે તેની બે-ત્રણ ફિલ્મો રિલીઝ થતી હતી. બોક્સઓફિસ પર તેની ફિલ્મો ચાલે કે ન ચાલે પણ ઈમરાન હાશ્મીની ફિલ્મો સતત આવ્યા કરતી હતી. સન-૨૦૨૨નું વર્ષ એવું છે કે એ વર્ષે તેની એકપણ ફિલ્મ રજૂ થઈ નહોતી. જોકે, ૨૦૨૩માં તેની સલમાન ખાન અને કેટરીના કૈફ સાથેની ‘ટાઈગર થ્રી’ રજૂ થઈ અને એમાં ઈમરાન પૂર્ણપણે ‘નેગેટિવ એવાં પાત્રમાં દેખાયો હતો. આ ફિલ્મમાં તેણે પાકિસ્તાનના આઈએસઆઈ એજન્ટની ભૂમિકા ભજવી હતી. ૨૦૨૫માં તેની પહેલી તેલુગુ ફિલ્મ આવી, જેમાં પવન કલ્યાણની મુખ્ય ભૂમિકા હતી અને ઈમરાનની નેગેટિવ ભૂમિકા હતી. આ ફિલ્મને બોક્સઓફિસ પર સારી એવી સફળતા મળી હતી.

‘આવારાપન-ટુ’ એ આ વર્ષમાં ઈમરાન હાશ્મીની એકમાત્ર રિલીઝ છે. આ ફિલ્મની તેની ભૂમિકા ‘એન્ટી હીરો’ જેવી છે અને ૧૯ વર્ષે રજૂ થનારી આ સિકવલને લોકો કેટલી સ્વીકારે છે એ અત્યારે કહેવું મુશ્કેલ છે. જોકે, આ ફિલ્મ સની દેઓલ-પ્રિટી ઝિંટા અને રાજકુમાર સંતોષની ‘બટવારા-૧૯૪૭ સામે છે ત્યારે ઈમરાનની સોલો હીરો તરીકેની ફિલ્મ કેટલી સફળ થાય છે એ જોવું રહ્યું.

ઈમરાને ઓટીટી પર પણ હાથ અજમાવ્યો છે અને તેને ત્યાં પણ જોઈએ એવી સફળતા મળી નથી. ૨૦૧૯માં તેણે ‘નેટફિલક્સ’ની સીરિઝ ‘બોર્ડ ઓફ બ્લડ’ કરી, પછી ૨૦૨૪માં ‘શો ટાઈમ’ નામની સિરીઝ ડિઝની હોટસ્ટાર માટે કરી અને ૨૦૨૬માં તે ‘નેટફિલક્સ’ની સિરીઝ ‘તસ્કરી’માં દેખાયો હતો.

હા, એટલું જરૂર છે કે ઈમરાને પોતાની કારકિર્દી દરમિયાન અનેક પ્રકારની અલગ-અલગ ભૂમિકાઓ કરી છે. એ વાત અલગ છે કે તેને જોઈએ એવી સફળતા મળી નથી, પણ ૨૦૦૩થી કારકિર્દીની શરૂઆત કરનાર ઈમરાન ૨૩ વર્ષે પણ હજી હીરોની ભૂમિકા મેળવે છે અને એ જ તેની સૌથી મોટી સફળતા છે. ■

### ૧૫ ઑગસ્ટથી ૨૧ ઑગસ્ટ શું જોશો?

**OTTનું હોટસ્પોટ**

આગામી શુક્રવાર એટલે કે ૨૧ ઑગસ્ટે ‘જિયો હોટસ્ટાર’ પર અત્યારની સુપરડુપર હીટ ફિલ્મ ‘વેલકમ ટુ ધ જંગલ’ જોવા મળશે. અહમદ ખાન દિગ્દર્શિત આ ફિલ્મમાં ૪૦ કરતાં વધુ કલાકાર હતા. અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી, દિશા પટણી, જેક્લીન ફર્નાન્ડિસ, રવિના ટંડન, તુષાર કપૂર, અર્શદ વારસી, જેકી શ્રોફ, શ્રેયસ તળપદે, કિરણકુમાર, રાજપાલ યાદલ, આફતાબ શિવદાસની, કૃષ્ણા અભિષેક અને પરેલ રાવલ અભિનીત આ ફિલ્મ ઓટીટી પર પ્રથમ વાર રજૂ થઈ રહી છે.

* ‘જિયો હોટસ્ટાર’ પર જ ૧૫ ઑગસ્ટ ૧૦૮ બેઝ હોસ્પિટલ -ઉરી શરૂ થઈ રહી છે. જે માત્ર શનિ-રવિ રજૂ થશે. આ સિરીઝમાં એરિકા ફર્નાન્ડિસ અને ગશમીર મહાજનીની મુખ્ય ભૂમિકા છે.

* નેટફિલક્સઃ આ ચેનલ પર ૨૧ ઑગસ્ટ તમિળ કોમેડી ફિલ્મ ‘પ્યાર પ્રેમા કલ્યાણમ’ રજૂ થશે. મૂળ તમિળમાં બનાવાયેલી આ ફિલ્મ હિન્દી, તેલુગુ, કન્નડ અને મલયાલમમાં રજૂ થશે. એલન દિગ્દર્શિત આ ફિલ્મના મુખ્ય કલાકારો સાન્વે મેઘના, એમ. એસ. ભાસ્કર અને યોગીબાબુ છે. આ ફિલ્મ સીધી ઓટીટી પર જ રિલીઝ કરવામાં આવી છે.

‘નેટફિલક્સ’ પર આજે (૧૪ ઑગસ્ટે) શાહિદ કપૂર, કૃતિ સેનન અને રશ્મિકા મંદાના અભિનીત ફિલ્મ ‘કોકટેલ-ટુ’ રજૂ થવાની છે.

* ઝી ફાઈવઃ અહીં આજે (શુક્રવાર ૧૪ ઑગસ્ટે) કંગના રનૌતની ‘ભારત ભાગ્ય વિધાતા’ ફિલ્મ રજૂ થશે. જેના મુખ્ય કલાકારો કંગના રનૌત અને ગિરીજા ઓક છે અને આ ફિલ્મનું દિગ્દર્શન મનોજ તાપડિયાનું છે. આ ચેનલ પર ૨૧ ઑગસ્ટે થલાપતિ વિજયની છેલ્લી ફિલ્મ ‘જય નાયગન’ રજૂ થવાની શક્યતા છે. ■

# પશ્ચિમ રેલવે ગણપતિ સ્પેશ્યલ ટ્રેન્સની વધુ ટ્રિપ દોડાવશે

| ટ્રેન નં. | ક્યાંથી | ક્યાં સુધી | મુસાફરીનો દિવસ | મુસાફરીની તારીખ |
|---|---|---|---|---|
| ૦૯૦૧૩ | મુંબઈ સેન્ટ્રલ | થોકુર | મંગળવાર | ૦૮-૦૯-૨૦૨૬ |
| ૦૯૦૧૪ | થોકુર | મુંબઈ સેન્ટ્રલ | બુધવાર | ૦૯-૦૯-૨૦૨૬ |
| ૦૯૦૧૯ | મુંબઈ સેન્ટ્રલ | સાવંતવાડી રોડ | બુધવાર | ૦૯-૦૯-૨૦૨૬ |
| ૦૯૦૨૦ | સાવંતવાડી રોડ | મુંબઈ સેન્ટ્રલ | ગુરુવાર | ૧૦-૦૯-૨૦૨૬ |
| ૦૯૦૩૫ (બિન આરક્ષિત) | બાંદ્રા ટર્મિનસ | રત્નાગીરી | ગુરુવાર | ૧૦-૦૯-૨૦૨૬ |
| ૦૯૦૩૬ (બિન આરક્ષિત) | રત્નાગીરી | બાંદ્રા ટર્મિનસ | શુક્રવાર | ૧૧-૦૯-૨૦૨૬ |
| ૦૯૧૧૪ | વડોદરા | રત્નાગીરી | મંગળવાર | ૦૮-૦૯-૨૦૨૬<br>૨૨-૦૯-૨૦૨૬ |
| ૦૯૧૧૩ | રત્નાગીરી | વડોદરા | બુધવાર | ૦૯-૦૯-૨૦૨૬<br>૨૩-૦૯-૨૦૨૬ |
| ૦૯૧૧૦ | વિશ્વામિત્રી | રત્નાગીરી | બુધવાર | ૦૯-૦૯-૨૦૨૬ |
| ૦૯૧૦૯ | રત્નાગીરી | વિશ્વામિત્રી | ગુરુવાર | ૧૦-૦૯-૨૦૨૬ |
| ૦૯૧૨૪ | વિશ્વામિત્રી | રત્નાગીરી | સોમવાર | ૦૭-૦૯-૨૦૨૬ |
| ૦૯૧૨૩ | રત્નાગીરી | વિશ્વામિત્રી | સોમવાર | ૦૭-૦૯-૨૦૨૬ |
| ૦૯૦૨૨ | ઉધના | રત્નાગીરી | ગુરુવાર | ૧૦-૦૯-૨૦૨૬ |
| ૦૯૦૨૧ | રત્નાગીરી | ઉધના | ગુરુવાર | ૧૦-૦૯-૨૦૨૬ |
| ૦૯૦૩૦ | વલસાડ | રત્નાગીરી | સોમવાર | ૦૭-૦૯-૨૦૨૬ |
| ૦૯૦૨૯ | રત્નાગીરી | વલસાડ | મંગળવાર | ૦૮-૦૯-૨૦૨૬ |

રોકાણ, રોકાણનો સમય અને કમ્પોઝિશન માટે યાત્રીઓ https://enquiry.indianrail.gov.in/mntes/ની મુલાકાત લો

ટ્રેન નંબર ૦૯૦૧૩, ૦૯૦૧૯, ૦૯૧૧૪, ૦૯૧૧૦, ૦૯૧૨૪, ૦૯૦૨૨ અને ૦૯૦૩૦ના વધારાના ફેરાનું બુકીંગ ૧૫-૦૮-૨૦૨૬થી બધા જ પીઆરએસ કાઉન્ટર અને IRCTC વેબસાઈટમાં ચાલુ થશે. આ ટ્રેન ખાસ ભાડા પર સ્પેશ્યલ ટ્રેન તરીકે દોડશે.

**પશ્ચિમ રેલવે**

wr.indianrailways.gov.in

અમને અહીં લાઈક અને ફોલો કરોઃ facebook.com/WesternRly X.com/WesternRly Instagram.com/WesternRly https://www.youtube.com/@WesternRly https://bit.ly/WesternRailwayOfficial

બધી આરક્ષિત ટિકિટ માટે આઈડી પ્રુફ રાખવાની કૃપા કરશો

# સામસામા રાહઃ સેન્સેક્સ ૧૧૪ પોઈન્ટ વધ્યો, નિફ્ટી ૨૪,૪૦૦ની નીચે સરક્યો

મુંબઈઃ ગુરુવારે બેન્ચમાર્ક શેરઆંકોમાં વિરોધાભાસી ચાલ જોવા મળી હતી, સેન્સેક્સ લગભગ ૧૧૪ પોઈન્ટ વધ્યો હતો, જ્યારે નિફ્ટી ૪૦ પોઈન્ટથી વધુ ગબડ્યો હતો. ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને ભૂરાજકીય અનિશ્ચિતતાને કારણે રોકાણકારોમાં સાવચેતીનું માનસ રહ્યું હતું. બપોરે ૩ઃ૧૫ વાગ્યા પછી ક્લોઝિંગ ઓક્શન સેશન દરમિયાન લેવાલી નીકળતા સેન્સેક્સને ટોકો મળ્યો હતો. સેન્સેક્સ ૧૧૩.૬૧ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા વધીને ૭૮,૦૭૯.૯૬ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ૭૮,૧૧૯.૩૯ની ઊંચી સપાટી અને ૭૭,૬૬૫.૮૯ની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી સતત ત્રીજા દિવસની પીછેહઠમાં ૪૦.૧૦ પોઈન્ટ અથવા ૦.૧૬ ટકાના ઘટાડા સાથે ૨૪,૩૯૫.૮૫ પર બંધ થયો હતો. સેન્સેક્સમાં ઇન્ટરગ્લોબ એવિએશન, એનટીપીસી, ભારત ઇલેક્ટ્રોનિક્સ, લાર્સન એન્ડ ટુબ્રો, હિંદુસ્તાન યુનિલીવર અને ઇટર્નલ ટોપ ગેઇનર હતા. જ્યારે આઇસીઆઇસીઆઇ બેન્ક, ટાઇટન, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ઇન્ફોસિસ ટોપ લુઝર રહ્યા હતા. નિફ્ટીમાં ટાટા કન્ઝ્યુમર, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ અને એનટીપીસીના શેર સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે હિન્દાલ્કો, આઇસીઆઇસીઆઇ બેંક અને અલ્ટ્રાટેક સિમેન્ટ ઇન્ડેક્સમાં ટોચના ઘટાડા સાથે બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૪૪ ટકાના ઘટાડા સાથે ૮૭.૭૦ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. પ્રાઇમરી માર્કેટમાં ગજા અલ્ટરનેટિવ એસેટ મેનેજમેન્ટનો ૫૫૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૪ ઓગસ્ટે અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૨૬ ઓગસ્ટે થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ.૧૫૨થી રૂ. ૧૬૦ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૯૩ શેર છે. આરડી ઇન્ડસ્ટ્રીઝના શેર બુધવારે તેના રૂ. ૫૩ના ઇશ્યૂ ભાવ સામે ૩૮.૮૬ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૭૩.૬૦ની સપાટીએ લિસ્ટેડ થયા હતા.

# કર્જત અને ખાલાપુર તાલુકામાં વીજ ચોરી





મુંબઈઃ મહાવિતરણના ભાંડુપ સર્કલ દ્વારા વીજળી ચોરી અટકાવવા માટે ચલાવવામાં આવી રહેલી ખાસ ઝુંબેશ હેઠળ, કર્જત અને ખાલાપુર તાલુકામાં વીજળી ચોરો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. ૭ અને ૮ ઑગસ્ટના રોજ અમલમાં મુકાયેલા આ અભિયાનમાં, ખોપોલી અને કર્જત સબડિવિઝનમાં ૩૧ ગ્રાહકો પાસેથી ૫૨ હજાર યુનિટની, લગભગ ૧૫ લાખ રૂપિયાની વીજળી ચોરીનો પર્દાફાશ થયો હતો.

આ ખાસ ઝુંબેશ ભાંડુપ સર્કલના મુખ્ય ઇજનેર શ્રી સંજય પાટીલ અને પેણ સર્કલના અધિક્ષક ઇજનેર શ્રી ધનરાજ બિક્કડના માર્ગદર્શન હેઠળ અમલમાં મૂકવામાં આવી હતી. પનવેલ ગ્રામીણ વિભાગમાં ખાસ વીજળી ચોરી વિરોધી ટીમો બનાવવામાં આવી હતી અને શુક્રવાર અને શનિવારે હોટલ, ફાર્મ હાઉસ અને અન્ય ગ્રાહકોના વીજ જોડાણોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. નિરીક્ષણ દરમિયાન વીજળી ચોરી કરતા પકડાયેલા ૩૧ ગ્રાહકો સામે ભારતીય વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ ની કલમ ૧૩૫ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

નિયમો મુજબ સંબંધિત ગ્રાહકોને વીજળી ચોરીના બિલ જારી કરવામાં આવ્યા છે. જો સદર બિલો નિર્ધારિત સમયગાળામાં ચૂકવવામાં નહીં આવે તો નિયમો મુજબ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને પોલીસમાં કેસ નોંધવામાં આવશે. આ ખાસ ઝુંબેશમાં પનવેલ ગ્રામીણ વિભાગના કાર્યકારી ઇજનેર શ્રી દિવાકર દેશમુખ, અધિક કાર્યકારી ઇજનેર શ્રી સંજય ઠાકુર, નાયબ કાર્યકારી ઇજનેર શ્રી વાઘમોડે, શ્રી કેન્દ્રે, શ્રી રાખ સહિત સહાયક ઇજનેર અને મહાવિતરણની વિવિધ ટીમોના અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો હતો. ■

# સ્થાનિકમાં ચાંદી ₹ ૨૯૮૬ ગબડી, સોનામાં ₹ ૩૪૮ની નરમાઈ

મુંબઈઃ ગઈકાલે અમેરિકાના ફુગાવાના ડેટાની જાહેરાત થયા બાદ ફેડરલ રિઝર્વ આગામી મહિને વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડતાં ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવ એક ટકાના ઉછાળા સાથે વધીને બે મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, આજે લંડન ખાતે ઊંચા મથાળેથી રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૯૮૬નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૭થી ૩૪૮ ઘટી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા નબળો પડ્યો હોવાથી આયાત પડતરોમાં વધારો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીના દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૯૮૬ના ઘટાડા સાથે રૂ. ૨,૩૪,૨૨૮ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૭ ઘટીને રૂ. ૧,૫૨,૪૫૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૪૮ ઘટીને રૂ. ૧,૫૩,૦૭૧ના મથાળે રહ્યા હતા.

# જુલાઈમાં નિકાસ ૧૯.૬૩ ટકા વધી, વેપાર ખાધ વધીને ૩૧.૯૮ અબજ ડૉલર

નવી દિલ્હીઃ ગત જુલાઈ મહિનામાં દેશની નિકાસ ૧૯.૬૩ ટકાના ઉછાળા સાથે ૪૪.૨૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી અને આયાત ૧૭.૫૨ ટકા વધીને ૭૬.૨૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવા છતાં વેપાર ખાધ વધીને ૩૧.૯૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી જુલાઈ દરમિયાન દેશની નિકાસ ૧૭.૦૪ ટકા વધીને ૧૭૩.૭૮ અબજ ડૉલરના સ્તરે અને આયાત ૧૯.૨૭ ટકા વધીને ૨૯૨.૩૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે આયાત-નિકાસના આંકડાઓની રજૂઆત કરતાં વાણિજ્ય સચિવ રાજેશ અગરવાલે પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું કે ગત જુલાઈ મહિનામાં પશ્ચિમ એશિયન દેશોમાં ભારતની નિકાસ ૮.૬૨ ટકા વધીને ૫.૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું જણાવતા નિકાસમાં ગત જુલામાં જોવા મળેલી વૃદ્ધિ મુખ્યત્વે પેટ્રોલિયમ ઉત્પાદનો, ઈલેક્ટ્રોનિક્સ, એન્જિનિયરિંગ અને દરિયાઈ ઉત્પાદનોની નિકાસમાં જોવા મળેલી વૃદ્ધિને આભારી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

## મિડિયમ ગ્રેડની ખાંડે ક્વિન્ટલે ₹ ૫૦૦૦ની સપાટી કુદાવી

નવી મુંબઈઃ મહારાષ્ટ્ર તેમ જ ઉત્તર ભારતની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં તેજીનો અન્ડરટોન જળવાઈ રહ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ભાવમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા કિલોદીઠ રૂ. ૧૦થી ૫૦ની તેજી આગળ ધપી હતી, જેમાં મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૫૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

## ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા ઘટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી અને આયાતકારોની ડૉલરમાં લેવાલી રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસાના ઘટાડા સાથે ૯૫.૪૫ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયાને આંશિક ધોરણે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૩૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૪૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૪૮ અને ઉપરમાં ૯૫.૩૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૨ પૈસાના ઘટાડા સાથે ૯૫.૪૫ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં સાધારણ ત્રણ પૈસાનો સુધારો આવ્યો હતો.

હાલમાં વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકા તથા ઈરાન વચ્ચેની ડીલમાં થઈ રહેલા વિલંબને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યુ હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૯૫.૨૦થી ૯૫.૭૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. ગત જુલાઈ મહિનામાં ખાસ કરીને કાંદા સહિતની રોજીંદી વપરાશી ખાદ્ય ચીજોના ભાવ વધી આવતાં દેશમાં રિટેલ ફુગાવો રિઝર્વ બૅન્કના અંદાજ કરતાં વધીને ૪.૪૫ ટકાની સપાટીએ રહ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૧૩.૬૧ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો, જ્યારે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૪૦.૧૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો.

## ધાતુમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીએ ત્રણ સત્રની તેજીને બ્રેક

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુમાં નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, ચીલીની કોપરની અગ્રણી ઉત્પાદક કંપની એન્ટોફેગેસ્ટાએ વર્તમાન વર્ષ ૨૦૨૬ માટે કોપરનાં ઉત્પાદનનો અંદાજ જે અગાઉ ૬.૫૦ લાખ ટનથી સાત લાખ ટનનો મૂક્યો હતો તે ઘટાડીને ૬.૨૫ લાખ ટનથી ૬.૫૫ લાખ ટનનો મૂક્યો હોવાના અહેવાલો વહેતા થતાં કોપરમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સતત ત્રણ સત્ર સુધી જોવા મળેલા સુધારાને બ્રેક લાગી હતી અને માત્ર બ્રાસની વેરાઈટીઓમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી રૂ. બાવીસ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. આજે મુખ્યત્વે કોપર વાયરબાર, ટીન અને કોપર કેબલ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પાંખી રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બાવીસ ઘટીને રૂ. ૧૪૩૫, રૂ. ૧૯ ઘટીને રૂ. ૫૪૭૫ અને રૂ. આઠ ઘટીને રૂ. ૧૩૫૯ના મથાળે રહ્યા હતા.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| વિભાગ | મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ |
| સબ સેક્શન | સ્ટોર પ્રસ્તાવ |
| બીડ નંબર | GEM/૨૦૨૬/B/૭૯૧૦૬૦૪ |
| વિષય | મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ ખાતે પ્રોગ્રામેબલ પેપર કટિંગ મશીનો (૨નં.) અને થ્રેડ બુક સ્યૂઈંગ મશીનના વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ (AMC)ની જોગવાઈનું કામ. |
| ટેન્ડર ફોર્મનું વેચાણ | તા. ૧૪.૦૮.૨૦૨૬ સમય ૧૧.૦૦ કલાકથી<br>તા. ૨૮.૦૮.૨૦૨૬ સમય ૧૬.૦૦ કલાક સુધી |
| સ્થળ | http://portal.mcgm.gov.in/<br>https://gem.gov.in |
| લાયઝન અધિકારી | |
| A) નામ | શ્રીમતી સ્વપ્ના ઘુલે ડે. મેનેજર, મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ |
| B) ટેલિ. નં. (ઓફિસ) | ૦૨૨-૨૩૦૨૩૪૩૨ |
| C) મોબાઈલ નંબર | ૯૭૦૨૪૯૫૫૪૪ |
| D) ઈમેલ id | dymmp1.mpp@mcgm.gov.in |

સહી/-
મેનેજર
મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ

PRO/1093/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયરિંગ વિભાગ)

ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (B.M.C)ના કમિશનર માટે નીચે આપેલા કામ માટે પૅકેટ- 'A', 'B' & 'C' સિસ્ટમમાં ટકાવારી રેટ ધોરણે ઈ-ટેન્ડર મંગાવે છેઃ-

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| પેટા વિભાગ | E.E.W.W. (સિવિલ) મેઈન્ટેનન્સ |
| ટેન્ડર સંદર્ભ ID | ૨૦૨૬_MCGM_૧૩૨૭૨૩૫ |
| વિષય | 'S' વોર્ડમાં ફિલ્ટર પાડા સર્કલ, આરે કોલોની રોડ, પવઈ, મુંબઈ-૪૦૦૦૮૭ ખાતે પવઈ હાઈ લેવલ રિઝર્વોયર નં. ૧ & ૨ની સામે સ્થિત હાલના રહેણાંક બિલ્ડિંગ A-૧ થી A-૫નું ડિમોલીશન. |
| ટેન્ડર વેચાણ | ૧૪.૦૮.૨૦૨૬ સ. ૧૧.૦૦ ક.થી |
| બીડ વેચાણ અંતિમ તારીખ & સમય | ૨૧.૦૮.૨૦૨૬ સાં. ૧૬.૦૦ ક. |
| બીડ સુપ્રતિની છેલ્લી તારીખ | ૨૧.૦૮.૨૦૨૬ સાં. ૧૬.૦૦ ક. સુધી |
| પ્રી-બીડ મિટીંગ | NA |
| પૅકેટ A ખૂલશે (ઓનલાઈન) | ૨૫.૦૮.૨૦૨૬ સાં. ૧૬.૦૦ ક. |
| પૅકેટ B ખૂલશે (ઓનલાઈન) | ૨૫.૦૮.૨૦૨૬ ૧૬.૧૫ ક. |
| પૅકેટ C ખૂલશે (ઓનલાઈન) | ૦૧.૦૯.૨૦૨૬ ૧૫.૦૦ ક. |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક અધિકારીઃ | |
| A) નામ | શ્રી. જે. પી. સારંગ<br>સબ એન્જિ. W.W. (સિવિલ) મેઈન્ટ.<br>શ્રી. વી.જે. જવાહકર<br>આસી. એન્જિ. W.W. (સિવિલ) મેઈન્ટ. |
| B) ટેલિફોન નં. (ઓફિસ) | ૦૨૨ ૨૫૧૨૬૩૭૬ |
| C) મોબાઈલ નં. | ૯૯૨૦૬૧ ૯૧૪૮, ૮૩૬૯૭૦૭૦૭૪ |
| D) ઈમેલ id | eewwcivilmaintes.he@mcgm.gov.in |

સહી/-
Dy. H. E. (મેઈન્ટ.)

PRO/1073/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨.

ઈ-ટેન્ડર નોટીસ

નં. KEMH/૨૨૯૦/AEME તારીખ. ૧૩.૦૮.૨૦૨૬

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ''આઈટમ રેટ ધોરણે'' નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝીટ રૂ. | બીડ પ્રારંભ તારીખ & સમય | બીડ અંતિમ તારીખ & સમય |
|---|---|---|---|---|
| | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | KEM હોસ્પિટલના પીડિયાટ્રિક્સ OT નં. ૦૧ વિભાગ ખાતે સંલગ્ન કામો સાથે નવી LAFની જોગવાઈ. GEM/૨૦૨૬/B/૭૯૦૦૧૩૨ | રૂ. ૨૦૦૦૦/- | ૧૦.૦૮.૨૦૨૬ (૧૯.૦૦ ક.) | ૨૦.૦૮.૨૦૨૬ (૧૯.૦૦ ક.) |
| ૨ | ટ્રાન્ઝિશનલ કેર યુનિટ (રૂમ નં. ૨) અને ઈનબોર્ન અને આઉટબોર્ન સેકશન (રૂમ નં. ૧) NICU, KEM હોસ્પિટલ ખાતે હોસ્પિટલ ગ્રેડ વોલ ક્લેડીંગ અને મોડ્યૂલર હેન્ડ સેનિટાઈઝેશન સ્ટેશનોની જોગવાઈ અને ફિક્સિંગ. GEM/૨૦૨૬/B/૭૮૯૯૮૮૯ | રૂ. ૨૦૦૦૦/- | ૧૦.૦૮.૨૦૨૬ (૧૮.૦૦ ક.) | ૨૦.૦૮.૨૦૨૬ (૧૮.૦૦ ક.) |
| ૩ | KEM હોસ્પિટલ ખાતે મેડિકલ પ્રયોગશાળા અને વિવિધ ઉપકરણોનું રિપેરિંગ, સર્વિસિંગ અને કેલીબ્રેશન. GEM/૨૦૨૬/B/૭૯૦૦૦૨૯ | રૂ. ૨૦૦૦૦/- | ૧૦.૦૮.૨૦૨૬ (૧૮.૦૦ ક.) | ૨૦.૦૮.૨૦૨૬ (૧૮.૦૦ ક.) |
| ૪ | KEM હોસ્પિટલમાં વિવિધ સ્થળો ખાતે ઓવરહેડ વોટર ટેન્કોની ઓપરેશનલ કન્ડિશનિંગમાં સુધારા. GEM/૨૦૨૬/B/૭૮૮૧૮૧૫ | રૂ. ૨૦૦૦૦/- | ૦૬.૦૮.૨૦૨૬ (૧૪.૦૦ ક.) | ૧૭.૦૮.૨૦૨૬ (૧૪.૦૦ ક.) |
| ૫ | પાત્રતા માપદંડ (પૅકેટ 'A') | શેડયુલ મુજબ | | |
| ૬ | ટેકનિકલ બીડ (પૅકેટ 'B') | શેડયુલ મુજબ | | |
| ૭ | વાણિજિયક બીડ (પૅકેટ 'C') | શેડયુલ મુજબ | | |

ઈચ્છુક ટેન્ડરરે ટેન્ડરની વધુ વિગતો માટે (http://gem.gov.in)ની મુલાકાત લેવી. ટેન્ડરોએ નોંધ લેવી જોઈએ કે આ ટેન્ડર નોટીસ અંગે ઈશ્યુ કરાયેલ કોઈપણ સુધારા (http://gem.gov.in) પોર્ટલ પર પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા જારી અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
A.E. (M & E)
K.E.M. હોસ્પિટલ

PRO/1088/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યર્ચ ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

આસીસ્ટન્ટ કમિશનર, K / પશ્ચિમ, K / પશ્ચિમ વોર્ડ
ઓફિસ બિલ્ડીંગ, ૨જો માળ, પાલીરામ પથ, BEST ડેપો સામે, અંધેરી (પ), મુંબઇ-૪૦૦૦૫૮.
KW/૩૧૮૮૫/ AEM તા. ૧૪-૮-૨૦૨૬

કલમ ૩૦૬ હેઠળ સૂચના

બૃહન્મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની

**પબ્લિક નોટીસ**

જેમ કે કલમ ૬૮ હેઠળ મ્યુનિસિપલ કમિશનરને સોંપવામાં આવેલી સત્તાઓ અને કાર્યો મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમની કલમ ૩૦૬ હેઠળ ઇન્ટરલે જોગવાઇઓ કરવા માટે નીચે સહી કરનારને સોંપવામાં આવ્યા છે.

જેમ કે નીચે દર્શાવેલ પરિશિષ્ટમાં વર્ણવેલ સ્ટ્રીટ યોગ્ય રીતે સમથળ કરાયેલ છે, મેટલ નાખેલ છે અથવા પેવ્ડ કરેલ છે, ડ્રેઇનડ કરાયેલ છે, ચેનલ્ડ કરાયેલ છે અને મારા સંતોષ મુજબ યોગ્ય બનાવેલ છે.

અને જેમ કે ઉપરોક્ત સદર સ્ટ્રીટ પર લેમ્પસ, લેમ્પ, પોસ્ટસ અને લાઇટિંગ માટે આવશ્યક અન્ય એપરેટસ મારા સંતોષ મુજબ જોગવાઇ કરેલ છે.


અને જેમ કે સદર સ્ટ્રીટ ઓફરમાં સમાવિષ્ટ જમીનની બાબતમાં રાજ્ય સરકારને ચૂકવવા પાત્ર તમામ લેન્ડ રેવેન્યૂ ચૂકવાયેલ હતો.

હું આથી, આજ દીન સુધી સુધારેલ મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૮૮૮ની કલમ ૩૦૬ (૧) ની જોગવાઇઓ અન્વયે (MMC) આવી સ્ટ્રીટને પબ્લિક સ્ટ્રીટ જાહેર કરવા માટે નોટીસ આપું છું.

કલમ ૩૦૬ (૨) ની જોગવાઇ અન્વયે, જો આ નોટીસના છપાયાની તારીખથી એક મહિનામાં આવી સ્ટ્રીટ અથવા તેના મોટા ભાગના માલિક ઉપરોક્ત ઉલ્લેખેલ સરનામે નીચે સહી કરનારને લેખિતમાં નોટીસ દ્વારા ઉપરોક્ત ઉલ્લેખેલ સરનામે તેની સામે વાંધો નથી, ઉપરોક્ત સદર સ્ટ્રીટ નીચે પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ ''પબ્લિક સ્ટ્રીટ'' બનશે.

પરિશિષ્ટ

ઉત્તર ખાતે : CTS નં. ૫૩૮/૧૨
દક્ષિણ ખાતે : બહેરામ બાગ રોડ
પશ્ચિમ ખાતે : CTS નં.૫૩૮/૧૧, ૫૩૮/૧૦
પૂર્વ ખાતે : CTS નં. ૫૩૮/૧૩, ૫૩૮/૧૫, ૫૩૮/૧૪.




સહી/-
જોઈન્ટ મ્યુનિસિપલ કમિશનર (Z-IV)

PRO/1100/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



**મેરી આન તિરંગા:** દેશભરમાં કાઢવામાં આવી રહેલી તિરંગાયાત્રાના ભાગરૂપે ગુરુવારે મહારાષ્ટ્રના કરાડમાં કઢાયેલી તિરંગાયાત્રા. (એજન્સી)

# મુંબઈમાં છેલ્લાં ૩૫ વર્ષમાં ભેખડ ધસી પડવાથી ૩૪૦નાં મોત: ૩૦૦થી વધુ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના કુર્લામાં બુધવારે મળસ્કે ભેખડ ધસી પડવાની દુર્ઘટનાનો મૃત્યુ આંક આઠ થઈ ગયો છે ત્યારે છેલ્લાં ૩૫ વર્ષમાં એટલે કે ૧૯૯૩થી ૨૦૨૬ સુધીના સમયગાળામાં મુંબઈના જુદા જુદા વિસ્તારોમાં ભેખડ ધસી પડવાથી ૩૪૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે. તો ૩૦૦થી વધુ લોકો જખમી થયા હોવાનું રાઈટ ટુ ઈન્ફોર્મેશન ઍક્ટમાં ચોંકાવનારી માહિતી બહાર આવી છે.

મુંબઈમાં ફક્ત જોખમી અને જર્જરિત ઈમારતો અને ચાલીમાં જ લોકો રહે છે એવું નથી. મુંબઈના અનેક વિસ્તારોમાં આવેલા ડુંગરાળ વિસ્તારમાં ઊભી થઈ ગયેલી ઝૂંપડપટ્ટીમાં પણ હજારો લોકો જીવના જોખમે રહેતા આવ્યા છે. ખાસ કરીને ઘાટકોપર, કુર્લા, ભાંડુપ, વિક્રોલી સહિતના વિસ્તારમાં ડુંગરાળ વિસ્તારમાં મોટા પ્રમાણમાં ઝૂંપડપટ્ટીઓ આવેલી છે, જેમાં લોકો જીવના જોખમે રહેતા આવ્યા છે.

ચોમાસા પહેલાં મહાનગરપાલિકા, મ્હાડા, સ્લમ રિહેબિટેશન ઓથોરિટી જેવી જુદી જુદી સરકારી ઍજન્સીઓ દ્વારા મુંબઈની જોખમી ઈમારતો અને ડુંગરાળ વિસ્તારમાં આવેલાં ઘરોનું ઈન્સ્પેકશન કરે છે અને ઈન્સ્પેકશન દરમ્યાન જોખમી

(જુઓ પાનું ૪) ▸▸

## ઘાટકોપર મૃત્યુઆંક વધીને આઠ થયો: બચાવ કામગીરી 30 કલાકથી વધુ ચાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાટકોપર પશ્ચિમના અશોક નગરમાં બુધવારે વહેલી સવારના થયેલા ભૂસ્ખલનમાં ગુરુવારે કાટમાળમાંથી ૨૮ વર્ષીય વ્યક્તિનો મૃતદેહ મળ્યા બાદ મૃત્યુઆંક વધીને આઠ થયો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ઘટનાના એક દિવસ બાદ રેસ્ક્યૂ ઓપરેશન દરમ્યાન કાટમાળ હેઠળથી મળી આવેલા મૃતકની ઓળખ સદ્દામ વઝીર અલી ખાન તરીકે થઈ છે, જે બુધવારે સવારે ૩.૩૮ વાગ્યાની આસપાસ ભૂસ્ખલન થયા બાદ કાટમાળ નીચે ફસાયેલા લોકોમાંનો એક હતો.

બુધવારે મળસ્કે ચિરાગ નગરમાં ગૌશિયા ચાલમાં ભેખડ ધસી પડવાને કારણે બુધવાર સુધીનો મૃત્યુઆંક સાત થયો

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈમાં રિમઝિમ વરસાદથી ગરમીમાં રાહત: થાણેમાં આજે યલો અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં બુધવારે વરસાદે બ્રેક લીધા બાદ ગુરુવાર સવારથી ફરી મુંબઈના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદ ચાલુ રહ્યો હતો. આ અઠવાડિયાની શરૂઆતમાં ટૂંકા પણ છૂટાછવાયા વરસાદથી થોડી રાહત થઈ હતી. ભારતીય હવામાન વિભાગ અનુસાર શુક્રવારે થાણે માટે યલો એલર્ટ રહેશે, જ્યારે મુંબઈ અને પાલઘર માટે આગામી ત્રણ દિવસ માટે કોઈ હવામાન ચેતવણી જારી કરવામાં આવી નથી. ગુરુવારે સમગ્ર શહેરમાં વરસાદ વ્યાપક રહ્યો હતો, છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના

(જુઓ પાનું ૪) ▸▸




**એનસીબીનું ઘાટકોપર-વડોદરામાં ઑપરેશન**

## આંતરરાજ્ય ડ્રગ સિન્ડિકેટના બે સભ્ય પકડાયા

### ગુજરાત-મુંબઈથી કફ સિરપ અને ટ્રેમડૉલ ટેબ્લેટ્સ તેમ જ ઘાટકોપરથી ચરસ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)એ ગુજરાતના વડોદરા અને ઘાટકોપર વિસ્તારમાં બે ઑપરેશન હાથ ધરી આંતરરાજ્ય ડ્રગ સિન્ડિકેટ સાથે સંકળાયેલી મહિલા સહિત બેની ધરપકડ કરી હતી. આ ઑપરેશન દરમિયાન કફ સિરપનો સ્ટૉક, ટ્રામાડોલ ટેબ્લેટ્સ અને ચરસ જપ્ત કરવામાં આવ્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

એનસીબીના જણાવ્યા મુજબ ગયા શનિવારે ગુજરાતથી મુંબઈ આવેલી બસમાંથી એન. શેખની ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી કોડીન આધારિત કફ સિરપની ૧,૦૮૦ બૉટલ્સ જપ્ત કરવામાં આવી હતી. ધરપકડથી બચવા આ સિરપ બૉટલનો સ્ટૉક પેસેન્જર બસમાં ગુજરાતથી મુંબઈ લવાઈ રહ્યો હતો. મુંબઈ પહોંચ્યા પછી કફ સિરપની બૉટલ્સ મુંબઈ, ભિવંડી અને આસપાસના વિસ્તારોમાં છૂટક વેચાણ માટે મોકલવાની યોજના આરોપીની હતી.

પકડાયેલા આરોપીની પૂછપરછમાં ગુજરાતનું કનેક્શન સામે આવ્યું હતું. વડોદરાના ડિસ્ટ્રિબ્યુટર દ્વારા કફ સિરપનો સ્ટૉક મુંબઈ મોકલવામાં આવ્યો હોવાનું જણાતાં અધિકારીઓની એક ટીમ વડોદરા રવાના થઈ હતી. એનસીબીની ટીમે વડોદરામાં વિતરક અને તેના ગોદામને શોધી કાઢ્યું હતું. ગોદામમાંથી વધુ ૧૩,૯૩૮ બૉટલ્સ અને ૧૨,૨૪૦ ટ્રામાડોલ ટેબ્લેટ્સ જપ્ત કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપીઓએ આ બૉટલ્સની ગેરકાયદે હેરફેર માટે તેના બૅચ નંબર્સ સાથે ચેડાં કર્યાં હતાં. નાર્કોટિક્સ આધારિત

(જુઓ પાનું ૪) ▸▸

## એફડીએએ કોઈ એજન્ટ નીમ્યા નથી: વેપારીઓને સતર્ક રહેવા સૂચના

મુંબઈ: મહારાષ્ટ્ર ફૂડ ઍન્ડ ડ્રગ એડ્મિનિસ્ટ્રેશન (એફડીએ)એ ગુરુવારે જણાવ્યું હતું કે ફૂડ ઍન્ડ ડ્રગ લાઈસન્સ પ્રાપ્ત કરવા માટે તેમણે કોઈ એજન્ટ, વચેટિયા, થર્ડ પાર્ટી અથવા સંસ્થાની નિયુક્તિ કરી નથી

લાઈસન્સ મેળવવા માટે એજન્ટ કે વચેટિયાની જરૂર નથી અને એફડીએએ આ કામ માટે કોઈને નીમ્યા નથી, એવું એફડીએના કમિશનર તુકારામ મુંઢેએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

દવાના ઉત્પાદકો, હોલસેલર્સ, રિટેઈલર્સ અને ફૂડ બિઝનેસ ઑપરેટર્સે એફડીએ એજન્ટ હોવાનો દાવો કરનારી કોઈ પણ વ્યક્તિ પર ભરોસો કરવો નહીં, એવું તેમણે જણાવ્યું હતું. અમુક ઠગ મહારાષ્ટ્ર એફડીએના એજન્ટ

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

**કુંભમેળાને લગતાં કામ માટેનાં કોન્ટ્રેક્ટને નામે ઠગાઈ**

## ગિરીશ મહાજનના સંબંધીની ધરપકડ

### પ્રધાને તેને 'વંઠેલ વ્યક્તિ' ગણાવ્યો

મુંબઈ: નાશિકમાં આગામી કુંભમેળાને લગતાં કામ માટેના આકર્ષક કોન્ટ્રેક્ટ અપાવવાને બહાને એક વ્યક્તિ સાથે ૨.૧૭ કરોડ રૂપિયાની ઠગાઇ આચરવા પ્રકરણે રાજ્યના પ્રધાન ગિરીશ મહાજનના સંબંધી સહિત બે જણની ધરપકડ કરવામાં આવી હતી.

ભાજપના નેતા મહાજને આરોપીને તેમનો દૂરનો સંબંધી અને 'વંઠેલ વ્યક્તિ' ગણાવ્યો છે અને જો તે કસૂરવાર ઠરે તો કઠોર પગલાં લેવાનું જણાવ્યું છે.

કુંભમેળા માટેના બનાવટી વર્ક ઑર્ડર સંબંધી ૩૦૫ કરોડ રૂપિયાના કથિત કૌભાંડનો પર્દાફાશ થયા બાદ આ ધરપકડ કરવામાં આવી છે.

ધરપકડ કરાયેલા બે જણની ઓળખ ૩૨ વર્ષના તનય મહાજન (મહાજનના સંબંધી) અને નરેન્દ્ર તોતારામ મહાજન (૫૧) તરીકે થઇ હતી, જેમણે કુંભમેળાનાં

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈમાં કનેક્ટિવિટી સુધારવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે મુંબઈ અને તેના મેટ્રોપોલિટન ક્ષેત્રમાં બે મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું અને જણાવ્યું હતું કે એનાથી શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં આવનજાવન અને કનેક્ટિવિટી સુધારવામાં મદદ મળશે.

મુખ્ય પ્રધાને દક્ષિણ મુંબઈના સહ્યાદ્રી ગેસ્ટ હાઉસથી વીડિયો લિંક દ્વારા પ્રોજેક્ટ્સનું ઉદઘાટન

(જુઓ પાનું ૪) ▸▸

## પંજાબના ભૂતપૂર્વ ડેપ્યુટી સીએમ પર હુમલાની નિંદા

મુંબઈ: એનસીપી (એસપી) ના ધારાસભ્ય રોહિત પવાર અને શિવસેના (યુબીટી)ના નેતા અંબાદાસ દાનવેએ ગુરુવારે નાંદેડમાં શિરોમણી અકાલી દળના નેતા અને પંજાબના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન સુખબિર સિંહ બાદલ પર થયેલા હુમલાની નિંદા કરી અને આ ઘટનાની સંપૂર્ણ તપાસની માંગ કરી હતી.

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં પવારે કહ્યું હતું કે બાદલ પરના હુમલાથી મહારાષ્ટ્ર શરમજનક અવસ્થામાં મુકાયું છે અને ભાજપની આગેવાની હેઠળની સરકારની છબી કલંકિત થઈ છે. નાંદેડમાં અકાલી દળના વરિષ્ઠ નેતા અને પંજાબના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન

(જુઓ પાનું ૪) ▸▸

## રિક્ષા-ટેક્સી ડ્રાઈવરો માટે મરાઠી ફરજિયાત બનાવવા કાયદામાં સુધારો કરવાનો પ્રસ્તાવ

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે ટેક્સી અને ઓટો-રિક્ષા ચાલકો માટે મરાઠી ભાષાનું સામાન્ય વપરાશનું જ્ઞાન ફરજિયાત બનાવવા માટે કાયદામાં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ કાયદાનું પાલન નહીં કરનારાના ડ્રાઇવિંગ લાઇસન્સ સસ્પેન્ડ અથવા રદ થવાની સંભાવના છે એમ અધિકારીઓએ જણાવ્યું હતું. રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે બુધવારે જણાવ્યું હતું કે ઓટોરિક્ષા અને ટેક્સી ડ્રાઇવરો માટે મરાઠી શીખવાની ૧૫ ઓગસ્ટની સમયમર્યાદા નહીં

(જુઓ પાનું ૪) ▸▸

### આદેશ ખોટો, આનાથી મુંબઈનો વિકાસ અટકશે: સ.પા.

મુંબઈ : સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અબુ આઝમીએ ગુરુવારે મહારાષ્ટ્ર સરકારના ટેક્સી અને ઓટો-રિક્ષા ચાલકો માટે ૧૫ ઓગસ્ટ સુધીમાં મરાઠી ભાષા શીખવી ફરજિયાત બનાવવાના નિર્ણય સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે આ 'અન્યાય' છે અને તેનાથી મુંબઈની પ્રગતિ રૂંધાશે. મહારાષ્ટ્રના

(જુઓ પાનું ૪) ▸▸

## ગોરેગામમાં ૬૦ રૂપિયાના વિવાદમાં યુવાનને માર મારી પતાવી નાખ્યો: બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હોટેલમાં જમ્યા પછી બિલની રકમમાંથી ૬૦ રૂપિયા ઓછા આપવાને મુદ્દે થયેલા વિવાદમાં બે શખસે મધ્યસ્થી કરનારા યુવાનને માર મારી પતાવી નાખ્યો હોવાની ઘટના ગોરેગામમાં બની હતી. પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી ૨૪ કલાકમાં જ બન્ને આરોપીની ધરપકડ કરી હતી.

ગોરેગામ પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ અજય મુન્ની ઉપાધ્યાય (૩૯) અને વિકાસ દેવરાજ પાસવાન (૨૩) તરીકે થઈ હતી. ગુરુવારના મળસકે ધરપકડ કરાયેલા આરોપીઓને કોર્ટે ૨૩ ઑગસ્ટ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની રાતે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ ગોરેગામ પશ્ચિમમાં પ્રેમનગર ખાતેની સલમાન હોટેલ બહાર બની હતી. આરોપીઓએ

(જુઓ પાનું ૪) ▸▸

## રાજ્યના ૧.૮૦ કરોડ મતદારોના નામ ગાયબ થવાની શક્યતા

### ૨૪ ઑગસ્ટે ચિત્ર સ્પષ્ટ થશે

મુંબઈ: રાજ્યમાં ચાલી રહેલા મતદાર યાદીના ઝીણવટભર્યા સુધારામાં લગભગ ૧.૮૦ કરોડ મતદારોના નામ બાકાત રહેવાની શક્યતા છે અને ડ્રાફ્ટ યાદી ૨૪ ઑગસ્ટે પ્રકાશિત કરવામાં આવશે. મુંબઈમાં પણ કુલ મતદારોના લગભગ ૨૯ ટકા - લગભગ ૩૦ લાખ મતદારોના નામ ડ્રાફ્ટ યાદીમાં નહીં હોય એવી માહિતી રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોક્કલિંગમે આપી હતી. આજ સુધીમાં, વસ્તી ગણતરીના ૭૭.૭૭ ટકા ફોર્મ ડિજિટાઇઝ કરવામાં આવ્યા છે. ૧૮.૪૬ ટકા ફોર્મ સ્વીકારી શકાય એવા નથી. આમાં ગેરહાજર, સ્થળાંતરિત, મૃત અથવા

(જુઓ પાનું ૪) ▸▸




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**